PATHMALA

for

Std V.

by

P. N. Shah. B. A.

Publisher:—Keshavlal D. Talsania,
Bookseller—Limbdi.

Printed by **Bhaimia Alammia Saiyad**
at the *Dharma Vijaya Printing Press*,
Limbdi, and by **Vadilal Keshavlal**
at the *Kesariyaji Printing Press*,
Pankor Naka, Ahmedabad.

Price Eigth Annas.

PATHMALA

for

Std. V


by

Panjidas Naranji Shah B. A.
(English Honours.)
First Assistant Master.
Sir Jaswantsinhji High School; **Limbdi.**

Author of 'Poetical Selections,' 'Paraphrase,' etc.

Price Re. 0—8—0

1922.



First Edition: July 1922.

Printed at
The Dharma Vijaya Printing Press, Limbdi.

Preface.

It seems almost superfluous to affix a preface to a book of this sort which has been written on an entirely novel plan suggested by a sufficiently long contact with students.

As there was a felt want of a book of this sort which would contain grammar and several other things besides exercises for translation, it is hoped a hearty welcome will be accorded to the present edition by those for whom it is intended.

All suggestions will be thankfully received.

1, July 1922.
Limbdi

P. N. S.

મુકરર વ્યક્તિ અથવા અમુક છે. વિશેષ નામને ભાવાર્થ રહિત કહેવાય છે કેમકે તેમાં કાંઇ પણ ગુણ નથી, પરંતુ બીજી વસ્તુઓ-માંથી ખાસ બતાવી આપવા સારૂજ તે વપરાય છે; જેમકે Bombay is a populous city મુંબઇ વસ્તીવાળું શહેર છે. આ વાક્યમાં 'મુંબઇ' એ અમુક શહેર છે અને તે આવું છે એમ બતાવે છે. પણ જો વિશેષ નામમાં કાંઇ પણ ગુણ અથવા ભાવાર્થ બતાવવામાં આવે તો વિશેષ નામ સામાન્ય નામ થઇ જાય છે જેમકે 'Ahmedabad is a Bombay of Gujarat,' અમદાવાદ ગુજરાતનું મુંબઇ છે, એટલે કે જેવું મુંબઇ શહેર ભવ્ય તથા વસ્તીવાળું છે તેવું ગુજરાતમાં અમદાવાદ છે. તેજ પ્રમાણે 'Burke was a Demosthenes of England', 'Dajiraj was a Rama of Wadhwan.'

૩. નામની બીજી જાત 'સામાન્ય નામ' Common Noun છે. સામાન્ય નામ ભાવાર્થસૂચક છે અને તે વસ્તુની જાત અથવા પ્રત્યેક વસ્તુ માટે વપરાય છે; તેમ હોઇને ઘણી વસ્તુઓ માટે બહુ-વચન વપરાય છે. જેમકે 'a river' નદી, 'rivers' નદીઓ.

બહુવચન માટે અંગ્રેજીમાં એવો નિયમ છે કે નામને છેડે વ્યંજન હોય તો 's' પ્રત્યય લગાડવો અને જો નામને છેડે 'o' કે 'y' હોય તો 'es' લગાડવો, અને તેવી રીતે 'es' લગાડવા પૂર્વે 'y' નો 'i' કરવો. પરંતુ નામને છેડે 'a', 'e', 'i', 'u' હોય તો ફક્ત 's' લગાડવો; તેમજ જો 'y' હોય પણ તેવા 'y' પૂર્વે કોઇ સ્વર હોય તો પણ 's' લગાડવો.

જ્યારે નામને છેલ્લે ‘ ss ’ ‘ sh ’ ‘ x ’ અથવા ‘ ch ’ હોય ત્યારે ‘ es ’ લાગે છે, પરંતુ જ્યારે ‘ ch ’ નો ઉચ્ચાર ‘ ક ’ હોય ત્યારે માત્ર ‘ s ’ લાગે છે. જેમકે ‘ mango ’ કેરી, ‘ mangoes ’, ‘ fly ’ માંખી, ‘ flies ’, ‘ church ’ ખ્રિસ્તીનું દેવળ ‘ churches’; પણ ‘ monarch ’ રાજા ‘ monarchs ’, ‘ key ’, ‘ keys ’.

૪. સામાન્ય નામના બહુવચનો ઘણી વખત અનિયમિત રીતે થાય છે તે સંબંધી તમે ઘણું શીખી ગયા છો. કેટલાક નામોના બહુવચન તે તે નામોનાં સ્વરમાં ફેરફાર કર્યાથી થાય છે જેમકે:– ‘ man ’ ‘ men ’, ‘ goose ’ ‘ geese ’, ‘ tooth ’ ‘ teeth ’, ‘ louse ’ જૂં lice. કેટલાક નામોનાં બહુવચન ‘ en ’ લગાડયાથી થાય છે જેમકે:– ‘ ox ’ ‘ oxen ’ ‘ child ’ ‘ children ’, ‘ brother ’ ‘ brothers ’ સગાં ભાઇ ‘ brethren ’ ભાઇઓ, વિગેરે.

૫. નામના બહુવચન કરવા પૂર્વે જો છેલ્લે ‘ f ’ કે ‘ fe ’ હોય તો તેનો ‘ v ’ કરી નાંખી ‘ es ’ પ્રત્યય લગાડવામાં આવે છે.

આ સઘળા સામાન્ય નામના બહુવચન માટે સામાન્ય નિયમો છે અને નિયમમાં અપવાદ (exception) હોય તેમ અહીં પણ છે. તેવા અપવાદો નીચે આપ્યા છે તે ખાસ ધ્યાનમાં રાખવા. કેટલાક નામ ફક્ત બહુવચન (plural) માંજ વપરાય છે, કેટલાક ફક્ત એકવચન (singular) માંજ, કેટલાકનું બહુવચન તેમના તેમ રહે છે, અને કેટલાકના એકવચનમાં બબ્બે અર્થ હોય છે અને કેટલાકના બહુવચન બે રીતે થાય છે પરંતુ અર્થમાં ફેર હોયછે.

૬. નીચેના નામને છેડે 'o' છે તેથી તેનું બહુવચન 'es' લગાડવાથી થવું જોઇએ, પણ તેમ ન થતાં ફક્ત 's' લગાડવાથી થાય છેઃ—canto=સર્ગ; grotto=ગુફા; junto=ખટપટીઉં મંડળ; portico=મંડપ; folio=બેવડા વાળેલા કાગળની ચોપડી; quarto=ચોવડા વાળેલા કાગળની ચોપડી; octavo=એક કાગળના આઠ પાના કરીને વાળેલી ચોપડી; tyro=નવો શીખાઉ; virtuoso=કળા હુન્નરમાં પ્રવીણ; proviso=શરત; studio=વાંચનાલય; વાંચવા માટેની ઓરડી; ફોટોગ્રાફરની રૂમ.

૭. નીચેના નામોમાં બહુવચન કરતી વખતે 'f' નો 'v' ન કરવો. Dwarf=ઠીંગણો માણસ; hoof=ખરી; gulf=અખાત; chief=નાયક; safe=તેજુરી; strife=કજીઓ, cliff=ટેકરી; grief=દુઃખ; proof=સાબીતી; roof=છાપરૂં; serf=ગુલામ; વિગેરે.

૮ નીચેના નામો બહુવચનમાં તેમના તેમ રહે છેઃ–deer, sheep, salmon માછલી, heathen નાસ્તિક, અનાર્ય, series હાર, species જાત. જો તે તે નામના પહેલા 'a' લગાડયો હોય તો તે નામને એકવચન ગણવું અને જો આર્ટીકલ ન લગાડયો હોય તો બહુવચન ગણવું. પરંતુ એક આફ્રિકાનું ઘેટું, બીજું ફ્રાન્સનું, ત્રીજું હિંદુસ્થાનનું એમ મળી જ્યારે કહેવું હોય ત્યારે ઘણીવાર 'these five sheeps of different countries' એમ કહેવાય છે; તેજ પ્રમાણે 'waters of different rivers' કહેવાય છે.

સૂચના—series, species, એ શબ્દો દેખીતા બહુવચન જેવા લાગે છે તેથી ધણીવાર વિદ્યાર્થીઓ તે શબ્દની પૂર્વે આર્ટીકલ લગાડતા નથી. આ ઉપરથી સમજવું કે તે શબ્દો એકવચન તેમજ બહુવચનમાં પણ વપરાય છે, અને જ્યારે એકવચન હોય ત્યારે આર્ટીકલ લગાડવો અને ક્રિયાપદ પણ એકવચનમાં વાપરવું; જેમકે 'Here is a series of pictures'. ગણિત શાસ્ત્ર 'Mathematics'માં તેજ પ્રમાણે છે, પરંતુ ફેર એટલો છે કે તે ફક્ત એકવચનમાંજ વપરાય છે અને તેની પૂર્વે આર્ટીકલ વપરાતો નથી:—ગણિત ઉપયોગી વિષય છે. 'Mathematics is a useful subject'.

૯ નીચેના નામો ફક્ત એકવચનમાંજ વપરાય છે:—furniture; scenery; poetry; offspring; news; issue; dozen; hair; વિગેરે. તેના વાળ કાળા છે, his hair is black. જ્યારે 'ત્રણ વાળ' 'ચાર વાળ' એમ કહેવું હોય ત્યારે 'hairs' થાય છે, પણ 'dozen' ને 's' લગાડવામાં આવતો નથી.

૧૦ નીચેના નામો ફક્ત બહુવચનમાંજ વપરાય છે:—annals=ઇતિહાસ; ashes=રાખ; bowels=આંતરડાં; embers=અંગારા; fetters=બેડી; nuptials=લગ્ન; scissors=કાતર; spectacles =ચશ્મા; thanks=આભાર; tidings=સમાચાર; riches=પૈસો; દોલત; pains=મહેનત; wages=મહેનતાણું; victuals=ખોરાક (સમુદ્રની મુસાફરી માટે); alms=દક્ષિણા.

૧૧ નીચેના નામોના બહુવચન બે રીતે થાય છે પણ તેવા બન્ને બહુવચનના શબ્દોના અર્થમાં ફેર છે:—

Singular.	Plural.
Beef	Beefs=જુદી જુદી જાતના બળદનું માંસ. Beeves=બળધો.
Die	Dies=સીક્કા પાડવાની છાપો. Dice=પાસા.
Genius	Genii=ભૂત. Geniuses=બુધ્ધિમાન પુરૂષો.
Index	Indexes=અનુક્રમણિકા. Indices=ખાત ચિહ્નો.
Shot	Shot=તોપમાં નંખાતા છરા. Shots=તોપના અવાજો.
Staff	Staffs=સમૂહ, શિક્ષકનો સમૂહ વિગેરે. Staves=લાકડીઓ.

૧૨. ઉપરના નામ એવા છે કે એકવચનમાં એના બન્ને અર્થ થાય છે, અને બહુવચનમાં એક એક અર્થ. કેટલાક નામ એવા છે કે એકવચનમાં તેના બે અર્થ થાય છે પરંતુ જ્યારે તે શબ્દનું બહુવચન થાય છે ત્યારે તે એક અર્થમાંજ વપરાય છે.

Singular.	Plural.
Abuse=દુરૂપયોગ; ગાળ દેવી તે	Abuses=દુરૂપયોગ
Wood=લાકડું; જંગલ	Woods=જંગલ
People=લોકો; પ્રજા	Peoples=પ્રજાઓ
Light=અજવાળું; દીવો	Lights=દીવા

૧૩. ઉપરની કલમથી ઊલટું કેટલાક નામ એવા છે કે એક-વચનમાં તેનો એક અર્થ થાય છે, પરંતુ જ્યારે તે શબ્દનું બહુવચન થાય છે ત્યારે તેવા બહુવચનના બે અર્થ થાય છે.

Singular.	Plural.
Pain=દુ:ખ	Pains=દુ:ખ; તકલીફ
Colour=રંગ	Colours=રંગ, વાવટા
Custom=ચાલ	Customs=ચાલ; જકાત
Manner=ઢબ	Manners=ઢબ; રીતભાત
Number=સંખ્યા	Numbers=સંખ્યા; કવિતા
Part=ભાગ	Parts=ભાગ; શક્તિ
Quarter=પા	Quarters=ચોથીઆ; રહેવાનું.
Spectacle=દેખાવ	Spectacles=દેખાવ; ચશ્મા

૧૪. કેટલાક નામ એવા છે કે તેના એકવચન અને બહુવ-ચનના અર્થમાં તદ્દન ફેર હોય છે.

Iron=લોઢું	Irons=બેડી; શૃંખલા
Good=સારૂં; ફાયદો	Goods=માલ
Content=સંતોષ	Contents=હકીકત
Advice=સલાહ	Advices=સમાચાર
Force=તાકાત; જબરજસ્તી	Forces=લશ્કર

Exercises.

(૧) મુંબઇ હિંદુસ્થાનનું લંડન છે. (૨) ઘણી તકલીફ વેઠીને પણ હું તમારૂં કામ જરૂર કરીશ. (૩) આ રીતે કેટલાક ચેન-બાજીમાં પૈસાનો દુરૂપયોગ કરે છે. (૪) તમારા જેવા આશા આપતા અને બુદ્ધિશાળી માણસે રઘુવંશના ઓગણીશે સર્ગ અવશ્ય વાંચવા

જોઇએ, અને આઠમો, નવમો, અને બારમો સર્ગ તો તમારી જીહ્વાગ્રે હોવા જોઇએ. (૫) પ્રોફેસર અભ્યાસનો શોખીન હોઇ પોતાનો સમય તેના વાંચનગૃહમાં ગાળતો. (૬) દરિયાઇ મુસાફરી વખતે દરેક માણુસ પોતાની સાથે વિશેષ ખાવાનું લે છે. (૭) ઓર્લાન્ડો અને રોઝાલીંડના લગ્ન આર્ડનના અરણ્યમાં ઉજવવામાં આવ્યા હતા. (૮) અપચાથી બચવા માટે આંતરડા સાફ રાખજો. (૯) કાલિદાસ અને ભવભૂતિ બુદ્ધિશાળી પુરૂષો હતા; કવિતા અને વિચાર સંકલનામાં કેઇ અંગ્રેજ કવિ તેમનાથી ચડે નહિ. (૧૦) જે માણુસ પોતાના દેશ, સત્ય અને સ્વાતંત્ર્ય માટે મરવું કબુલ કરે છે તે દેશભક્ત કહેવાય છે. એવા દેશભક્તનું નાંમ આખી દુનીઆનાં ઇતિહાસમાં લખાય છે. (૧૧) હિંદુસ્થાનના કેટલાક જુના અને નવા ચાલ સરખાવતાં આપણુને ઘણું શીખવાનું મળે છે. સઘળા જુના રિવાજો સારા કે ખરાબ છે એવો એકપક્ષી ન્યાય કેવળ મૂર્ખાઇ છે. (૧૨) માબાપ તથા ગુરૂની હંમેશા સેવા કરવી જોઇએ, સેવા કરતાં કષ્ટ વેઠવું પડે તો પણુ દીલગીર થવું નહિં. (૧૩) સંતોષી માણુસ સર્વદા સુખી છે કારણુ કે સંતોષ એક પારસમણિ છે. (૧૪) પોસ્ટ માસ્તરને મફત રહેવાનું મળે છે ? (૧૫) ગિરનાર પર્વતની આસપાસનો કુદરતનો દેખાવ ખરેખર રમણીય છે.

—શબ્દો—

ઘણી તકલીફ વેઠવી=To undergo great pains. ચેન બાજી=luxury. આશા આપતો અને બુદ્ધિશાળી માણુસ=A man of parts and promises. આઠમો=eighth. નવમો ninth. બારમો twelfth. જીહ્વાગ્રે=at the tip of one's tongue.

દરિયાઇ મુસાફરી voyage. આર્ડનનું અરણ્ય–the forest of Arden. ઉજવવું to celebrate. અપચાથી બચવું–to save one's self from indigestion. વિચાર સંકલના–a train or series of thoughts. ચડવુ, વિશેષ હોવું to excel, to surpass. મરવું કબુલ કરવું–to be prepared for death. દેશભકત–a patriot. એકપક્ષી one-sided, ન્યાય judgment. કેવળ મૂર્ખાઇ–a sheer folly. સંતોષ—contentment, સંતોષી contented, પારસમણિ a philosopher's stone. મફત રહેવાનું મળવું to get free quarters.

Lesson II.

Nouns (continued).

૧૫. કેટલાક સામાન્ય નામો compound nouns હોય ત્યારે તેવા નામનું બહુવચન મુખ્ય નામનું બહુવચન કરવાથી થાય છે; જેમકે–Governor-general આમાં મુખ્ય પહેલો શબ્દ છે તેથી બહુવચનમાં governors-general; તેવી રીતે sons-in-law જમાઇઓ, step-sons ઓરમાન દીકરા; maid-servants ચાકરડીઓ; fellow-students સહાધ્યાયીઓ; lookers-on પ્રેક્ષકો, જોનારા.

૧૬. અંગ્રજી ભાષામાં કેટલાક શબ્દો બીજી ભાષામાંથી આવેલ છે અને તેથી તે તે ભાષાઓની અસરને લઇને કેટલાક નામના બહુવચન બીજી ભાષા (જેમકે લેટીન વિગેરે) પ્રમાણે થાય છે; તેમાંના કેટલાક નીચે આપ્યા છે જે ખાસ ધ્યાનમાં લેવા.

Singular	Plural
Datum ઉપન્યાસ	Data
Erratum ભુલ	Errata
Formula સૂત્ર	Formulæ
Gymnasium અખાડો	Gymnasia
Madame શેઠાણી	Mesdames
Medium મારફત	Media
Phenomenon દેખાવ	Phenomena
Radius વ્યાસાર્ધ	Radii
Genus પ્રકાર	Genera
Cherub રૂપાળું છોકરૂં	Cherubim
Beau ફાંકડેરાવ	Beaux
Seraph દેવતા	Seraphim

૧૭. જો નામને છેલ્લે 'is' હોય તો તેનું બહુવચન 'is' નો 'es' કર્યાથી થાય છે. Analysis, synthesis, Axis, Basis નું Analyses વિગેરે.

૧૮. સંખ્યાવાચક શબ્દના પછી જ્યારે નામ વપરાય છે ત્યારે તે નામના બહુવચનની નિશાની કોઇ કોઇ વાર કાઢી નાંખવામાં આવે છે ત્યારે તેનો અર્થ જોઇ નીશાની કાઢી નાંખવી. જેમકે 'sevennight '=સાત રાત્રિ=અઠવાડીઊં; પરંતુ 'six night' ન થાય, ત્યાં 's' પ્રત્યય લગાડવોજ જોઇએ. ઉપરનો શબ્દ એક શબ્દ છે એમ ગણવો અને તે પ્રમાણે તે વાપરવો. એટલે કે 'a sevennight', 'a twelvemonth', 'a fortnight' 'two twelvemonths', 'five sevennights', વિગેરે.

૧૯. સામાન્ય નામ નરજાતિ હોય અને તેવા નામને નારીજાતિ બનાવવું હોય ત્યારે શું કરવું તે સંબંધી ખાસ જાણવા જેટલું એ છે કે નારીજાતિ અંગ્રેજીમાં ત્રણ રીતે બને છેઃ—(૧) જુદા શબ્દથી; (૨) આગળ નારીજાતિદર્શક શબ્દ લગાડવાથી (prefix) (૩) પાછળ તેવો શબ્દ લગાડવાથી (suffix).

Masculine		Feminine	
Bachelor કુંવારો		Maid કુમારિકા	
Boy	Girl	Nephew	Niece
Bridegroom વર	Bride કન્યા	Sir	Madam
Brother	Sister	Tailor	Seamstress
Dog	Bitch	Wizard	Witch ડાકણ
Earl	Countess	Widower વિધુર	Widow
Monk	Nun	Washerman	Laundress
Lord	Lady	Viceroy	Vicereine
King	Queen	Horse	Mare
Husband	Wife	Sloven	Slattern

૧૯. અ. Goat બકરો she-goat બકરી; milkman, milk-woman; Pea-cock, pea-hen; school-master, school-mistress.

૧૯. બ. કેટલાક નામની નારીજાતિ 'ess' લગાડવાથી થાય છે, અને 'ess' લગાડવા પૂર્વે કેટલાક શબ્દોના ઉપાન્ત્ય સ્વરો ઉડી જાય છે કેટલાક નામની નારીજાતિ 'ix' 'ine' 'ina' 'a', વિગેરે લગાડવાથી પણ થાય છે.

Mas.	Fem.	Mas.	Fem.
Giant	Giantess	Shepherd	Shepherdess
Author	Authoress	Poet	Poetess
Actor	Actress	Editor	Editress
Negro	Negress	Marquis	Marchioness
Duke	Duchess	Sorcerer	Sorceress
Emperor	Empress	Governor	Governess
Administrator	Administratrix	Director	Directress, Directrix
Hero	Heroine	Czar	Czarina
Sultan	Sultana	Inspector	Inspectress

૨૦. કલમ ૯, ૧૦. માં જણાવ્યા પ્રમાણે કેટલાક નામ ફક્ત એકવચન તથા બહુવચનમાં વપરાય છે તે પ્રમાણે કેટલાક નામ એવા છે જે દેખીતા બહુવચન લાગે પણ એકવચન તથા બહુવચનમાં તેમના તેમ વપરાય છેઃ—gallows ફાંસી, odds તફાવત, means સાધન, Innings ક્રિકેટ મેચમાં પાર્ટીના ટર્ન.

૨૧. નામની ત્રીજી જાત Abstract Nouns ભાવવાચક નામ કહેવાય છે તેવા નામમાં અમુક જાતનો ભાવ અથવા ગુણ હોય છે, જેમકે virtue, pity, grammar, milk, kindness, વિગેરે.

૨૨. નામની ચોથી જાત Collective Nouns સમૂહવાચક અથવા જથ્થાવાચક નામ કહેવાય છે જેમકે 'army', 'fleet' વિગેરે. 'an army of soldiers' સિપાઇઓનું લશ્કર, 'a fleet of ships' વહાણનો કાફલો, આવા શબ્દો સમૂહ અથવા

જથ્થો દર્શાવે છે, 'a gang of robbers,' 'a bunch of keys' etc.

૨૩. નામની પાંચમી જાત Material Nouns પદાર્થવાચક નામ કહેવાય છે, જેમકે 'gold', 'silver,' 'tin,' etc.

૨૪. જ્યારે કોઈ પણ જાતના નામ બહુવચનમાં વપરાય ત્યારે તે નામ સામાન્ય નામ થાય છે, જેમકે 'There were many Shakespeares in India,' 'virtues,' two armies,' 'coppers' (copper coins), 'libraries', etc.

Exercises.

૧ જ્યારે વરસાદ વરસી રહ્યો હોય છે અથવા જ્યારે આકાશમાં મેઘધનુષ દેખાય છે તે વખતે કુદરતના દેખાવો અવશ્ય નિહાળજો. ૨. સૂર્યાસ્ત સમયે ક્ષિતિજમાં જે સોનેરી રંગ દેખાય છે તે તમે કદી જોયો છે ? ૩. જોન ઓફ આર્ક એક શૂરી અને સ્વદેશભક્ત ફ્રેન્ચ સ્ત્રી હતી; તે દૈવી ઉત્સાહની સાક્ષાત્ મૂર્તિ હતી; ૪. સ. ૧૪૩૧માં અંગ્રેજોએ તે બિચારી ૨૦ વર્ષની બાળાને જાદુગર ગણી જીવતી બાળી મૂકી. ૪. કન્યાની સોળ સત્તરની ઉમર ને વરની બાવીસ તેવીસની ઉમ્મર–તેવા લગ્નને હું પસંદ કરૂં છું. ૫. જેની પાસે દ્રવ્ય છે પણ દેશના સારા માટે પ્રયત્ન કરતો નથી, હજારો ભાઇ બ્હેનોને મદદ કરતો નથી, તે દ્રવ્યવાન નથી પણ દ્રવ્યહીન છે. સાધનરૂપ દ્રવ્ય તેની પાસે છેજ નહીં માટે તે ગરીબથી પણ વધારે ગરીબ છે, તે કદરી છે, દયાને પાત્ર છે. ૬ સાઇકોરેક્સ એક ડાકણ હતી; તેણીએ ઘણા દેવતાઓને ઝાડના થડમાં પૂરી દીધા હતા. ૭. આધુનિક અભ્યાસક્રમ અને શિક્ષણપધ્ધતિમાં કાંઇક

ફેરફારની જરૂર છે. ૮, પ્રાચીન સમયમાં હિંદુસ્થાનની સ્થિતિનું તમને કાંઈ જ્ઞાન છે ? ૯. કસરતશાળામાં શારીરિક વ્યાયામ પર વિદ્યાર્થીઓ ધ્યાન આપે છે કે કેમ તે દરેક શિક્ષકે ખાસ જોવું જોઈએ. ૧૦ પ્રાણિ–હિંસા કરવી, ચોરી કરવી, જુઠું બોલવું, વચન-ભંગ કરવો, વિશ્વાસઘાત કરવો વિગેરે મહાપાપ છે. ૧૧. જ્યારે ઑર્લાન્ડો દ્વંદ્વયુધ્ધ માટે તૈયાર થયો ત્યારે પ્રેક્ષકો એમ માનતા કે એ ખચીત હારી જશે. ૧૨. તમારા સહાધ્યાયીઓને મદદ કરવી એ તમારી ખાસ ફરજ છે. ૧૩. વિધવા થયા પછી જર્ટ્રુડ તેણીના પતિના ભાઈ અને ખૂનીને પરણી તેથી તેણીનો દીકરો હેમ્લેટ એમ ધારતો કે કદાચ તેના બાપનું ખૂન કરનાર તેની મા હશે. ૧૪ અહલ્યાબાઈ એક કુશળ રાજ્યકર્તા હતી. ૧૫. કોઈપણ યુવકનું મૃત્યુ થવાથી તેના સગાં સ્નેહીઓ દિલગીર થાય એ સ્વાભાવિક છે, કારણ કે યુવકનું મૃત્યુ એટલે આદર્શનું મૃત્યુ, આદર્શનું મૃત્યુ એટલે આશાનું મૃત્યુ. ૧૬. ગુણ પ્રયત્નમાં છે, ફતેહમાં નથી. ૧૭. આપણા લોકમાં દેશ હિત ઉત્સાહ કેળવવા કોશીશ કરો. એ ગુણ કેળવ્યાથી રૂડાં કાર્ય કરવાં કઠણ નહિ પડે. ૧૮. વનરાજ ખોવાઈ ગયો છે એવા સમાચાર સાંભળી સુરપાળ તુરત તેની બેન પાસે આવ્યો અને તે તેની બેન રૂપસુંદરીને હીંમત આપવા તથા આશ્વાસન દેવા લાગ્યો. ૧૯. ઓગણીસમી સદીમાં ઇંગ્લાંડમાં ગેસ્કલ નામની એક લેખક હતી; તેણીએ 'મૂરલેન્ડ કૉટેજ' નામની નવલકથા લખી છે જેમાં 'મેગી'નું પાત્ર સારૂં છે, અને તે 'મેગી' છેવટે તેણીના પ્રેમપાત્ર 'ફ્રેન્ક'ને પરણે છે. ૨૦ બીજી અંગ્રેજ સ્ત્રી–લેખકો ઘણી થઈ ગઈ છે, જેમાં મેરી કૉરેલી, ઇલીઅટ, જેઇન ઑસ્ટેન વિગેરે મુખ્ય છે.

—શબ્દો—

મેઘધનુષ—a rainbow. અવશ્ય નિહાળજો—do observe. ક્ષિતિજ—horizon. સોનેરી રંગ—a golden hue. જોન ઑફ્ આર્ક Joan of Arc. શૂરી અને સ્વદેશભક્ત—brave and patriotic (adj). દૈવી ઉત્સાહની સાક્ષાત્ મૂર્તિ=divine enthusiasm incarnate. જીવતું બાળી મુકવું—to burn one alive. સોળ સત્તરની—of about sixteen or seventeen. કઠ્ઠરી=a miser. દયાપાત્ર—an object of pity. સાઇકોરેક્સ—Sycorax. થડમાં પૂરી દેવું—to confine in the trunks આધુનિક—present (adj). અભ્યાસક્રમ—the curriculum (plur. curricula) of studies. શિક્ષણપદ્ધતિ—system of education. કાંઇક ફેરફારની જરૂર છે—to need some change, there is a need of etc. in. શારીરિક-વ્યાયામ—physical exercise. ધ્યાન આપવું—to pay heed to. ખાસ—particularly (adv.) વચનભંગ કરવો—to break the promise. વિશ્વાસઘાત કરવો—to be treacherous. ઑર્લાન્ડો Orlando. દ્વંદ્વ યુદ્ધ—a duel (dual=દ્વિવચન) ને માટે તૈયાર થવું—to prepare one's self for. ત્યારે ...જશે—the lookers-on (beholders) thought that he would certainly be killed. ખાસ ફરજ—a bounden duty. જર્ટ્રુડ Gertrude. હેમ્લેટ Hamlet. ખુન કરનાર—a murderer (fem. a murderess) સગાં સ્નેહી—kith and kin. સ્વાભાવિક—natural (it is natural that—) અત્યંત દિલગીર extremely sorry. આદર્શ an ideal. 16. The

virtue lies in struggle, not in prize. દેશહિત ઉત્સાહ public spirit. કેળવવું to cultivate. કઠણ નહિ પડે it will not be hard to (verb). ખોવાઇ ગયો છે is missing. હિંમત આપવી to comfort. આશ્વાસન દેવું to console. ઓગણીશમી સદી–the nineteenth century. ગેસ્કલ Mrs Gaskell. મુરલેન્ડ કોટેજ Moorland Cottage. મેગી Maggie. ફ્રેન્ક Frank. પ્રેમપાત્ર a lover. નવલકથા a novel. ઘણી થઇ ગઇ છે there were many other. Jane Austen, George Eliot, Marie Corellie મુખ્ય chief (adj) પાત્ર character (character નો બીજો અર્થ 'ચાલચલગત').

Questions.

1. Define Pathmala, English Pathmala, Grammar, English Grammar and Proper Nouns.
2. Give the Plurals of:—Maid-servant, Maid-of-honour, Man-servant, Commander-in-chief, hand-kerchief, German, Frenchman, lily.
3. Give the Feminines of:—Host, God, land-lord, Mr, Viceroy.
4. Give the meanings of the plurals of:—letter, Iron, Content, force.

Lesson III.

Adjectives and Pronouns.

૨૫. નામને મર્યાદિત કરવા માટે વપરાતા શબ્દને *વિશેષણ (an adjective) કહેવાય છે. જેમકે 'પુસ્તકો વાંચો' અને 'સારા પુસ્તકો વાંચો.' વિશેષણ ચાર જાતનાં છે (૧) Qualitative ભાવ વાચક, (૨) Quantitative જથ્થા વાચક, (૩) Pronominal સર્વનામ સૂચક, (૪) Proper વિશેષ નામ સૂચક.

૨૬. Qualitative adjective:—happy, good, large, rich, virtuous, etc, (૨) Quantitative adjectives જથ્થો તથા સંખ્યા બતાવે છે, જેમકે, much, small, no, enough, half, seven, second, double. (૩) Pronominal adjectives ને સગવડ ખાતર 'સર્વનામસૂચક' એવું નામ આપીએ છીએ, અને તેથી ખાસ યાદ રાખવું કે એવા વિશેષણોની પછી જ્યારે વિશેષક શબ્દો ન હોય ત્યારે તેને સર્વનામ લેવા. Pronominal adjectives ૭ જાતનાં છે:——(૧) Demonstrative (દર્શક), this, that, same, yonder, (૨) Relative (તત્પદાપેક્ષક); what, which; (૩) Interrogative (પ્રશ્નાર્થ); which, what; (૪) Possessive (સંબંધક); my, thine, your; (૫) Indefinite (અનિશ્ચિત); other, certain; (૬) Distributive (વિયોજક); each, every, either, neither.

સૂચના:—Latter, previous, former એવા વિશેષણને પણ Pronominal માં ગણવા. Distributive ને Pronominal માં

સગવડ ખાતર ગણેલ છે જોકે તેને વૈયાકરણિકો Quantitative માં મૂકવો વધુ પસંદ કરે છે. (૪) Proper adjectives વિશેષ નામ પરથી વિશેષણ બનાવ્યાથી થાય છે, જેમકે Victorian, Elizabethan, Shakesperian, etc.

૨૭. Comparative Degree અને Superlative Degree નિયમ પ્રમાણે ફક્ત Qualitative adjective અથવા adverbની થાય છે, અને much, small, little, few, many એવા quantitative adjectiveની થાય છે. Adj. of comp. degreesની પછી ' than ' આવે, અને superlative degree વાળા વિશેષણ પછી ' of ' અથવા કોઇ વાર ' in ' કે 'among' વપરાય છે.

૨૮. અંગ્રેજીમાં થોડાક એવા qualitative adjectives છે કે જે ફક્ત comparative degree માંજ વપરાય છે અને તેની બીજી degree પણ નથી. જેમકે, superior, inferior, prior, senior, junior, etc. આવા શબ્દો પછી 'than' ને બદલે 'to' વપરાય છે એ ખાસ ધ્યાનમાં રાખવું.

૨૯. નામને બદલે વસ્તુ અથવા વ્યક્તિ દર્શાવવા માટે જે શબ્દ વપરાય છે તેને Pronoun સર્વનામ કહેવાય છે. સર્વનામ ૯ જાતના છે. (૧) Personal Pronoun (પુરૂષવાચક સર્વનામ) ત્રણ જાતના છે:-first personal, second personal, third personal; જેમકે I, she, her, me, them, thee, etc. (૨) Demonstrative pronoun (દર્શક)-this, that, such, etc. (૩) Possessive pronoun (સંબંધક):-yours, mine, theirs, hers, etc. (૪) Relative pronoun (તત્પદાપેક્ષક):-

who, which, that, as, etc. What=that+which (compound relative pronoun). જ્યારે but નો અર્થ that+not થાય ત્યારે તે relative negative pronoun કહેવાય છે. (૫) Interrogative Pronoun (પ્રશ્નાર્થ)–who, which, what. (૬)Distributive pronoun(વિયોજક)each,either,neither. (૭) Indefinite Pronoun (અનિશ્ચિત)–aught, some, any, etc.(૮)Reflexive Pronoun (સ્વવાચક):–myself, themselves, etc. જ્યારે આવો સર્વનામ, નામ અથવા સર્વનામની સાથે કર્તા તરીકે આવેછે ત્યારે તેને Emphatic Reflexive Pronoun કહેવાય છે, જેમકે "I myself do not know that.' આમ ન હોય ત્યારે સાદું Reflexive કહેવું–'he will harm himself,' (૯) Reciprocal Pronoun(પરસ્પરાનુવર્તી)each other, one another. જ્યારે 'ગમે તે' એવી જાતના ભાવાર્થવાળા શબ્દો અંગ્રેજીમાં વાપરવા હોય ત્યારે આપણે "whoever' 'whatever' 'whomsoever' વિગેરે કહીએ છીએ. આવા શબ્દો Relative Pronoun છે. 'What'નું parsing 'compound relative pronoun' compounded of that+which એમ કરી પછી બન્ને શબ્દોનું જૂદું વ્યાકરણ કરવું. તેજ પ્રમાણે જ્યારે butનો અર્થ that not હોય ત્યારે પણ જૂદું જૂદું લેવું. યાદ રાખવું કે 'not' હંમેશાં ક્રિયાવિશેષણ તરીકે અને 'no' વિશેષણ તરીકે (negative adjective) વપરાય છે. 'જે માણસ,' 'જે,' વિગેરેનો ' a man who,' 'one who,' 'he who' એમ તરજુમો કરવો.

Exercises.

(૧) માણસને આશા ઉપર બેસી રહેવાની જરૂર નથી. જે આશા ઉપર બેસી રહે છે તે ભૂખે મરે છે. મહેનત વિના ફળ નથી.

ને જેને ધંધો છે તેને ધન તથા આબરૂનો હક્ક છે. ઇશ્વર ઉદ્યોગીને મદદ કરે છે. (૨) ઉદાર દિલનો માણસ કોઇના ઉપર વેર રાખતો નથી, અને જે બુરૂં કરે તેનું પણ ભલું કરે છે. ખરી બહાદુરી વેર વાળવામાં નથી, પણ ક્ષમા કરવામાં છે. ક્ષમા એ વીરનું ભૂષણ છે, એ કહેવત બરાબર છે. (૩) નૈતિક બળ એટલે શું ? સાધારણ રીતે લોકો શૂરવીરપણું એટલે લડાઇમાં બતાવાતું શૂરવીરપણું સમજે છે. ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીને, ધર્મ અને નીતિને દ્રઢતાથી વળગી રહીને, જીવની જરા પણ દરકાર ન કરતાં સંકટમાં પોતાની ફરજ બજાવવી, એ ખરૂ શૂરવીરપણું છે. (૪) જે માણસ મનને નિયમમાં રાખી શકતો નથી તે ઇચ્છાઓ રોકી શકતો નથી, લાલચો દૂર કરી શકતો નથી, અને અઘરાં કે મહેનત પડે તેવાં કામોમાં ફત્તેહ મેળવી શકતો નથી. (૫) એક જણ કરોડો યોદ્ધાઓને સંગ્રામમા જીતે, અને એક જણ પોતાના આત્માને જીતે —તો તેમાં આ બીજો જય મ્હોટો છે. (૬) મનુષ્યને કર્યાં કર્મ ભોગવ્યા વિના છુટકો નથી, માટે સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રય દરેકે પ્રાપ્ત કરવા. (૭) મોઝીઝ (Moses) એ યાહુદી ધર્મના આદ્ય આચાર્ય છે. તે ઇજીપ્તમાં જન્મ્યા હતા. એક એવી દંતકથા છે કે જ્યારે તેમનો જન્મ થયો ત્યારે ઇજીપ્તના રાજાએ એવો ઢંઢેરો કાઢયો હતો કે છોકરી જન્મે તેને જીવતી રાખવી અને છોકરા જન્મે તેટલાને નદીમાં નાંખી દેવા ! મોઝીઝની માતાએ ત્રણ મહિના નો પોતાના બાળકને સંતાડી રાખ્યું પણ પછી જુલ્મી રાજાથી બ્હીને એણે બાળકને એક પેટીમાં મૂકીને નદીમાં નાંખી દીધું. તેજ દિવસે રાજાની દીકરી નદીએ ન્હાવા ગઇ હતી, ત્યાં તેણે એ પેટી દીઠી, બહાર કઢાવીને ઉઘડાવી અને અંદર જોયું તો એક બાળક નજરે પડયું ! એણીને બાળક પ્રત્યે દયા આવી, અને એ બાળક

યાહુદી છે એમ લાગવાથી એક યાહુદણ ધાવ રાખવાને પોતાની દાસીને હુકમ કર્યો. એ દાસી મોઝીઝની બ્હેન થતી હતી એ કોઇ જાણતું ન હતું. એણે મોઝીઝની માને ધાવ તરીકે રખાવી, અને માતાના દૂધથી, કોઈ ન જાણે એમ, મોઝીઝ ઉછર્યા અને મ્હોટા થયા. એક દિવસ એક યાહુદીને કોઇ ઇજીપ્શ્યન મારતો હતો એ દેખાવ એમનાથી જોઇ રહેવાયો નહિ, અને તેથી એમણે ગુસ્સે થઇ એ ઇજીપ્શ્યનને મારી નાંખ્યો. આથી રાજ્યમાં બહુ ખળભળાટ થઇ ગયો. મોઝીઝને ઇજીપ્તમાં રહેવું દુરસ્ત ન લાગ્યું. પોતાના જાતભાઇઓને એકઠા કરી, રાતો સમુદ્ર ઓળંગી, તે સૌને સામે કાંઠે લઇ ગયા. સમુદ્રે મોઝીઝને માર્ગ આપ્યો અને ઇજીપ્તનું લશ્કર જે એમની પૂંઠે પડ્યું હતું તેને ગળી લીધું. મોઝીઝે સિનાઇ પર્વત ઉપર પ્રભુ યહોવાહના પવિત્ર દર્શન પ્રાપ્ત કર્યાં. (૮) એક નાનકડી મીણબત્તી તેનું પ્રકાશ કેટલે દૂર સુધી પ્રસારે છે, તેજ પ્રમાણે પાપી દુનિયામાં સુકૃત્ય પ્રકાશે છે. (૯) જ્યારે એરીઅલે પ્રોસ્પેરો પાસે પોતાના સ્વાતંત્ર્ય માટે અરજ કરી ત્યારે પ્રોસ્પેરોએ તેને કહ્યું, "જે મહા દુઃખમાંથી મેં તને મુક્ત કર્યો તે તું ભૂલી ગયો છું?" (૧૦) તમારા પિતા શું ધંધો કરે છે, તમે કયાં સુધી અભ્યાસ કર્યો છે, કયાંથી આવો છો અને આગમન હેતુ શું છે એ મને કહેશો?

—Notes—

ને જરૂર હોવી–to need; બેસી રહેવું, ના પર આધાર રાખવો–to depend upon. ભૂખે મરવું to starve. મહેનત વિના ફળ નથી nothing venture, nothing have; no pains, no gains. ધંધો business, આબરૂ reputation, નો હક હોવો–

to have a claim to. ઇશ્વર ઉદ્યોગીને મદદ કરે છે, ' હિંમતે મર્દા તો મદદે ખુદા God helps those who help themselves. ઉદાર દિલનો noble-minded વેર spite વેર રાખવું to harbour spite against બુરૂં કરનારનું ભલું કરવું to do good to an evil-doer. વેર વાળવું-to wreak vengeance, to retaliate વીર-a hero ભૂષણ an ornament, embellishment. કહેવત a proverb બરાબર quite true. નૈતિક બળ Moral courage; moral strength એટલે શું what is meant by. સાધારણ રીતે generally શૂરવીરપણું courage, bravery ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીને by trusting in the Lord ધર્મ religion નીતિ morality દ્દઢતાથી firmly વળગી રહેવું to adhere to. જરાપણ even a little, a fig. દરકાર કરવી to care for નિયમમાં રાખવું to keep in control લાલચ દૂર કરવી to resist the temptations રોકવું to prevent મહેનત પડે તેવા laborious, hard ફત્તેહ મેળવવી to succeed. એક જણ જીતે if one would conquer. આત્મા the soul, self બીજો જય the latter conquest તેમાં મ્હોટો છે is the greater of the two, is gtreater than the former. કર્યાં કર્મ ભોગવ્યા વિના છુટકો નથી cannot help reaping the fruits of the actions સમ્યગ્ જ્ઞાન Right Knowledge સમ્યગ્ દર્શન Right Faith સમ્યગ્ ચારિત્ર Right Action રત્નત્રય those three jewels યાહુદી a Jew આદ્ય આચાર્ય the First Prophet, ઇજીપ્ત Egypt દંતકથા a tradition ઢંઢેરો કાઢવો to make

a proclamation જીવતું રાખવું to keep alive સંતાડી રાખવું to hide (impf. hid) જુલ્મી tyrannical (n. a tyrant. જુલમ tyranny જુલમ કરવો to tyrannize) બ્હીવું to be afraid of તેજ દિવસે that very day (‘ very ’ used as a Demonstrative adj. in the sense of ‘ same ’) ના પ્રત્યે દયા આવવી to feel pity for યાહુદણ a Jewess ધાવ a nurse રાખવું to engage, to employ ને હુકમ કરવો to order ઉછર્યો અને મ્હોટો થયો was reared and brought up. ઇજીપ્શ્યન an Egyptian દેખાવ જોઇ રહેવાયો નહિ could not brook the sight ખળભળાટ agitation દુરસ્ત safe જાત ભાઇઓ fellow-brethren, co-religionists ગળી જવું to swallow, to engulf સિનાઇ પર્વત the Mount Sinai યહોવાહ Jehovah. 8 How far a little candle throws its beams, so shines a good deed in a naughty world. એરીઅલ Ariel પ્રોસ્પેરો Prospero સ્વાતંત્ર્ય liberty. જે......ભૂલી ગયો છું Have you forgotten what a torment I freed you from. (અંગ્રેજીમાં આ પ્રમાણે ‘ what ’ વપરાય ત્યારે તેને Relative Adjective કહેવાય છે અને ત્યારે તેનો ઉપયોગ such ની માફક થાય છે. ઉપસર્ગ ‘ from ’ જોકે ‘ torment ’ ને લાગે છે છતાં આ પ્રમાણે છેલ્લું મુકાય છે, યાદ રાખવું કે ઉપવાક્યમાં પ્રશ્નાર્થ કાઢી નાંખવો, ‘ did I free ’ એમ ન થાય.) તમારા પિતા શું ધંધો કરે છે ? what does your father do ? આખું વાક્ય આ પ્રમાણે થશે—Will you

tell me what your father is, how far you have studied, where you come from, and what the reason for your coming here is ? આવા વાક્યો પર ખાસ લક્ષ આપવું. 'તે શું ધંધો કરે છે? તેના માટે 'what is he'?' એમ પણ કહેવાય છે.

Lesson IV.

The Verbs (ક્રિયાપદ)

૩૦. ક્રિયાપદ એટલે જે કાંઇ કહેવામાં આવ્યું છે તે. ક્રિયાપદ વિના વાક્ય અપૂર્ણ રહે છે. ક્રિયાપદ બે જાતના છે,–transitive સકર્મક અને intransitive અકર્મક. તેના બે ભેદ છે–active voice મૂળભેદ અને passive voice સહ્ય ભેદ. તેના ચાર વાચ્ય (mood) છે–the Indicative mood નિશ્ચયાર્થ, the Imperative આજ્ઞાર્થ, the Subjunctive mood સંશયાર્થ, the Infinitive mood સામાન્ય.

૩૧. અકર્મક ક્રિયાપદોનું જ્યારે causal formation' થાય છે ત્યારે તે ક્રિયાપદો causative verbs કહેવાય છે અને સકર્મક તરીકે વપરાય છે–જેમકે 'he felled the tree.'

૩૨. અંગ્રેજીમાં કેટલાક ક્રિયાપદોને 'factitive verbs' કહેવાય છે. તેવા ક્રિયાપદો જેવાકે 'to make,' 'to appoint' 'to call' 'to name' વિગેરેને બે કર્મ હોય છે જેમકે 'he made him a prime minister,' 'you called him a fool,' etc.

33. Factitive verbs સિવાય બીજા કેટલાક ક્રિયાપદો છે જેવા કે 'to give,' 'to tell,' 'to teach,' 'to send,' 'to show' વિગેરે, કે જેને પણ બે કર્મ આવે છે, તેમાં જે શખ્સને માટે કહેવામાં કે કરવામાં આવ્યું હોય તેને 'indirect object' અને જે વસ્તુ કહેવામાં કે કરવામાં આવી હોય તેને 'direct object' કહેવાય છે.

સૂચના:—'you called him a fool' એમાં 'fool' factitive object; 'I shall give you five rupees' એમાં 'you' 'indirect object' અને 'rupees' 'direct object.' 'They ran a race,' 'he dreamt a dream,' 'he died a happy death' એવા વાકયોમાં ક્રિયાપદને અનુસરતાં અને એજ અર્થવાળા કર્મો આવે તેને 'cognate object' કહેવાય છે.

3૪. કેટલાક ક્રિયાપદો Impersonal verbs કહેવાય છે તે 'meseems,' 'methinks,' 'it rains' વિગેરે છે.

૩૫. સીધી રચના વાપરવી હોય ત્યારે કોઇ કોઇ વાર ક્રિયાપદને કર્તા પહેલાં મૂકવામાં આવે છે, જેમકે "If he goes to Bombay" said I, "why should he not go to Poona?" અંગ્રેજીમાં 'quoth' એટલે 'said' હંમેશાં કર્તા પહેલા વપરાય છે, અને વિશેષ ભાગે તે ક્રિયાપદ કવિતામાં વપરાય છે. તે ભૂતકાળ જ છે.

3૬ 'Be' 'shall' 'will' 'can' 'may' વિગેરે ને અંગ્રેજીમાં 'Auxiliary verbs' સહાયકારક ક્રિયાપદ કહેવાય છે, એટલે કે મુખ્ય ક્રિયાપદ Principal verb ના વાચ્ય અને

કાળ બનાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે, , Do ' ક્રિયાપદ પણ તેવી રીતે વપરાય છે અને ત્યારે ક્રિયાપદ ભારસૂચક બને છે—' I do read ' ' he did go ' etc.

૩૭

Present..	Past.	P. Participle
Bear લઇ જવું, સહન કરવું	Bore	Borne
Bear જન્મ આપવો	Bore	Born
Bid ફરમાવવું	Bade, bid	Bidden, bid
Dare હીંમત કરવી	Durst, dared	Dared
Fall પડી જવું	Fell	Fallen
Fell પાડી નાંખવું	Felled	Felled
Fly ઉડવું, ઉડાડવું	Flew	Flown
Flee નાસી જવું	Fled	Fled
Flow વહેવું	Flowed	Flowed
Hang ટીંગાડવું	Hung	Hung
Hang ફાંસી દેવી	Hanged	Hanged
Lie પડયા રહેવું	Lay	Lain
Lie જુઠું બોલવું	Lied	Lied
Lay મૂકવું	Laid	Laid
Lose ખોઇ નાંખવું	Lost	Lost
Loose ઢોલું મૂકવું	Loosed	Loosed
Swim તરવું	Swam	Swum
Write લખવું	Wrote	Written
Shake ધ્રુજવું	Shook	Shaken

Wake જાગવું	Woke	Woke
Wake જગાડવું	Waked	Waked
Sow વાવવું	Sowed	Sowed, sown
Sew શીવવું	Sewed	Sewed, sown
Work	Worked, wrought	Worked, wrought

Exercises

૧. કોઇ પણ શખ્સ પોતાના માટે અથવા પોતાના સગીર સગાં તરફથી પોસ્ટ ઑફીસ સેવીંગ્ઝ બેંકમાં નાણા મુકી શકે છે. ૨, હવે અનાજ તો થઇ રહ્યું, અને જીવતાં રહેલાં માણુસોને કોઇ પણ જાતનો ખોરાક તો જોઇએ, માટે કેટલાંએક ઝાડનાં ફળ ખાઇને જીવતાં અને કેટલાંએકને ત્યાં ગાય ભેંસો હતી તેઓ દુધ પીને રહેતાં. ૩.છેવટે કિલ્લામાં જ્યાં કરણુરાજા, ભીમદેવ, દેવળદેવી તથા મુખ્ય સામંતો અને બીજા સરદારો રહેતા હતા તેઓને વાસ્તે તે કિલ્લાના કોઠામાં કેટલુંક અનાજ ભરી રાખેલું હતું તેમાંથી તેઓ થોડું થોડું વાપરતા, અને એ પ્રમાણે કરકસર કરી તેઓએ અનાજ અત્યાર સુધી પહોંચાડયું હતું. ૪, વીરનર ! મનમાં સાહસ રાખ અને અભિમાન ધર કે તું એક ભારતવાસી છે: અભિમાનપૂર્વક કહે કે, " હું ભારતવાસી છું, પ્રત્યેક ભારતવાસી જન મારો સહોદર છે. ભારતવર્ષનો જનસમાજ મારી બાલ્યાવસ્થાનું પારણું છે, મારી યુવાવસ્થાનું આનંદોદ્યાન છે, અને મારી વૃદ્ધાવસ્થાનો પવિત્ર એકાંતવાસ છે. " ૫. આ જગત્‌માં મનુષ્યોના ત્રણ વર્ગ છે તેમાં વિશેષ સંખ્યા નીચ વર્ગની છે અને અલ્પતર સંખ્યા ઉત્તમ વર્ગની છે. મધ્યમ વર્ગમાંના મનુષ્યોની સંખ્યા પણ માત્ર ઠીક ઠીક છે. ૬. જો આપણે સ્વદેશી વસ્તુઓ વાપરીએ તો આપણા દેશનું ધન

આપણા દેશમાંજ રહે, તેથી આપણા લોકોને બહુજ ફાયદો થાય અને આપણો દેશ આબાદ થાય; પણ એને બદલે જો આપણે પરદેશી વસ્તુઓ વાપરીએ તો આપણા દેશનું ધન પરદેશમાં ચાલ્યું જાય, તેથી આપણે ગરીબ થઇ જઇએ. ૭. પોતાના દેશના કોઇ પણ માણસને દુઃખી જોઇને પોતાના અંતઃકરણમાંથી બહુ દુઃખી થવું અને તેનું દુઃખ મટાડવા માટે પોતાથી બની શકે એવા ઉપાયો કરવા તેનું નામ સ્વદેશપ્રેમ છે.

Notes.

કોઇ પણ શખ્સ any person ને માટે, on one's behalf સગીર a minor પોસ્ટ......નાણા મુકવા to deposit money in the Post Office Savings Bank. થઇ રહેવું to be exhausted જોઇએ must have ખાઇને જીવવું to live on કિલ્લો a fortress મુખ્ય સામંતો chief warriors સરદાર a leader થોડું થોડું વાપરવું, કરકસર કરવી to husband out, to use thriftily કરકસર thrift, husbandry, economy. અત્યાર સુધી uptil now વીરનર hero! મનમાં હિંમત રાખ take courage અભિમાન ધર be proud સહોદર brother ભારતવર્ષનો જનસમાજ India's Society પારણું a cradle આનંદોદ્યાન a pleasure-garden પવિત્ર એકાંતવાસ sacred seclusion વર્ગ a class. વિશેષ સંખ્યા a majority અલ્પતર સંખ્યા a small minority મધ્યમ વર્ગ the middle class, the mediocre class. માત્ર ઠીક ઠીક but so so; few and far between સ્વદેશી indigenous ને બહુજ ફાયદો થાય would be much benefited આબાદ થવું to prosper, to become

prosperous. એને બદલે on the contrary. પરદેશી foreign પરદેશ a foreign country ચાલ્યું જાય would go away. ગરીબ થઇ જવું to be reduced to poverty, to be impoverished (Constr:- To......is called etc.) દુઃખ મટાડવું to alleviate the misery સ્વદેશ પ્રેમ patriotism.

Lesson V.

Adverbs and Prepositions.

૩૮. વિશેષણ અથવા ક્રિયાપદના અર્થમાં ફેરફાર (modify) કરવા માટે ક્રિયાવિશેષણ adverb વપરાય છે. ક્રિયાવિશેષણ બે જાતના છે, (૧) ' connective adverb ' સંબંધક, (૨) showing meaning ભાવાર્થ સૂચક.

૩૯. Connective adverb ની ખાસ બે જાત છે (૧) conjunctive adverb ઉભયાન્વયિ ક્રિયા વિશેષણ, (૨) interrogative adverb પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ, 'When ,' 'where ' 'whence ' 'why ' વિગેરે શબ્દોનો જ્યારે પ્રશ્નાર્થમાં ઉપયોગ કર્યો હોય ત્યારે તેમ વ્યાકરણ કરવું, નહીંતર conjunctive લેવા જેમકે 'when you came I was busy;' આ વાક્યમાં 'when' conjunctive છે, અને 'when will you go to school ?' એમાં interrogative છે.

૪૦. બીજી જાતના ક્રિયાવિશેષણ time, manner, place, cause, effect, degree વિગેરે બતાવવા માટે વપરાય છે જેમકે ' there ' ' much, ' ' accordingly ' વિગેરે.

૪૧. જ્યારે there વાક્યની શરૂઆતમાં ' to be ' ક્રિયા-

પદ પહેલાં વપરાય છે, જેમકે 'there was a king' ત્યારે તેને વાક્યારંભક ક્રિયાવિશેષણ 'introductory adverb' કહેવાય છે.

૪૨. કેટલાક ક્રિયાવિશેષણના દ્વંદ્વો 'pairs of adverbs' જ્યારે વપરાય છે ત્યારે ઘણીવાર અર્થ જૂદા પ્રકારનો થાય છે. જેમકે 'now and then' વારંવાર, પ્રસંગોપાત. જ્યારે 'now' બે વાર વપરાય છે જેમકે 'now high, now low' ત્યારે તેનો અર્થ 'ઘડીકમાં–વળી પાછો' એમ થાય છે.

૪૩. 'In the long run' આખરે, in proportion as' જે પ્રમાણમાં, 'by and by' ધીમે ધીમે, 'by the bye' દરમ્યાન, વચ્ચે વચ્ચે, એવા શબ્દોનું 'adverbial phrase' તરીકે વ્યાકરણ કરવું.

૪૪. અન્ય વસ્તુની સાથે સંબંધ દર્શાવવા સારૂ નામ અથવા સર્વનામની પહેલાં ઉપસર્ગ 'preposition' નો ઉપયોગ કરવામાં આવે છે; 'of' 'to,' 'by,' 'from' 'with' વિગેરે.

૪૫. ૪૩ મી કલમમાં જણાવ્યું તેમ અંગ્રેજીમાં કેટલાક 'prepositional phrase' પણ છે: જેમકે as regards વિષે, with respect to ના સંબંધી, 'as to' 'with regard to, વિગેરે.

૪૬. 'Except' 'સિવાય'ના અર્થમા જ્યારે 'save' વપરાય છે ત્યારે તેને 'preposition' તરીકે લેવો. સાડા દશ વાગે 'at half past ten' આમાં 'past' preposition છે.

૪૭. 'ના સંબંધી' એ શબ્દને માટે 'with regard to' 'as regards' અથવા 'regarding' 'concerning' વિગેરે વપરાય છે એ બધા prepositions છે.

Exercises

૧. અસલના વખતમાં આપણો દેશ બહુ આબાદ હતો, અને આપણા લોકો બહુ સુખી હતા. એ વખતે આપણા દેશમાં હુન્નર કળા બહુ હતાં, લોકોમાં સંપ હતો અને એકબીજાને અરસપરસ મદદ કરતા હતા; તેઓ ધાર્મિક, નીતિવાળા એને દયાળુ હતા. ૨. હું જ્યારે મ્હારા બાપા સાથે શ્રાવણ મહિનાના સોમવારને દિવસે બાબુલનાથનાં દર્શન કરવા ગયો હતો ત્યારે ત્યાં રસ્તાની બંને બાજુએ હજારો ભિખારી બેઠાં હતાં. મ્હારા બાપાએ દશ રૂપિયાની પાઇઓ લીધી અને તે બધાંને એક એક પાઇ આપવા લાગ્યા, પણ એટલા બધા ભિખારી હતા કે એ દશ રૂપિયાની પાઇ પણ તેઓને પૂરી થઇ નહિ ! તેમાં ઘણા જણ આંધળા હતા, ઘણા જણા લૂલાં હતા, ઘણા જણા કોઢીયા હતા, ઘણા જણા બહુજ બુઢ્ઢા હતા. ઘણાએ ભણી શકે તેવા મ્હારા જેવડા છોકરાઓ હતા, અને જેને જોઇને આપણને દયા ઉપજે એવાં ઘણાં માણસો હતાં. એ બધાં માટે મ્હારા બાપા કહેતા હતા કે, "તેમને રહેવાને ઘર નથી, પહેરવાને પુરાં લુગડાં નથી અને ખાવા પીવાનું કાંઇ ઠેકાણું નથી." એક શહેરમાં જ્યારે આટલાં બધાં દુઃખી માણસો હોય ત્યારે આખા દેશમાં કેટલાં બધાં દુઃખી માણસો હશે ? માટે હું કહું છું કે આપણા દેશના લોકો બહુ દુઃખી હાલતમાં છે. ૩. વિદ્યાર્થીએ સાદી, પવિત્ર અને બ્રહ્મચારી જીંદગી ગાળવી જોઇએ. ચોવીશ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્ય અવશ્ય પાળવું જોઇએ એમ શાસ્ત્રની આજ્ઞા છે. ૪. આપણા કરતાં જે મોટા હોય તેમને તેમની યોગ્યતા પ્રમાણે માન આપવું અને તેમની સાથે સભ્યતા રાખવી. આપણા બરાબરીઆ સાથે હેત પ્રીતથી હળવું મળવું, અને આપણાથી ઉતરતા હોય તેમની સાથે માયાળુપણાથી ચાલવું. ૫. એકન

એક નિબંધકાર અને તત્વવેત્તા હતો. તે અંગ્રેજ હતો અને ઇલીઝાબેથ તથા જેમ્સ પહેલાંના વખતમાં થઇ ગયો છે. તે મહાન બુદ્ધિશાળી હતો એ નિ:સશય છે, પણ તેણે અનેકવાર લાંચ રૂશવત સ્વીકારેલ અને તેથી પોપ કવિ કહે છે કે, " મનુષ્ય જાતિમાં બેકન સૌથી ડાહ્યો, તેજસ્વી અને અધમ હતો. " ૬. જહાંગીરનો દરબાર ખટપટથી ભરપુર હતો, અને માનીતા અમલદારો અપ્રામાણીક અને સ્વાર્થી હતા. આ કારણથી સર ટોમસ રોને પોતાનો હેતુ પાર પાડવામાં મહાન મુશ્કેલી માલમ પડી. વળી જહાંગીરની માનીતી બેગમ નુરજહાં અને તેણીનો ભાઇ અસોફખાં તથા શાહજાદો શાહજહાં એ સૌ પણ અંગ્રેજો સામે હતાં.

Notes

અસલના વખતમાં in ancient times. આબાદ prosperous હુન્નર કળા arts and industries પરસ્પર મદદ કરવી to help mutually, to co-operate. કોઢીઓ a leper (કોઢ leprosy) રહેવાને to dwell in. દુ:ખી હાલત a miserable condition. સાદું simple પવિત્ર sacred બ્રહ્મચારી celibate જીંદગી ગાળવી to lead a life, to live a life સુધી upto બ્રહ્મચર્ય celibacy પાળવું to preserve એમ...છે such is the commandment of the scriptures માન આપવું to honour, to give respect to યોગ્યતા પ્રમાણે according to their deserts આપણા કરતાં મોટા હોય તેમને to those who are superior to us, to our superriors બરોબરીઆ equals હેત પ્રીતથી હળવું મળવું to mix lovingly ઉતરતાં inferiors માયાળુ પણે વર્તવું to treat

kindly. બેકન Sir Francis Bacon. નિબંધકાર an essayist તત્વવેત્તા a philosopher અંગ્રેજ an Englishman. અને......ગયો છે and he flourished in the reigns of Elizabeth and James I. તે......છે He was undoubtedly a versatile genius લાંચ bribe સ્વીકારવું to accept પોપ કવિ the poet, Alexander Pope. દરબાર the court. ખટપટ intrigues ભરપુર full of માનીતા અમલદારો favourite officers સ્વાર્થી selfish અપ્રામાણીક dishonest આ કારણથી on account of this reason સર ટોમસ રો Sir Thomas Roe પાર પાડવું to accomplish બેગમ queen, empress અંગ્રેજની સામે against the English. [Mark the difference between 'the English' and 'Englishmen.' The latter manytimes means 'particular individuals,' while the former means 'the whole English nation.' 'English' means 'English language.']

Lesson VI.

Conjunctions and Interjections.

૪૮. જેમ જૂદા જૂદા ડબ્બાઓ સાંકળથી જોડાઇ એક ગાડી રૂપે બનેછે તેમ જૂદા જૂદા શબ્દો જોડવા માટે અથવા નાના વાક્યોને જોડી મોટું એક વાક્ય બનાવવા માટે 'conjunction' ઉભયાન્વયિ અવ્યયનો ઉપયોગ કરવામાં આવે છે.

૪૯. પૃથક્કરણ ‘ analysis ’ કરતી વખતે જે વાક્ય compound sentence હોય તે વાક્યના જૂદા જૂદા વાક્યો એક બીજાને ‘ co-ordinate ’ અર્થ વધારનારા કહેવાય છે. એવા co-ordinate sentences ’ ચાર જાતના છે, અને તે ચાર જાતમાંથી કઇ કઇ જાંતના છે તે ચાર જાતના ઉભયાન્વયિ અવ્યયો માંથી જે જાતના વપરાયા હોય તે પરથી માલુમ પડે છે. (૧) copulative-‘ and, ’ ‘ also, ’ ‘ as well as, ’ etc. (૨) adversative- ‘ else, ’ ‘ but,’ ‘ still ’ etc, (૩) disjunctive–either, or, neither, nor. (૪) illative:–‘therefore, ’ ‘consequently, ’ ‘ hence, ’ etc શરત, કારણ, હેતુ, વખત, વિગેરે બતાવવા માટે [illegible] conjunctions વપરાય છે; unless, though, that, since, while, etc.

૫૦. આશ્ચર્ય સૂચક ઉદ્ગાર બતાવવા માટે ‘interjection ’ આશ્ચર્યકારક શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. એવા શબ્દો આનંદ, દુઃખ, સંતાપ, અણગમો વિગેરે લાગણીઓ બતાવવા માટે વપરાય છે. ‘ oh, ’ હે ! ‘ hush, ’ શાન્ત ! ‘ fie ’ છટ્ ‘ avaunt, નીકળ, ‘ alas ’ અરેરે ! ‘ Hark ’ સાંભળો ! hip, hip, hurrah ! etc.

૫૧. કોઈ કોઇ વાર ક્રિયાપદ, વિશેષણ વિગેરે interjection તરીકે વપરાય છે; જેમકે, ‘ behold !, ’ ‘ shocking, ’ ‘ strange’ !

૫૨. સાધારણ રીતે ‘ oh ‘ ah, ’ એવા શબ્દો પછી નામ સંબોધન વિભક્તિ vocative case માં આવે છે, પહેલો પુરૂષ સર્વનામ બીજી વિભક્તિમાં અને બીજો પુરૂષ સર્વનામ nomina-

tive case પહેલી વિભક્તિમાં આવે છે:– 'Oh! God,' 'Ah me,!' 'O thou.'

Exercises.

હું રોજ સવારમાં શા માટે ફરવા નીકળું છું તે તમે જાણો છો કે ? ફરવાથી બે લાભ થાય છે; એક તો શરીરના સઘળા અવયવોને કસરત થાય છે, અને બીજો લાભ તો આપણને સ્વચ્છ નીરોગ હવા મળે છે તે છે. કસરતના લાભ વિષે હું વિસ્તારથી બીજે પ્રસંગે કહીશ. આજ તો સ્વચ્છ હવાનાં લાભ વિષે તમને કેટલુંક કહેવાનો મારો વિચાર છે. આપણા જીવનનો મુખ્ય આધાર વાયુ છે, એ તમને અજાણ્યું નથી. ખોરાક વિના દહાડાના દહાડા કાઢવા હોય તો આપણે કાઢી શકીએ, પણ વાયુ વિના પાંચ દશ ક્ષણ પણ કાઢી શકીએ નહિ. પ્રસિધ્ધ ડૉ. ટર્નર ખાધા વિના ૪૨ દિવસ રહ્યો હતો, અને આપણે અહિં જૈન લોકોમાં કોઇ કોઇ ૬૦ દિવસ કે ૯૦ દિવસ સુધી જરા પણ અન્ન લીધા વિના જીવી શકે છે, પણ હવા વિના એટલીજ ક્ષણો કાઢતાં માણસ મરી જાય છે. કલકત્તાના બ્લૅક હોલમાં પેલા નિર્દય સૂજાઉદ્દૌલાએ પૂરેલા ૧૪૬ અંગ્રેજોમાંથી ૧૨૩ માણસો હવા ન મળવાથી મરી ગયા હતા, એ તમે ઇતિહાસમાં પણ ગોખી ગયા છો. આ પ્રમાણે હવાવડે જ જ્યારે આપણે જીવીએ છીએ, ત્યારે એ હવા સ્વચ્છ હોવાની કેટલી બધી અગત્ય છે, એ સહજ સમજાય છે. સ્વચ્છ હવામાં ઓકસીજન નામનું એક તત્વ જે આપણા જીવનનો મુખ્ય આધાર છે, તેનો ભાગ વિશેષ હોય છે, અને આપણા લોહીને પ્રત્યેક શ્વાસમાં જોઇતું ઓકસીજન ન મળતું રહે તો એ લોહી બગડતું જાય છે તથા નબળું પડતું જાય છે. માટે લોહીને સ્વચ્છ અને બળવાન્ રાખવાને માટે

સ્વચ્છ વાયુની અત્યંત અગત્ય છે. ખુલ્લી હવામાં ખેતરમાં કામ કર-
નારા ખેડુતો અને ગામડાના મજુરો કેવા નીરોગી અને બળવાન્ હોય
છે ! જંગલના પશુઓ અને આકાશમાં ઉડતાં પક્ષિઓ સ્વચ્છ નીરોગી
હવા મળવાથી જ બળવાન્ અને નીરોગ રહે છે. અંગ્રેજો ખુલ્લી હ-
વામાં રહેતા હોવાથી બળવાન્ અને નીરોગી રહે છે. મનુષ્યને અન્ન ખા-
વાનું ઓછું અથવા હલકી જાતનું મળતું હોય તો તેથી કાંઇ રોગ થ-
વાનો બહુ સંભવ આવતો નથી, પણ સ્વચ્છ હવા જોઇતા પ્રમાણમાં
મળતી ન રહેતી હોય તો તે થોડા વખતમાં રોગી અને દુર્બળ થાય છે.
માંદા માણસને ગમે તેવો પુષ્ટિકારક ખોરાક કે ઔષધ આપશો, તો
તેથી તે તનદુરસ્ત થશે નહિ, પરંતુ સ્વચ્છ ખુલ્લી હવામાં જો તેને રા-
ત્રિદિવસ રાખશો તો તે ટુંકા વખતમાં રોગથી મુકત થશે એટલુંજ
નાહ પણ શરીરે બળવાન્ થશે. આથી કરીને સઘળાં પુષ્ટિકારક ઔષ-
ધોમાં સ્વચ્છ હવાને સાથી ઉત્તમમાં ઉત્તમ પુષ્ટિકારક ઔષધ ગણ્યું
છે, માટે તમે તો સ્વચ્છ હવા અનેક યત્નથી પણ મેળવજો. આપણી
રહેવાની પોળોમાં તથા ઘરમાં ગંદકીને લીધે હવા થોડી અથવા ઘણી
બગડેલી જ રહે છે. સ્વચ્છ હવાથી કેટલા કેટલા થયેલા રોગો મટે છે,
અને કેટલા કેટલા થતા રોગો અટકે છે, એ આપણા લોકો જરા પણ
સમજતા નથી. ખાવાના સ્વાદિષ્ટ પદાર્થો મેળવવાની કાળજી કરે છે,
સારાં વસ્ત્ર તથા ઘરેણાં કરાવવા મથી મરે છે, પણ જે શરીરવડે આ
સર્વનો ઉપભોગ લેવાનો છે, તે શરીર સુખમાં રહે તેને માટે સ્વચ્છ
હવા મેળવવાની જરા પણ કાળજી લેતા નથી. માંદા પડે છે તો ડૉકટર
કે વૈદ્યનું ઓસડ કરે છે, ઓસડીયા કે દવાદારૂમાં પૈસા ખરચે છે, અને
નીરોગ થવા આશા રાખે છે, પણ રોગ માત્રને ટાળનારી, ઓસડનું
ઓસડ જે સ્વચ્છ હવા, તેને મેળવવાની સ્વપ્ને પણ અગત્ય વિચારતા

નથી. આનું કારણ બીજું કાંઇજ નથી પણ સ્વચ્છ હવાથી થતા લાભ અને ખરાબ હવાથી થતાં નુકસાન તેમને ખબર નથી એજ છે. તમારે વિદ્યાર્થીઓએ આથી અજ્ઞાન રહેવુ ઘટતું નથી. હજી તમારા શરીરનો બાંધો બંધાય છે. ખરાબ હવાથી શરીરને રોગનું ઘર કરી હવે પછીની આખી જીંદગી દુઃખવાળી કરી મૂકવી એ ડાહ્યા માણસનું કામ નથી.

Notes.

ફરવા નીકળવું to go out to take a walk. લાભ an advantage અવયવ a limb કસરત થાય છે get exercise સ્વચ્છ નીરોગી હવા pure and clean air એક...બીજો the one is that...the other is that. વિસ્તારથી in detail બીજે પ્રસંગે on another occasion. અપણા...નથી that our life chiefly depends upon air is not unknown to you. ખોરાક...શકીએ If we want we can do without food for days together. પાંચ દશ ક્ષણ પણ even for five or ten moments પ્રસિદ્ધ ડૉ. ટર્નર the famous Dr. Turner. આપણે અહીં જૈન લોકોમાં...શકે છે several Jains of our country can live without taking any food for sixty or at times ninety days successively કલકત્તાના...ગયા છો. You have also learnt in history that out of one hundred and forty-six Englishmen shut up in the Black Hole of Calcutta by the ruthless Surajuddaulah one hundred and twenty-three had died on account

of not getting air (to breathe in)• આ પ્રમાણે thus. અગત્ય importance સ્વચ્છ...હોય છે In pure air there is a greater portion of the element called oxygen on which our life principally depends બગડતું જાય છે becomes impure ખુલ્લી હવા open air નીરોગ healthy. મનુષ્યને...નથી. Men do not very frequently fall sick by eating food, less in quantity and inferior in quality. જોઇતા પ્રમાણમાં સ્વચ્છ હવા the required pure air ગમે તેવા...ઔષધ whatsoever tonic food or medicine a patient may be given he will not be healthy simply thereby, if however, he is kept all day and night in pure and open air he will not only be got rid of his disease but will be robust in body too. અનેક યત્નથી anyhow. ગંદકી filth થોડી અથવા ઘણી બગડેલીજ રહે છે generally remains impure સ્વચ્છ...નથી Our people do not know how many diseases are cured and prevented by pure air. જરાપણ at all. સ્વાદિષ્ટ delicious મથી મરવું to do all one can. ઉપભોગ લેવો to enjoy ડૉક્ટર કે વૈદ્યનું ઓસડ કરવું—to take medicine from a doctor or a physician ઓસડીઆં drugsપણ રોગ...નથી but even in a dream they do not think of the importance of getting pure air which is a medicine of medicines and a panacea for all diseases

(which cures all diseases) બીજું કાંઇ નથી પણ nothing but (prep.) their ignorance of etc. લાભ advantages નુકસાન disadvantages તમારે...નથી It does not behove you, the students, to remain ignorant of this.

Lesson VII.

Parsing.

૫૩. વ્યાકરણ કેમ કરવું તે સંબંધી થોડા નમુના નીચે આપ્યા છે તે ધ્યાનમાં રાખવા.

'Shylock was a usurer who had amassed an immense fortune by lending money at great interest to Christian merchants.' **Shylock**–a proper noun, masculine gender, singular number, nominative case, subject of the verb 'was.' **was** Intransitive verb, strong conjugation, indicative mood, past tense, active voice, subject 'Shylock' no object. **a**–an indefinite article, governing the noun 'usurer.' **usurer**–a common noun, mas. gender, sing. number, nominative case, subject after the verb 'was.' **who**–a relative pronoun, standing for the noun 'usurer,' mas. gender, sing. number, nominative case subject of the

verb 'had amassed.' **had amassed**–a transitive verb weak *conjugation*, indicative mood, plu perfect tense, active voice, subject 'who' object 'fortune.' **an**–an indefinite article governing the noun 'fortune.' **immense**–a quantitative adjective qualifying the noun 'fortune.' **fortune**–a collective noun, neuter gender, singular number, objective case, object of the verb 'had amassed' **by**–a preposition governing the present participle 'lending.' **lending**–a present participle used as a gerundial noun, neuter gender, singular number, accusative case, governed by the preposition 'by. **money**–a collective noun, neuter gender singular number, objective case, obj. of the pres. part. 'lending.' **christian**–a common noun used as a proper adjective qualifying the noun 'merchants.'.

૫૪. કેટલાક શબ્દો જૂદા જૂદા અર્થમાં અથવા જૂદી જૂદી રીતે વપરાય છે ત્યારે તેનું parsing પણ જૂદું જૂદું થાય છે તેના કેટલાક દાખલા પરિશિષ્ટ ૧ માં આપ્યા છે જે આ સાથે વાંચવું

Exercises.

આશરે સાડા છસો વરસ ઉપર આપણા દેશમાં જગડુશાહ નામે મોટો શેઠીઓ થઇ ગયો તેણે દેશ દેશાવરમાં ઘણાં ગામોમાં

અનાજની વખારો ભરી રાખી હતી. તેના વખતમાં એક મોટો દુકાળ પડ્યો. લાગલાગટ ત્રણ વરસ સુધી વરસાદ બીલકુલ વરસ્યો નહિ. તે વખતે આજની પેઠે રેલ્વેના સાધન નહોતાં જેથી પરદેશમાંથી અનાજ લઇ અવાય. માણસો ભુખથી મરવા લાગ્યા. રાજદરબારમાં પણ ખોરાકના વાખા પડવા લાગ્યા. આવે વખતે દયાળુ જગડુશાહે ઠેકાણે ઠેકાણે દાનશાળાઓ ઉઘાડી. જે કોઇ અન્નનો અર્થી આવે તેને મફત અનાજ આપવા માંડ્યું. આ વખતે ચાર આનાના સોળ ચણા મળતા હતા એટલે એક પૈસાનો એક દાણો મળતો હતો. જો જગડુશાહે પોતાની વખારોનું અનાજ વેચ્યું હોત તો તેને નાણા સંબંધી કેટલો બધો લાભ થાત ! પણ જગડુશાહે એવા નાણાને ધૂળ બરાબર ગણી મનુષ્ય પ્રાણીઓના—પોતાના મનુષ્ય ભાઇઓના જીવ બચાવવામાં કરોડો રૂપીઆનું અનાજ દઇ દીધું. ધન્ય છે તેને ! આ ભવમાં તથા પરભવમાં તેનું જે કલ્યાણ થયું તે કાંઇ નાણાંને લોભે થઇ શકત નહિ. પોતાને મળેલા નાંણાનો જે માણસ સદુપયોગ કરતો નથી, ધર્મ દાનમાં ખરચતો નથી તે નાણાં નહિ પણ કાંકરા છે.

ગુજરાતના રાજા વિશળદેવ વાઘેલાએ તથા બીજા રાજાઓએ જગડુશાહ પાસેથી પોતાની રૈયતના તથા રાજ દરબારના માણસોના બચાવ માટે પુષ્કળ અનાજ લીધું હતું, અને તે બધું જગડુશાહે મનુષ્ય ભાઇઓ તરફ સમભાવ તથા પ્રેમ દર્શાવી અને પોતાની ફરજ સમજી મફત ધર્માદા તરીકેજ આપી દીધું હતું. ધન્ય છે આવા ઉમદા પુણ્યશાળી શેઠીઆઓને !

Notes.

વખાર—a granary. દુકાળ a famine પડ્યો took place

લાગલાગટ ત્રણ વરસ for three consecutive years **વરસાદ બીલકુલ વરસ્યો નહિ** it did not rain at all **આજની પેઠે** as now **રેલ્વેના સાધન** means of conveyances like railway etc. **ના વાખા પડવા લાગ્યા** began to feel the pinch of **દાનશાળાઓ** charity-houses **મફત** gratis **ચાર આનાના સોળ ચણા મળતા હતા** sixteen grains of gram cost four annas **ધન્ય છે તેને** All hail to him **આ ભવમાં અને પરભવમાં** in this life and the next **નાણાંનો લોભ** the greed of money **સદુપયોગ કરવો** to make the best use of; to utilize **સમભાવ તથા પ્રેમ** sympathy and love **શેઠીઆ** millionaires **ઉમદા પુણ્યશાળી** generous aud munificent.

Lesson VIII.

Constructin of Sentences.

૫૫. વાક્ય રચનાને અંગ્રેજીમાં 'construction of sentences' કહેવાય છે. તે સંબંધી તમે ઘણું ખરૂં જાણોછો. કર્તા, ક્રિયાપદ, કર્મ ક્રિયાવિશેષણ વિગેરે અનુક્રમે આવે છે, પરંતુ જ્યારે અમુક શબ્દ ઉપર ભાર મુકવો હોય ત્યારે તે શબ્દ પહેલાં વાપરી શકાય છે, જેમકે '**two books** I cannot read in a day,' '**in a day** I cannot read two books,' '**I** cannot read etc.'

૫૬. અંગ્રેજીમાં એવા કેટલાક શબ્દો છે કે જેનો ઉપયોગ કરતી વખતે વાક્યની ખાસ રચના peculiar construction કરવી પડે છે. તેમાં 'no sooner......than,' કે તરતજ 'hardly......when,' 'scarcely......before,' 'not only......but.' 'એટલુંજ નહિ......પણ' વિગેરે છે.

૫૭. ઉપરના શબ્દો પૈકી ગમે તે શબ્દ વાક્યના કર્તા પહેલાં વાપરવામાં આવે તો એ શબ્દ પછી તુરતજ auxiliary verb વાપરવું. જેમકે, જેવો વનરાજ સમજણો થયો કે તરતજ ભુવડના માણસોને લુંટવા લાગ્યો. No sooner did Vanraj come to the years of discretion than he began to plunder the people of Bhuvad' અથવા 'Vanraj no sooner came to the years etc' હજુ તે સ્ટેશને પણ પહોંચ્યો નહિ હોય ત્યાં તો તેના ઘરને આગ લાગી 'hardly had he reached the station when his house took fire.' ડલહાઉસી ઈંગ્લાંડ પહોંચ્યો ન પહોંચ્યો તે પહેલાં તો હિંદમાં જબરો બળવો થયો 'scarcely had Lord Dalhousie arrived in England before a great mutiny broke out in India.' આ પાઠ અઘરો છે એટલુંજ નહિ પણ કંટાળા ભરેલો છે, 'not only is this lesson difficult but tedious too.' આ વાક્યોમાં 'scarcely' 'not only,' વિગેરે શબ્દો કર્તા પહેલાં મુકવામાં ન આવે તો auxiliary verb ને પ્રથમ મુકવાની જરૂર નહીં રહે. Lord Dalhousie had scarcely arrived etc' 'this lesson is not only difficult' વિગેરે.

૫૮. જ્યારે ' nor ' શબ્દ વપરાય છે ત્યારે પણ સહાયકારક ક્રિયાપદ પ્રથમ આવે છે, ' આટલું માત્ર સઘળું નહોતું ' ' nor was this all.

૫૯. શુદ્ધ અંગ્રેજી લખવા માટે જોડણી spelling પર ખાસ ધ્યાન આપવું. કેટલાક શબ્દો પછી અમુકજ ઉપસર્ગ વપરાય છે એ પણ યાદ રાખવા, અને જ્યારે Comparative degree હોય ત્યારેજ ' than ' શબ્દનો ઉપયોગ કરવો, અથવા ' rather ' ' other ' એ શબ્દ પછી પણ than વપરાય છે, પણ ' double than ' એમ કદી લખવું નહિ. ' તે મારા કરતાં સારો છે, ' ' he is better than I, ' ' હું તમને તેના કરતાં વધારે ચાહું છું ' આ વાકયના બે અર્થ થશે , (૧) I love you more than he, i. e. than he loves you, (૨) I love you more than him i. e. than I love him.

૬૦. વિદ્યાર્થીઓ whichનો ઉપયોગ ઘણીવાર ખોટો કરેછે. જે શબ્દ માટે which વાપરવો હોય તે શબ્દ which ની પહેલાં હોય તો અર્થ સમજતાં બહુ મુશ્કેલી પડતી નથી, જો કે તેમ વાપરતાં પણ કોઇ કોઇ વાર અર્થ કરવો કઠિન પડે છે. જેમકે, ' Our house is near the school which is a great nuisance, ' આનો અર્થ (૧) the school is a great nuisance, (૨) being near the school is a great nuisance (૩) not being near the school is a great nuisance (અગવડ).

૬૧. વાકય રચના માટે ખાસ યાદ રાખવાનું એ છે કે preposition અને સાથે infinitive ' to ' કદી ન

વાપરવાં. 'Food to eat' ખાવાને માટે ખોરાક 'Food for eating' એમ પણ થઇ શકે (પણ 'food for to eat એમ કદી ન થાય). આથી અંગ્રેજીમાં જેને 'conjugate forms' કહેવાય છે તે પર ખાસ લક્ષ દેવું. જેમકે 'intend, એ શબ્દ ક્રિયાપદ છે તો તેના પરથી 'intention' (noun), intentional' (adj), 'intentionally' (adv) વિગેરે બને છે. ક્રિયાપદ પરથી નામ બનાવવા માટે 'ment,' 'ation,' એવા શબ્દો વપરાય છે, નામ અથવા વિશેષણ પરથી ક્રિયાપદ 'ize' લગાડયાથી થાય છે, નામ ઉપરથી વિશેષણ 'ous' લગાડવાથી થાય છે અને ક્રિયાવિશેષણ 'ly' થો થાય છે એ સઘળા નિયમો માત્ર સામાન્ય છે. કેટલાક શબ્દોના conjugte forms તદ્દન જૂદી રીતે થાય છે.

૬૨. નામ ઉપરથી વિશેષણ 'conjugate nouns and adjectives.'

Noun	Adjective	Noun	Adjective
Angel	Angelic	Error	Erroneous
Angle	Angular	Giant	Gigantic
Ass	Asinine	Mischief	Mischievous
Blood	Bloody / Sanguinary	Passion	Passionate
		Poison	Poisonous
Burden	Burdensome / Onerous	Palace	Palatial
		Storm	Stormy
Brother	Brotherly / Fraternal	Service	Serviceable
		People	Popular / Populous
Clerk	Clerical		

Tempest	Tempestuous	End	Final
Beginning	Initial	God	Divine
Body	Bodily Physical Corporeal	Hand	Manual
		Head	Capital
		House	Domestic
Cat	Feline	Mouth	Oral
Dog	Canine	Tooth	Dental
Church	Ecclesiastical	Moon	Lunar

૬૩. વિશેષણ ઉપરથી નામ.

Broad	Breadth	Merry	Mirth Merriment
Dear	Dearth		
Deep	Depth	Vain	Vanity
High	Height	Kind	Kindness
Long	Length	Generous	Generosity
Wise	Wisdom	Magnificent	Magnificence
		Prudent	Prudence

૬૪. ક્રિયાપદ ઉપરથી નામ.

Allow	Allowance	Compel	Compulsion
Abide	Abode	Commit	Commission
Break	Breach	Deny	Denial
Choose	Choice	Rsfuse	Refusal
Shake	Shock	Arrive	Arrival
Grow	Growth	Maintain	Maintenance

૬૫. નામ ઉપરથી ક્રિયાપદ.

Chain	Enchain	Friend	Befrien
Power	Empower	Fruit	Fructify
Speech	Speak	Peace	Pacify
Sweetness	Sweeten	Boldne	Embolden
Food	Feed	Width	Widen
Glass	Glaze	Poverty	Impoverish

Exercises.

(1) Write down the noun forms of the following:— Able, abolish, abound, advise, approve, believe, bind, born, breathe, compare, complain, confide, conquer, consider, constant, decide, depart, destroy, do, endure, fly, forfeit, free, give, grand, heal, honest, humble, instruct, inquire, jealous, just, know, laugh, lose, move, observe, occupy, patient, prosper, prove, provide, pursue, relieve, remember, reside, see, resign, sell, severe, sing, solitary, splendid, strike, suspect, tell, weave, simple, mix, popular, false, active, occur, dismiss.

(2) Write down the adjectival forms of the following:— Advantage, attention, autumn, spring, death, brass, father, economy, enemy, exceed, fault, favour, law, life, price, satisfy, com-

pel, society, sympathy, war, tyranny, value, talk, sun, city, country, eye.

(3) Form verbs from the following:—Able, bath, black, blood, bold, class, courage, danger, full, glad, joy, rich, union, white, prison.

(4) Translate into English:—મુંબઇમાં અલીહુસેન નામે કોઇ એક શ્રીમંત વેપારી હતો. તે ઘણો દયાળુ, ઉદાર, અને ધાર્મિક હતો. એક વેળા એ શેઠને ત્યાં તેનો એક ઘરડો મિત્ર કોઇ માબાપ વગરના ગરીબ છોકરાને લઇને ગયો, અને તેને કહ્યું, શેઠ, આ છોકરો તદન નિરાધાર છે ગઇ સાલ એનાં માબાપ મરકીના પંજામાં સપડાઇ જઇ મરણ પામ્યાં, ત્યારથી આજ સુધી મેં એને મારાથી બનતી મદદ કરીછે. હવે મને મારા શરીરનો ભરોસો લાગતો નથી; તેથી લાચાર થઇ એને અહીં લાવ્યો છું. એને લખતાં વાંચતાં આવડે છે. વળી એ થોડુંક નામું ઠામું પણ જાણે છે, તેથી તમારી દુકાનમાં ગુમાસ્તાગીરી કરી શકશે. જો આપ દયા લાવી એને ખાતો પીતો કરશો, તો મારા ઉપર મોટો ઉપકાર થશે. આ સાંભળી શેઠનું મન દયાથી પીગળી ગયું, અને તેણે તે છોકરાને ખુશીથી પોતાની નોકરીમાં રાખ્યો. એ છોકરાનું નામ અમીર હતું.

અલીશેઠે અમીરને દુકાનમાં રાખ્યો. ત્યાં તે ધીમે ધીમે દુકાનનાં સઘળાં કામથી વાકેફ થયો. તેને દુકાનના કામમાંથી ફુરસદ મળતી તે વેળા તે અભ્યાસ પણ કરતો એથી ચાર પાંચ વરસમાં તે બે ચાર જુદી જુદી ભાષાઓ શીખ્યો. એ જ્ઞાન તેને માલની ખરીદી કરવામાં ઘણું ઉપયોગી થઇ પડયું. અમીરની હોંશિયારી જોઇ શેઠે તેને ખરીદી કરવાનું ઘણા ભરોસાનું કામ સોંપ્યું. તે મોટો થયો

એટલે મોટી ધામધુમથી શેઠે તેનું લગ્ન કર્યું. લગ્ન થયા પછી શેઠે તેને મહીને સો રૂપીઆનો પગાર બાંધી આપી તિજોરીના કામ પર મૂક્યો.

અમીરનો સ્વભાવ ઘણો નીચ અને વિશ્વાસઘાતી હતો. અલી-શેઠનો તેના પર સંપૂર્ણ ભરોસો તેમજ અત્યંત પ્રીતિ હતી. એમ છતાં તેણે તિજોરીમાંથી રકમો ઉચાપત કરવા માંડી. એકવેળા એવું બન્યું કે શેઠે પોતાના રિવાજ મુજબ એકાએક તિજોરી તપાસી, તો એક હજાર રૂપિયાની ખોટ જણાઇ; પણ તેના મનમાં અમીરની લુચ્ચાઇ વિષે જરાપણ વહેમ ન આવ્યો. તે તેને હિસાબ બરાબર તપાસી શીલક મેળવવાનું કહી ચાલ્યો ગયો. હવે અમીરે વિચાર્યું કે આ પ્રકારની લુચ્ચાઇ કરવાથી કોઇ દિવસ પકડાઇ જવાશે, તેથી તેણે એક નવી યુક્તિ ખોળી કાઢી. મુંબઇ શહેરમાં ખોટા સિક્કા પાડનાર એક સોની રહેતો હતો; તેની સાથે તેણે દોસ્તી બાંધી. પછી એ સોની કને ખોટા રૂપીઆ પડાવી કેટલીક થેલીઓમાં મૂકી તેમાંથી તે ખરા રૂપીઆ ઉચાપત કરવા લાગ્યો.

વળી ફરી પાછા એક દહાડો અલીશેઠ પોતાના રિવાજ પ્રમાણે તિજોરી તપાસવાને આવ્યા. આ વેળા સીલક બરાબર જણાઇ. પછી તિજોરી સંબંધી બીજી કેટલીક તપાસ કરી, અને તેમાંથી એક કોથળી ઘરખરચ માટે જોઇતી હતી, તે નોકરને માથે મુકાવી શેઠ ઘેર ગયા. બીજે દહાડે એ કોથળીમાંના રૂપીઆ આપી તેમણે કેટલોક સામાન ખરીદવાને એક ગુમાસ્તાને બજારમાં મોકલ્યો. ગુમા-સ્તાએ સોદો ખરીદ કરી રૂપીઆ ગણી આપ્યા, પણ વેપારીઓએ રૂપીઆ ખોટા છે એમ કહી પાછા આપ્યા, ગુમાસ્તાએ શેઠને એ હકીકત કહી. તે ઉપર શેઠે અમીરને બોલાવી પૂછ્યું, કે આ ખોટા

રૂપીયા ક્યાંથી આવ્યા ? **અમીરમાં નીચપણાનો કાંઇ આંકો ન હતો.** તે બોલ્યો કે આ કોથળી બે દિવસ પર આપના દીકરા ગફુર તરફથી મને મળી છે. ગફુર વ્યસની તથા ઉડાઉ હતો, અને નઠારી સોબતમાં ફરતો હતો તે અલીશેઠ જાણતા હતા. શેઠે અમીરની વાત ખરી માની અને ગફુરને માથે આળ ચઢ્યું.

આ વખતે પણ અમીરની લુચ્ચાઇ પકડાઇ નહિ. પરંતુ **પાપનો ઘડો ફુટ્યા વિના રહેતો નથી.** એ કહેવત મુજબ એનું પાપ ઢાંક્યું રહ્યું નહિ.

આ બનાવ પછી કેટલેક દહાડે પેલો સોની ખોટા સિક્કા પાડતાં પકડાયો. પોલીસે તેને જરા દબાવીને પૂછતા તેણે પોતાનો ગુન્હો કબુલ કર્યો અને અમીરને ખોટા રૂપીઆ પાડી આપેલા તે વાત પણ કહી દીધી. એ ઉપરથી અમીરના ઘરનો ઝાડો જોયો એટલે તેમાંથી ઘણા ખોટા રૂપીઆ મળી આવ્યા. વળી એવા રૂપીઆ શેઠની તિજોરીમાં મૂકી શેઠનો વિશ્વાસઘાત ઘણી વાર કરેલો તે વાત પણ બહાર આવી. તે સોની અને અમીરના ઉપર કામ ચાલ્યું અને બેઉ જણાને સખ્ત કેદની શિક્ષા થઇ.

અમીરે નીચપણું વાપરી નીચ યુક્તિઓ કીધી તેનું તેને પુરેપુરૂં ફળ મળ્યું. છોકરાઓ, તમે જો તમારૂં ભલું ઇચ્છતા હો, તો નીચપણું કદી કરશો નહિ. વિશ્વાસઘાત કરવો, કોઇને માથે જુઠું આળ ચઢાવવું, ચોરી કરવી, પોતાના અન્નદાતાને દગો દેવો, અને એવા બીજા અનેક દુર્ગુણો નીચપણાનાંજ લક્ષણ છે. એવા દુર્ગુણોનો સદા ત્યાગ કરવો અને ઉંચો ઉદાર સ્વભાવ રાખી હંમેશાં નીતિને રસ્તે ચાલવું.

Notes.

(1) Ability, abolition, abundance, advice, approval, belief, bond, birth, breath, comparision or comparison, complaint, confidence, conquest, consideration, constancy, decision, departure, destruction, deed, endurance, flight, forfeiture, freedom, gift, grandeur, health, honesty, humility or humbleness, instruction, inquiry, jealousy, justice, knowledge, laughter, loss, motion or movement, observance or observation, occupation, patience, prosperity, proof, provision, pursuit, relief, remembrance, residence, sight, resignation, sale, severity, song, solitude, splendour, stroke, suspicion, tale, web, simplicity (or simpleness), mixture, popularity, falsehood (or falsity), activity, occurrence, dismissal.

(2) Advantageous, attentive, autumnal, vernal, mortal, brazen, fatherly or paternal, economical, inimical, excessive, faulty, favourable, lawful or legal, vital, precious, satisfactory, compulsory, social, sympathetic, martial, tyrannical, valuable, talkative, solar, urban, rural, ocular.

(3) Enable, bathe, blacken, bleed, embolden, classify, encourage, endanger, fill, gladden, enjoy, enrich, unite, whiten, imprison.

(4) વેપારી a merchant માબાપ વગરનો છોકરો an orphan તેને કહ્યું શેઠ and said to him, "Sir etc" તદ્દન નિરાધાર quite helpless મરકી plague, ના પંજામાં સપડાઈ જઈ મરણ પામ્યા fell a victim to ત્યારથી......કરી છે I have helped him as much as I could since his parents etc. લાચાર થઈ being helpless, having no other alternative વાંચતાં લખતા આવડવું to know how to read and write થોડુંક નામું ઠામું જાણવું to have a fair knowledge of how to keep the accounts દુકાન a firm ગુમાસ્તાગીરી કરવી to serve as an apprentice ને ખાતો પીતો કરવો to look to one's welfare મારા ઉપર ઉપકાર થશે I shall be much obliged to you શેઠનું મન પીગળી ગયું the heart of the master melted with pity ખુશીથી willingly થી વાકેફ થવું to become cognizant of ફુરસદ leisure માલની ખરીદી કરવામાં in buying goods ભરોંસાનું કામ confidential work મોટા થવું to grow up; to become a grown-up man. ધામધુમથી with great pomp લગ્ન કરવા to celebrate the marriage. લગ્ન થયા......મૂક્યો after his marriage was over he was appointed as a treasurer with one hundred rupees per mensem. સ્વભાવ nature. નીચ અને વિશ્વાસઘાતી base and treacherous. અલીશેઠને ભરોસો હતો Ali Sheth had an implicit confidence in Amir. એમ છતાં nevertheless. ઉચાપત કરવી to embezzle રકમો

great sums of money. પોતાના રિવાજ મુજબ according to his wont; as usual ખોટ a deficit વહેમ આવવો to entertain a doubt (but he did not doubt the honesty of Amir) તે...ચાલ્યો ગયો. He told him to check the accounts and tally the cash and then went his way. લુચ્ચાઇ roguery, knavery. યુક્તિ ખોળી કાઢવી to chalk out a plan. સિક્કો a coin. દોસ્તી બાંધવી to befriend, to make friends with. થેલી a purse સોદો ખરીદ કરવો to make a bargain વ્યસની dissolute ઉડાઉ extravagant ગફુરને માથે આળ ચડ્યું Gafur was falsely accused પકડાઇ નહિ was not detected, પાપનો...નથી A lie has no legs કહેવત a maxim, an aphorism. દબાવીને threatened. ના ઉપર કામ ચાલ્યું were prosecuted લક્ષણ a trait, a characteristic, નીચપણું base nature અન્નદાતા a patron. સખ્ત કેદ rigorous imprisonment.

Lesson IX.

Appropriate Prepositions and Synonyms

૬૬. જે શબ્દનો અર્થ લગભગ સરખો હોય અને કોઇ કોઇ વાર એકને બદલે બીજો શબ્દ વાપરી શકાય છતાં તેમ કરવા જતાં કોઇ વાર ખોટો ઉપયોગ થવા સંભવ હોય તેવા શબ્દને અંગ્રેજીમાં 'synonyms' કહેવાય છે.

૬૭.

To alter થોડો ફેરફાર કરવો,	to change તદ્દન બદલવું.
Artist કારીગર, કળા જાણનાર, જેમકે ફોટોગ્રાફર વિ૦	Aritsan કારીગર, લુહાર વિ૦
Childlike બાળક જેવો સાદો	Childish છોકરમતવાળો
Corpse માણુસનું શબ	Carcase જનાવરનું શબ
Courage ભય સામે હીંમત	Fortitude દુઃખ સહન કરવાની હીંમત
Custom ચાલ, પ્રથા	Habit ટેવ
Discover પ્રકાશમાં લાવવું	Invent નવું શોધી કાઢવું
Dumb બોલી શકે નહિં તેવો	Silent મુંગો રહે તે, mute મુંગા રહેવું પડે તેવા
Willingly વાંધો ન હોય તો	Gladly રાજી ખુશીથી
Gold ring સોનાની વીંટી	Golden letters સોનેરી અક્ષરો
Hear સાંભળવું	Listen કાન દઇને સાંભળવું
Hollow પોલું	Empty ખાલી (બીજી ચીજ નથી)
Notorious બદનામવાળો	Famcus પ્રખ્યાત
Safe નુકશાનથી મુક્ત	Secure નુકશાનના ભયથી મુક્ત
Shade છાંયડો	Shadow પડછાયો
Slumber ડોલું; ઝોકું	Sleep નિદ્રા

Trade છુટક અથવા જથ્થાબંધ વેપાર	Commerce જથ્થાબંધ વેપાર
Value કીંમત (ખરી હોવી જોઇએ તે)	Price કીંમત (છે તે)
Womanly સ્ત્રીને શોભાવે તેવું	Womanish બાયડી જેવો

૬૮. કેટલાક શબ્દોના પછી અમુક ઉપસર્ગો વપરાય છે. તેમાંના થોડા નીચે આપ્યા છે

To abound in—The book abounds in mistakes.
Mistakes abound in the book.

To abound with—The book abounds with mistakes.

To be absorbed in—I am absorbed in reading.

To agree with, to—I agree with you to your proposal.

To apply to, for—I shall apply to the Head Master for that post.

To approve of—I do not approve of your going there.

To assure of—I assure you of your success.

To attend, to—Attend the meeting, class etc.
Attend to my advice.

To Bestow on, upon—Bestow favours upon us.

To Beware of—Beware of thieves.

To Boast of—Do not boast of your learning.

To Congratulate on, upon—I congratulate you on your snccess

To deprive of, differ from, disgusted **with**, die of, infer from, laugh at, mourn for, partake of, rob of, submit to, yield to, accustomed to, acquainted with, afraid of, agreeable to, angry with, anxious (for a person about his health), aware of, backward in, due to, eager for, fond of, ignorant of, indebted to.

Exercises.

૧. શિવાજી એક બહાદુર લડવૈયો હતો એટલુંજ નહિ પણ દુઃખ સહવામાં હીંમતવાન હતો, પરંતુ અંગ્રેજ ઇતિહાસકારોએ તેને બદનામવાળો પર્વતમાં રહેનારા ઉંદર તરીકે વર્ણવ્યો છે. ૨. તમે છુટક વેપાર કરો છો કે જથ્થાબંધ ? ૩. પ્રોસ્પેરોએ મીરેન્ડાને કહ્યું, " એકાંત તથા વિદ્યાભ્યાસ મને પ્રિય હોઇને મારા રાજ્યકારભારની લગામ મેં તારા કાકાને સોંપી હતી, જે મારો કૃતઘ્ન ભાઇ નીવડયો. હું તો સઘળી દુનીઆદારી બાબતોથી બેદરકાર રહેતો, અને મારો સઘળો સમય માનસિક વિકાસમાં ગાળતો અને તેથી હંમેશાં વાંચવામાં તલ્લીન રહેતો. " ૪. મારા મિત્રના માંગલિક લગ્ન પ્રસંગે હું મુંબઇ ગયો હતો જ્યાં મારે પખવાડીઉં રોકાવું પડયું હતું. હવે હું સંસ્કૃતમાં કેમ પછાત રહ્યો છું તે આ ઉપરથી તમે સહજ અનુમાન કરી શકશો. ૫. વૉરન હેસ્ટીંગ્ઝ હિંદનો ગવર્નર–જનરલ હતો. તેણે અયોધ્યાની બેગમનો ખજાનો કેવી રીતે અને શા માટે લુંટયો તે તમે જાણતા

હશે. જ્યારે તે ઇંગ્લાંડ પાછો ગયો ત્યારે તેના ઉપર કેટલાંએક આરોપો મુકવામાં આવ્યા હતા, અને આમની સભામાં જ્યારે બર્ક અને શેરીડન હિંદમાં હેસ્તીંગ્ઝના જુલમો વિષે બોલતા ત્યારે શ્રોતાઓને કંપારી છૂટતી. ૬. જ્યારે એક સભા ભરવી હોય ત્યારે પ્રથમ તો એક માણસે પ્રમુખના માટે દરખાસ્ત મુકવી જોઇએ, અને બીજા માણસે તેને ટેકો આપવો જોઇએ. છેવટે પ્રમુખસ્થાન સ્વીકારવા માટે પ્રમુખનો, પધારવાનો મહેરબાની કરી સભાની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે અતિથિ મહાશયોનો, અને ભાષણ શાન્તિપૂર્વક સાંભળવા માટે શ્રોતા વર્ગનો આભાર માની સભા બરખાસ્ત થાય છે. ૭. જો તમે તમારા વડીલોની સલાહ પર ધ્યાન આપશો અને તેઓ કહે તે પ્રમાણે વર્તશો તો તમારી જીંદગીમાં સફળતાની હું ખાત્રી આપું છું. ૮. વિદ્યાર્થી અવસ્થામાં લગ્ન હું પસંદ કરતો નથી. જે માબાપને પોતાના દીકરાના દુશ્મન બનવું હોય, પોતાના દીકરાની સુખી જીંદગીથી જાણે પોતાને કંટાળો અને અણગમો આવ્યો હોય તેઓએજ દીકરાના લગ્નનો વિચાર કરવો. ૯, અંગ્રેજ લોકો આશરે ત્રીશ વર્ષની ઉંમરે પરણે છે, બીજા દેશના લોકો પણ ત્રીશ પાંત્રીશ વર્ષની ઉમરેજ પરણે છે, અને આપણા દેશમાં બાર વર્ષે ! નાનપણના લગ્નના ગેરફાયદાથી આપણે જાણીતા થયા છીએ, વિધવાઓની વધતી જતી સંખ્યાના કારણોથી પણ હવે આપણે અજ્ઞાન નથી, તેથી દરેક માણસે પચીસ વર્ષ પહેલાં ન પરણવું એવું વ્રત લેવું ઘટે છે.

Notes

બદનામવાળો......ઉંદર a notorious mountain-rat ઇતિહાસકાર a histosian 2 Do you trade retail or

wholesale ? એકાંત......નીવડયો As I was fond of retirement and deep study I left the management of my state-affairs to your uncle who proved my false brother દુનીઆ......રહેતો was indifferent to all the pursuits of the world માનસિક વિકાસ mental culture, mental development માંગલિક પ્રસંગ an auspicious occasion હવે......શકશો Now you can just infer from this how I have remained backward in Sanskrit આરોપ મુકવાં to impute charges શ્રોતાઓ hearers, the audience કંપારી છુટતી were horrified સભા ભરવી હોય when a meeting is to be held પ્રમુખ a president (પ્રમુખસ્થાન pesidentship) દરખાસ્ત મુકવી to propose ટેકો આપવો to support, to second પધારવાની......માટે for their condescending to grace the meeting અતિથિ મહાશયો worthy guests ભાષણ a lecture બરખાસ્ત થવું to disperse જાણે as if વધતી જતી સંખ્યા the increasing number વ્રત a vow દરેક ......ઘટે છે it behoves every man to take a vow of etc. નાનપણના...છીએ We have become cognizant of the disadvantages accruing from child-marriages.

Lesson X.

Direct and Indirect.

૬૯. સીધી રચના 'Direct Narration' અને પરોક્ષ રચના Indirect Narration' સંબંધી ચોથા ધોરણમાં તમે થોડું ઘણું

શીખી ગયા છો. બોલનાર માણસના અક્ષરે અક્ષર શબ્દો 'અવતરણ ચિહ્નો ' માં (inverted commas) દર્શાવવા તેને સીધી રચના અથવા Direct form of Narration કહેવાય છે. અવતરણ ચિહ્નોની અંદરનું વાક્ય માણસ જે બોલેલ હોય તે છે અને તેવા ચિહ્નો પહેલાં ' that ' ન વાપરવો. જેમકે 'મેં કહ્યું કે તમે મુંબઇ આવશો ?' I said, " Will you come to Bombay ? " તેણે મને પુછ્યું તમારૂં નામ શું ? He said to me "What is your name ?" ખાસ યાદ રાખવાનું એ કે અવતરણ ચિહ્નોમાં પહેલો અક્ષર capital કરવો, પરંતુ અવતરણ ચિહ્નોમાં ભંગાણ પાડી વચ્ચે he said વિગેરે વાપર્યું હોય તો એ પ્રમાણે ફરીથી capital ન કરવો; જેમકે "Alas !" said Miranda, "do not work so hard."

૭૦. સીધી રચનામાં બોલનારના શબ્દો અક્ષરે અક્ષર આવે છે તે ખાસ લક્ષ દેવું, અને તેથી પ્રશ્ન, આશ્ચર્ય વિગેરે આવી શકે. વિદ્યાર્થીએ અવતરણ ચિહ્નો વાપરતી વખતે ખાસ કાળજી રાખવી અને જ્યારે એ બોલેલા શબ્દો પૂરા થાય ત્યારે ચિહ્નો પણ પૂરા કરવાં. અવતરણ ચિહ્નોના ગેરઉપયોગથી અર્થનો અનર્થ થઇ જાય છે, જેમકે, The king said "The minister is a fool" " The king " said the minister " is a fool " આ બન્ને વાકયોનો અર્થ તદ્દન જૂદો છે અને જો અવતરણ ચિહ્નો ન વાપરીએ The king said the minister is a fool તો કયો અર્થ લેવો તે કાંઇ સમજ ન પડે.

૭૧. પરોક્ષ રચના ' Indirect construction ' કરવી હોય ત્યારે પ્રથમ અવતરણ ચિહ્નો કાઢી નાંખવા અને ' that '

વાપરવો. જેમકે' He says " The teacher is busy. "
He says that the teacher is busy.

૭૨. કાળાન્વય (Sequence of Tenses) પર ખાસ લક્ષ આપવું, જો reporting verb વર્તમાન કે ભવિષ્યકાળનું હોયતો reported speech નું ક્રિયાપદ ગમે તે કાળનું હોઇ શકે. (૨) જો reporting verb ભૂતકાળનું હોય તો reported speech નું verb ભૂતકાળનુંજ આવે, અને જો reporting verb ભૂતકાળનું હોય અને reported speech 'નું verb ભૂતકાળનું હોય તો plu—perfect tense નું કરવું (૩) જો reporting verb ભૂતકાળનું હોય અને reported speech માં સત્ય, નિયમ અથવા સત્ય અથવા સિદ્ધ વાત આવતી હોય તો reporting verb પર ધ્યાન ન આપતાં reported speech નું ક્રિયાપદ જે કાળમાં હોય તે કાળમાં રહેવા દેવું.

૭૩. જે પ્રમાણે કાળાન્વય પર લક્ષ આપવાનું છે તેજ પ્રમાણે ' pronominal changes ' સર્વનામમાં ફેરફાર કરવા પર લક્ષ દેવુ. I said to him" I am grateful to you " (direct) આ પ્રમાણે પરોક્ષ રચનામાં ' said to him ' ને બદલે ' told him ' અને સર્વનામમાં જે જે ફેરફાર થતાં હોય તે જોવું. ઉપરના વાકયમાં ' મેં તેને કહ્યું ' એમ છે, અને જ્યારે હું ' તેની ' સાથે વાત કરતો હોઉં ત્યારે 'તમને' એમ કહું, અને પરોક્ષ રચનામાં ' તમને ' શબ્દ જ્યારે ' તમને ' કહ્યું હોય ત્યારેજ આવે. He said to me, " I am obliged to you. " (Dir) He told me that he was obliged to me. સર્વનામમાં ફેરફાર કરતી વખતે reported speechમાં જ્યાં જ્યાં ' I ' હોય

ત્યાં ત્યાં reporting verbનો કર્તા વાપરવો, અને જ્યાં જ્યાં ‘ You ’ હોય ત્યાં ત્યાં reporting verbનો કર્મ વાપરવો.

૭૪. કલમ ૭૧માં જણાવ્યું છે તે પ્રમાણે પરોક્ષ રચના કરતી વખતે that વાપરવો, પરંતુ અવતરણ ચિહ્નો માંહેનું વાક્ય આજ્ઞાર્થ અથવા પ્રશ્નાર્થ હોય ત્યારે ‘that’ બીલકુલ ન વાપરવો. આજ્ઞાર્થ વાક્યને ‘infinitive mood’માં મુકી દેવું; જેમકે He said to me “Shut the window,” He told me to shut the window, અને પ્રશ્નાર્થ વાક્યમાંથી પ્રશ્નાર્થ અને પ્રશ્ન રચના કાઢી નાખી સાદા રૂપમાં મુકવું અને ‘that’ ને બદલે ‘if’ અથવા ‘whether’ વાપરવું, અને said ને બદલે ‘asked’ અથવા ‘inquired’ વાપરવું. જેમકે He said to me “Are you alright ?”=He asked me if I was alright (said =asked; that=if; you–I; ક્રિયાપદ કર્તા પછી) I said to him “ Where do you go ? ”=I asked him where he went.

સૂચના—અવતરણ ચિહ્નો કાઢી નાંખવા. ‘that’ ને બદલે ‘if’ અથવા ‘whether’ પ્રશ્નાર્થ ફેરવી નાખી વાપરવા, પણ જ્યારે પ્રશ્નાર્થ વાક્ય how, what, why, which, where, whence, wherefore, વિગેરે શબ્દોથી શરૂ થતું હોય ત્યારે that, if કે કોઇ પણ જાતનો conjunction આગળ ન આવે. પ્રશ્નાર્થ વાક્યમાં ક્રિયાપદ કર્તાની પૂર્વે આવે છે, પણ પરોક્ષ રચનામાં પ્રશ્નાર્થ કાઢી નાંખવામાં આવે છે તેથી કર્તા પછી ક્રિયાપદ મુકવું. પરોક્ષ રચનામાં નીચેના ફેરફાર કરવા.

this, these.	that, those.
To-day, this day.	that day.
now.	then.
Here.	There.
Hence.	Thence.
Come.	Go
To-night.	that night.
Yesterday.	the previous day.
To-morrow.	the next day.
Last night.	the previous night.
Thus.	so.

Illustrations.

(1) He said to me " Will you come with me to Bomboy to-morrow ? "

He asked me if I would go with him to Bombay the next day.

(2) The teacher said to Gopal " Why were you absent yesterday ? "

The teacher asked Gopal why he had been absent on the previous day.

(3) You said to me "I have no time to speak to you now. "

You said to me that you had no time to speak to me then.

(4) He said " What is this ? "
He asked what that was.

૭૫. પરોક્ષ રચનામાં exclamatory sentences ને સાદા રૂપમાં મુકી દેવાં, અને આશ્ચર્યકારક શબ્દો ઉડાડી દેવાં અને તેનો ભાવાર્થ સમજાવી શકાય તેવા શબ્દો તે બદલ ઉમેરવાં. આ ઉપરાંત vocative caseમાં જે શબ્દો આવતા હોય, જેમકે sir, oh! God, એ કાઢી નાંખવા અને said ને બદલે exclaimed વાપરવું. આજ્ઞાર્થ વાક્યોમાં પણ please એવા શબ્દ તથા sir વિગેરે કાઢી નાંખવું, અને સંબોધન વિભક્તિમાં નામ હોય તેને reporting verb ના કર્મ તરીકે ફેરવી નાંખવું.

Illustrations.

(1) He said to me " How unlucky I am. "
He exclaimed that he was very unluckly.
(' to me ' and ' how ' dropped.)

(2) He said " Alas ! I am undone, " He cried out that he was undone.

(3) I said to him " May you be happy. " I wished that he might be happy.

(4) The beggar said to me " May God bless you. "
The beggar prayed that God might bless me.

(5) He said to me " Thank you for your coming to see me. When are you returning to your native place ? "
He thanked me for my going to see him,

and asked me when I was returning to my native place.

(6) He said " Old man, sit down." He asked the old man to sit down.

(7) Then the other woman said " Your Majesty, this child is mine. Pray, hand him over to me, my lord."

Then the other woman requested His Majesty that that child was hers, and hence to kindly hand him over to her.

૭૬. પરોક્ષ રચના કરતી વખતે He said " yes; " he said " no, " એને બદલે he replied in the affirmative, he replied in the negative એમ કરવું અને પ્રત્યક્ષ રચનામાં ' yes ' કે ' no ' પછી વાકય હોય તો તે વાકય પહેલાં and added that એમ કોઇ કોઇ વાર થાય છે.

Exercises.

Turn the following into indirect form:–

(1) Did you say to her " I will never speak to you again ?"

(2) I said to them " Don't bother me."

(3) We said to him "Will you come with us?"

(4) I asked him " Is the dinner ready ? " He replied "Yes."

(5) "What losses" cried he, "have I suffered; what anguish have I endured ?"

(6) A: Good morning, how do you do ?

B: Pretty well, sir, thank you, but these are hard times.

A: Yes, to be sure they are, but we have all to do the best we can.

II

Turn the following into direct form:—

(1) My brother told me that he had been reading all day.

(2) John asked James how old he was. James replied that he was sixteen.

(3) He begged her to explain herself more distinctly and tell him of what gentleman she was speaking.

III

Turn into indirect form of narration:—

Jane said to her mother Mrs. Bennet "Can I have the carriage ?"

Mrs. B.—" No, my dear, you had better go on horseback, because it seems likely to rain and then you must stay all night "

Jane–" I had much rather go in the coach."

Mrs. B–" But, my dear, your father cannot spare the horse, I am sure. They are wanted in the farm, Mr. Bennet, are they not ? "

(Bom Univ. 1920)

IV

Translate the following into English (Direct and Indirect):—

ગૌતમી—બેટા, ભાંડુ જેવા તને વહાલા જે આ તપોવનમાંના દેવતા તે પણ તને જવાની આજ્ઞા દે છે. એમને નમસ્કાર કર.

શકુંતલા (પ્રણામપૂર્વક પરિક્રમણ કરીને કાનમાં)–અલી પ્રિયવંદા રાજપુત્રને મળવાની મારા મનમાં ઘણી ઉત્કંઠા છે ખરી, તોપણ આશ્રમ છોડીને જતાં મારા પગ ઉપડતા નથી.

પ્રિયવંદા—તપોવનવિયોગે કરી કેવલ તનેજ શોક ઉત્પન્ન થાય છે એમ નથી. તારા વિયોગથી તમામ તપોવનને પણ તારી પેઠેજ દુ:ખ થાય છે.

હરણુંઓ મુખમાંથી, નાખી દે ભોંય દર્ભના કલ્લા;
મોર તજે છે નર્તન, વાગ્યા એને વિજોગના ભાલા.
સકલ વનલતાઓ પણ, જાણે આંસુ ખરેખરાં પાડે;
તેમ પત્ર વેરે છે, ઉભરા એવા પ્રકારથી કાઢે.

શકુંતલા (સંભારીને)—પેલી મારી બેન વનજ્યોત્સ્નાને કહી આવું.

કાશ્યપ—ઠીક. તારો એની સાથે માની જણી બેન સરખો સ્નેહ છે તે હું જાણું છું. આ રહી તે જમણા હાથ ભણી.

શકુંતલા (વેલ પાસે જઇને)—અરે ! પ્રિય વનજ્યોત્સ્ના, આંબાને લાગેલી છે ખરી, તોપણ લગાર તારા આણી તરફ આવેલા શાખા-રૂપી હાથે મને ભેટી લે. હું હવે દૂર દેશ જનાર છું, તેથી હવે પછી તારો મેળાપ મને થશે નહિ.

કાશ્યપ—અનસૂયા, ૨૩ મા. તમારે બેઉ જણીઓએ તો શકુંતલાને ધીરજ આપવી જોઇએ. (પછી સર્વે આગળ ચાલવા માંડે છે.)

શકુંતલા—પિતાજી આટલું કહું છું તે જરા ધ્યાનમાં રાખજો. તે એ કે પેલી મારી લાડકડી હરણી ભારેવાહી થઇને આશ્રમમાં ફરે છે, તે જ્યારે નિર્વિઘ્ને વિંઆય, ત્યારે એ શુભ વર્તમાન કોઇની જોડે મને કહાવજો.

કાશ્યપ—ઠીક. નહિ વીસરૂં બેટા.

શારંગરવ—ભગવન્, ભાગોળના તળાવની પાળ સુધી સગાં-વહાલાંએ વળાવવા જવું એવો સંપ્રદાય છે. માટે હવે આ તળાવની તેડ આવી, તો જે કંઇ સંદેશો કહેવાનો હોય તે કહી પાછા વળવું ઘટારત છે.

કાશ્યપ—ત્યારે આવો. આ અંજીરના વૃક્ષની તળે ઠંડકમાં બેસી જરા વિસામો ખાઇએ.

—Notes—

Gautami—My dear Shakuntala, the deities of this hermitage who are as dear to you as your kith and kin, also permit you to go. Ple-

ase bow to them. (Ind. Gautami said lovingly to Shakuntala that the deities of that hermitage who were as dear to her as her kith and kin also permitted her to go; she further told her to bow to them.) પ્રણામ પૂર્વક bowing પરિક્રમણ કરીને circumambulating કાનમાં (કહે છે) whispers ઘણી ઉત્કંઠા છે ખરી although I have an ardent desire to see etc. તોપણ...નથી I feel compunction to leave this hermitage. વિયોગ separation દર્ભનાં કવલાં blades of grass નર્તન dancing વાગ્યા એને વિજોગના ભાલા because they feel the dart of separation (or pangs of separation) સકલ...કાઢે. The creepers of the forest, as if shedding tears, scatter the leaves here and there, and thereby manifest the effusions of grief તો ધીરજ આપવી જોઇએ should rather comfort Shakuntala લાડકડી હરણી pet doe ભારેવાહી pregnant નિર્વિઘ્ને વિંઆય brings forth a fawn without impediment વળાવવા જવું to go to see off સંપ્રદાય a tradition; a custom આ......ખાઇએ let us rest a while under the cool shades of this fig-tree.

V

Translate into English:—

(a) ગુર્જર દરબારને આ બધી તૈયારીની ખબર હતી. જયશિ-

ખરના મિત્રભૂપતિઓએ તથા ખબર કુહાડવા છાના મોકલેલા ચાર લોકે તેને સઘળી હકીકતથી વાકેફ કર્યો હતો. ભુવડ પોતે આવે છે એ સાંભળી તે હરખાયો. પોતાના બરોબરીઆ જોડે યુદ્ધ કરવાનો લાગ આવ્યાથી તેનું મન પ્રમોદ પામ્યું. પ્રધાનોને તેણે આજ્ઞા આપી કે ત્વરાથી પત્રો લખી તથા એપીઆ મોકલી ખંડીઆ રાજારાણાને તેમનાં સૈન્ય સહિત તેડાવો, ને પંચાસરમાં ત્રણ લાખ માણસને વર્ષાઋતુ લગી પહોંચે એટલું અન્ન ભરો. મોટો ઝગડો અહીં થશે એવું સંભવે છે. શહેરની વસ્તીમાંની સ્ત્રીઓને, બાળકોને તથા ઘરડા ખોખરાંને સોરઠ મોકલી દો. મારવાડ, મેવાડ, અને માળવાના રાજાઓની કુમક માગો. તેમને કહાવો કે આજે અમારો વારો છે ને કાલે તમારો આવશે. લોભીઓ ને અભિમાની ભુવડ આપણા સર્વેનો સામાન્ય શત્રુ છે. આ પ્રસંગે આપણા સર્વેનું બળ એકઠું કરવું જોઇએ. મારી વહારે તમે ચડશો તો હું તમારો આભાર ભૂલનાર નથી એમ કહાવજો. વળી તેમને ખરચ આપવાનું કબુલ કરજો.

સુરપાળે નમનતાઈથી અરજ કરી કે સ્વામીએ ફરમાવ્યું તે ઠીક છે, પણ પારકા ઉપર આધાર રાખવો એ ઘણીવાર હાનિકારક છે. 'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ,' એ પૂર્ણ ખરૂં છે. આ રાજ્યની તમામ રૈયતને શસ્ત્ર બંધાવો. ભુવડને હરાવવાનો એજ ઉપાય સાચો છે, બીજા બધા કાચા છે. આપણી પાસે હથિઆર પુષ્કળ છે. શસ્ત્રભંડાર મેં તપાસ્યા છે, ને ભરપૂર રાખ્યા છે.

(b) આ વચન સાંભળી રાણીનું કોમળ હૃદય ભરાઇ આવ્યું, ને તેનાં નેત્રમાંથી જળધારા વહેવા લાગી. વિયોગ થવાની વાત સુણી તે સ્તબ્ધ થઇ ગઇ. જયશિખરે તેને પોતાની છાતી સરસી ચાંપી,

ને ચુંબન કરી કહ્યું, મારી મીઠી, તું રડ નહિ, તું રાજાની પુત્રી છે, ક્ષત્રી ધર્મ જાણે છે; હોંશીઆર થઇ મારી જોડે છેલ્લીવેલ્લી વાત કર. હે પ્રિયા ! રાજધર્મ, ક્ષત્રીધર્મ, મારૂં કર્તવ્ય કર્મ છે. રાજ્યાસને બેસતી વેળા મેં પ્રજાવ્રત કરવાનો સંકલ્પ કર્યો છે, અને પ્રજાનું યથાન્યાય પાલન કરવાની પ્રતિજ્ઞા કરી છે. આજ સુધી મેં રૈયતના ધનનો ઉપયોગ કર્યો છે, અને તેને બદલે પ્રજાની સેવા બજાવી છે: હું જીવતાં છતાં મારી પ્યારી ગુજરાતને, મારા વ્હાલા દેશને, બીજાને સ્વાધીન કદી નહિ થવા દઉં. ગુજરાત ઉપર તમારો અતિ પ્રેમ છે. હું તમને ગુજરાતના સમ દઇ અરજ કરૂં છું કે આ મારી વિનતિ કબુલ કરો, મારી પાછળ તમારા બળી મરવાથી પરમેશ્વરને કોપ થશે, આપણા સંતાનનો નાશ થશે ને આપણું કુળ નિકન્દ થશે; મારો વંશ રાખવો આ સમે તમારે હાથ છે. પ્યારી, માટે મારૂં કહ્યું માનો.

રાજા શોકમાં ગરક થઇ જવાથી વધારે બોલી શકયો નહિ. ચતુર રાણી તુરત ચેતી કે હું જો આ વેળા તેની સંભાળ નહિ લઉં તો રખેને તેના મગજ ઉપર માઠી અસર થાય. દયામણી મધુર વાણીથી તે બોલી, પિયુજી ! મારી સામું જુઓ ! હું તમારી આજ્ઞાને સદા આધીન છું. આજ પર્યંત મેં તમારી ઇચ્છાનું ઉલ્લંઘન કર્યું નથી, અને જીવતાં સુધી કરવાની નથી. મને ચિંતા એજ છે કે તમારા વિના હું જીવીશ કેમ ?

Notes

મિત્ર ભૂપતિઓ allies ખબર કાઢવા......બોડે four spies બરોબરીઓ a rival, ખેપીઆ couriers ખંડીઆ feud-

atory તેડાવવું to send for ઘરડા ખોખરાં the old and imbecile કુમક help સામાન્ય શત્રુ a common foe વહારે ચઢવું to run to one's succour શસ્ત્રભંડાર an armoury આપ...નહિ Self-help is the best help and do at once what is to do and trust yourselves alone સ્તબ્ધ motionless like a statue. છાતી સરસી ચાંપી hugged her મારી...નહિ weep not, oh ! ye mistress of my heart. રાજધર્મ...છે It is incumbent upon me [I am duty-bound] to abide by the duties of a king and a Kshatriya. પ્રજાવત...કર્યો છે I have vowed to protect my subjects. તેને બદલે in return for that હું જીવતાં છતાં as long as there is breath in my nostrils શોકમાં ગરક થઇ જવાથી being absorbed in grief ચતુર...જેવા the sagacious queen at once saw that if she did not at that time etc. પિયુજી my lord નું ઉલ્લંઘન કરવું to transgress.

Lesson XI

Analysis and Synthesis of Sentences

૭૭. એક લાંબા વાક્યને પૃથક્ પૃથક્ છુટા પાડી લાંબા વાક્યનો અર્થ સમજવા સારૂ પૃથક્કરણ થાય છે તેને અંગ્રેજીમા 'analysis' કહે છે.

૭૮. પૃથક્કરણમાં રચના પ્રમાણે વાક્યો ત્રણ જાતના હોય છે (૧) simple (૨) compound (૩) complex. આ પાઠમાં simple અને compound sentences સંબંધી વિવેચન કરવામાં આવેલ છે અને complex sentence માટે ભાગ ૨ પાઠ ૩ માં જણાવેલ છે.

૭૯. જે વાક્યમાં ફક્ત એક કર્તા અને એક ક્રિયાપદ હોય તેને simple sentence કહેવાય છે; જે વાક્યમાં બે અથવા બેથી વધારે કર્તા અગર ક્રિયાપદ અગર બન્ને હોય અને એવું વાક્ય ઉભયાન્વયિ અવ્યયથી, ગાડીના ડબ્બાઓ જેમ સાંકળથી જોડાય છે તેમ, નાના નાના વાક્યોથી જોડાઇ બન્યું હોય તેને compound sentence કહેવાય છે; અને જે વાક્યમાં બે અથવા બેથી વધારે કર્તા અને ક્રિયાપદ હોય અને એ વાક્યમાં જે નાના વાક્યો હોય તેનો પરસ્પર એવો સંબંધ હોય કે એક વાક્ય લઇ લઇએ તો બીજા નાના વાક્યના અર્થમાં હાનિ પહોંચે અથવા અપૂર્ણતા રહે તેવા આખા વાક્યને complex sentence કહેવાય છે. (૧) He is a good boy; A man of good conduct is sure to be respected; An honest man is the noblest work of God. આ વાક્યોમાં એક કર્તા અને એક ક્રિયાપદ છે માટે simple છે. (૨) Rama and Lakshmana were happy બે કર્તા અને એક ક્રિયાપદ, 'and' ઉભયાન્વયિ અવ્યય, આથી બે વાક્યો Rama was happy and Lakshmana was happy એમ બની શકે છે તેથી આખું વાક્ય 'compound.' (૩) If you read you will pass. આ વાક્યમાં બે નાના

વાક્યો છે અને એ વાક્યોને 'if' શબ્દ જોડે છે તે એક શરત બતાવે છે જેથી બન્ને વાક્યો પૈકીનું એક છુટું વાક્ય પૂર્ણ અર્થ આપી શકતું નથી તેથી complex.

૮૦. Analysis કરતી વખતે પહેલું subject શોધવું અને subjectના sense enlarge કરનારા જે જે adjectives અથવા epithets લગાડ્યા હોય તે સઘળા subjectની સાથે subject ભેગા લેવાં. પછી ટુંકું ક્રિયાપદ finite verb ગોતવું, પછી object (direct and indirect), એ પછી વાક્યના અર્થને પૂર્ણ કરનાર complement ગોતવું; જેમકે he is **rich**, this man is **poor**, પછી વાક્યના અર્થમાં વધારો કરનાર extension ગોતવું જેમકે he is writing a letter **with my pen.**

૮૧. Analyse the following simple sentences:-

(a) An old, lofty, wide-spreading oak stood in the forest.

(b) The navigator Columbus, the discoverer of the New World, was badly treated.

(c) Several stars of less magnitude, formerly unobserved now appeared.

(d) Milton, in his tour, visited Galileo, the celebrated astronomer.

(e) The teachers are always poor.

subject. 1	finite verb 2	object 3	compl 4	extension 5
An...oak	stood	....	....	in the forest
The...world	was treated	....	....	badly
Several... unobsrved	appeared	....	....	now
Milton	visited	Galileo...... .astronomer	....	in his tour
The teachers	are	....	poor	always

૮૨. Compound વાક્યોમાં એક કર્તા અને બે ક્રિયાપદ અગર બે કર્તા અને એક ક્રિયાપદ હોય તો ક. ૭૯માં દર્શાવ્યા મુજબ વાક્યને છુટા પાડી બન્ને વાક્યો principal છે એમ લખવું, પરંતુ જુદા જુદા વાક્યો જુદા જુદા ઉભયાન્વયિ અવ્યયોની મદદથી (જુઓ ક. ૪૯ પાઠ ૬) એક compound વાક્ય બનાવતા હોય તો તેમાં જે મુખ્ય વાક્ય હોય તેને principal sentence કહેવું અને બીજા નાના વાક્યો co-ordinate clauses કહેવાય છે અને તે co-ordinate clauses ચાર જાતના છે.

૮૩. Analyse the following sentences:—

(a) They ran and saw the queen.

(b) These were thy charms but all thy charms are fled.

(c) Life is short, therefore let us improve it.

(d) He reads and writes well, therefore he will advance slowly but surely.

Compound Sentences.

No.		Kind of Sentence	Subject with Enl.	Predicate: Fin. verb	Obj.	compl.	Ext.	Connective
I	(1)	Principal	They	ran	...	...	...	...
	(2)	copul. co-ord. to (1)	(They)	saw	the queen	...	...	and
II	(1)	Principal	These	were	...	thy charms	...	...
	(2)	advers. co-ord. to (1)	all thy charms	are fled	...	...	...	but
III	(1)	Principal	Life	is	...	short	...	...
	(2)	illative co-ord. to (1)	(you)	let	us	impro-ve it	...	therefore
IV	(1)	Principal	He	reads	...	...	(well)	...
	(2)	copul. co-ord. to (1)	(He)	writes	...	...	well	and
	(3)	ill. co-ord. to (1) (2)	He	will advance	...	...	slowly	therefore
	(4)	adv. to (3) ill. to (1) (2)	(He)	(will) (advance)	...	...	surely	but

સૂચના:—જ્યાં જ્યાં કર્તા, ક્રિયાપદ કે હરકોઇ શબ્દ અધ્યહાર હોય ત્યાં ત્યાં પૃથક્કરણ કરતી વખતે તે તે શબ્દ કાંઉસમાં મૂકવો. જે clause અથવા clauses સાથે જેવા અને જેટલા સંબંધ હોય તે સઘળા દર્શાવવા. આખું વાક્ય કેવું છે તે ઉપર લખવું. આ ઉપરાંત એટલું યાદ રાખવું કે analysis માં ફક્ત બે ભાગ છે (1) Subject (2) Predicate. પહેલા ભાગમાં sub. with its enlargement એટલે કે વિશેષણો વિગેરે આવી જાય છે, અને બીજા ભાગમાં ઉપર દર્શાવ્યા મુજબ પાંચ બાબતો સમાઇ જાયછે.

૮૪. પૃથક્કરણથી ઉલટું 'એકીકરણ' synthesis છે. પૃથક્કરણમાં મોટા વાકયને નાના નાના વાકયોમાં મુકીએ છીએ, ત્યારે એકીકરણમાં નાના વાકયોનું એક વાકય બને છે. આવા નાના વાક્યોનું એક વાક્ય કરતી વખતે જેમ તેમ and, so, therefore, વિગેરે વાપરવું ઠીક નથી, પરંતુ present participle, past participle, infinitve, which, adverbial phrase વિગેરે વાપરવું. નીચેના ઉદાહરણો ધ્યાનમાં લેવા.

Combine the following sentences:—

(1) The wind was favourable. The ship set sail.

(2) A dog was crossing a narrow bridge over a stream. He had a piece of meat. It was in his mouth. He happened to look down.

(3) A bad boy does not go to school. A bad boy does not learn his tasks. A good boy minds his book.

Ans. (1) The wind being favourable, the ship set sail. (2) A dog, crossing a narrow bridge over a stream, with a piece of meat in his mouth, happened to look down. (3) A bad boy does not go to school or learn his tasks but a good boy minds his book.

૮૫. ઘણીવાર simple sentences નું compound અથવા complex sentence, active voice નું passive voice વિગેરે કરવામાં આવે છે એને 'conversion of sentences' કહેવાય છે, જેમકે As soon as you arrive, you shall call in a doctor આ વાક્યનું simple વાક્ય Just after your arrival you shall etc. એમ થઇ શકે છે. ઝાઝા વાક્યોનું એક મોટું વાક્ય પણ આ પ્રમાણે બની શકે છે.

Exercises.

I Analyse the following:—

(a) Let your wedding be to-morrow, and I will invite the duke and his friends; therefore go and persuade your shepherdess to agree to this.

(b) The usurper enraged at the flight of his daughter Celia, put himself at the head of a large force, and advanced towards the forest, intending to seize his brother, and put him to the sword.

(c) Here they lived like the old Robin Hood of England, and to this forest many noble youths daily resorted from the court, and did fleet the time very carelessly.

(d) In those times wrestling was a favourite sport even in the courts of princes, and before fair ladies and princesses.

(e) She is too subtle for you; her smoothness her very silence, and her patience, speak to the people, and they pity her.

(f) You are a fool to plead for her, for you will seem more bright and virtuous in her absence; therefore open not your lips in her favour.

(g) But feigned manliness and forced courage would no longer support them; for they were in the forest of Arden, no doubt, but they did not know the whereabouts of the duke.

(h) Please do this work and oblige me.

II Combine the following sentences:-

(1) The elephant surpasses all land-animals in size. It also surpasses them in strength. It is a native of Asia. It is also a native of Africa.

(2) Alexandria is one of the most celebrated cities of antiquity. It was formerly the resi-

dence of the kings of Egypt. It is situated on the shores of the Mediterranean.

(3) Sir Philip Sidney was seriously wounded. He was at a battle. It took place near Zutphen. The wound was inflicted by a musket shot. It broke the bone of his thigh.

(4) The king gained a victory. The king ruled over England. The victory was a decisive one. It was gained over the Scots. The battle was fought near Dunbar. Dunbar is on the south-east coast of Scotland. This took place in 1294 A. D.

(5) The battle was over. Edward marched to Calais. He besieged it by sea and land. In the meanwhile Robert Bruce took advantage of Edward's absence. He invaded England. He was king of Scotland. He was the ally of France.

(6) A husbandman sowed some corn in his fields. He had only recently done so. Cranes came to eat the corn. The husbandman fixed a net in his field to catch the cranes.

III Change the voice:—(a) The king struck his servant. (b) They told the messengers many

lies. (c) Slowly and sadly we laid him down. (b) He never found the ball. (e) They refused him permission. (f) The cricket match was played quickly. (g) They will be forced to submit. (h) You are expected to come immediately. (i) One would imagine he was mad.

IV Translate into English:—

અકબર પાદશાહનો ગાંડો હાથી છુટી જતાં બજારમાં આવી પહોંચ્યો. એક બાળક તેના પગ નીચે આવી ચગદાઇ જાય એવો જોગ અચાનક આવી ગયો. તે વખતે બજારમાં અકબરનો સેનાપતિ ચાલ્યો આવતો હતો, તે એકદમ દોડયો અને હીંમતથી હાથી સામે પડકારો કરી તે બાળકને બચાવી લીધું અને હાથી બીજી બાજુએ ચાલ્યો ગયો. અકબરના બાતમીદારોએ એ વાત અકબરને કહેતાં તે બહુ રાજી થયો.

બીજે દિવસે કચેરી ભરાતાં બાદશાહે, બાળકને બચાવી લીધા બદલ સેનાપતિને ભરકચેરીમાં ભારે શિરપાવ આપ્યો. સેનાપતિ ઉપકાર સાથે બોલી ઉઠયો કે, જહાંપનાહ ! મેં ઘણી લડાઇઓ લડી, લડાઇઓમાં હજારો યોધ્ધાઓને હણી આપની કીર્તિ વધારી છે, ને દેશો જીતી આપ્યા છે; તે વખતે મને પોશાક નહિ ને આજ આ નાની બાબતમાં પોશાક કેમ આપ્યો તે મને સમજાતું નથી. બાદશાહે કહ્યું કે "હણનાર કરતાં બચાવનાર કરોડો ગણો સારો છે."

Lesson XII

Miscellaneous Exercises.

૮૬. એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરતી વખતે જે ફકરાનો તરજુમો કરવો હોય તે ફકરો બરોબર વાંચી જવો અને તેનો અર્થ બરોબર સમજવો. એ પછી જુદા જુદા વાક્યોના કર્તા, ક્રિયાપદ, મુખ્ય બાબત, મુખ્ય વાક્ય વિગેરે વિચાર્યા પછીજ તરજુમો કરવો. તરજુમો કરતી વખતે વ્યાકરણના નિયમો યાદ રાખી શુધ્ધ ભાષા લખવી.

Exercises

I Give with meanings the plural forms of the following:—Penny, cloth, thief, grief, number, genius, emporium, datum, die, formula, syllabus, phenomenon, calf, barrister-at-law, beau, cherub, erratum.

II Write down the feminine of—Stag, Sultan, goose, earl, Mr, executor, lad, rustic, marquis, John, Charles, William, Czar, wizard, tailor, Viceroy.

III Give the possessive plurals of:—tutor, city, gentleman, citizen, child, woman, lady, attorney, brother, deer, army, summons.

IV Give the past tense and perfect participle of:— sing, fly, flow, flee, seek, sink, bid,

beseech, blow, eat, weave, slay, catch, thatch, preach, teach.

V Distinguish between (1) He loves you better than I; he loves you better than me. (2) You can but try; you cannot but try. (3) He reads hard; he hardly reads. (4) I have written the letter; I have the letter written. (5) an oil-lamp, lamp-oil. (6) a finger-ring; a ring-finger (7) a picture of the queen; a picture of the queen's. (8) a mad-house, a mad bouse. (9) a nobleman, a noble man. (10) He went to school, he went to the school. [11) He spoke little, he spoke a little. (12) The older men are the wiser; the older men are, the wiser they are [13] I can do it alone, I alone can do it. [14] He writes the language as well as speaks it, he writes the language as well as he speaks it.

VI Construct simple sentences using the following words as directed:—

passing (adv.), better (v.), say (n.), a mile (adv. acc.), needs (adv.), like (adj.).

VII Analyse:—

(a) Hastings had courted the judges since he

had found them useful instruments but he was not disposed to make them his own masters, or the masters of India.

(b) Hastings had intended, after settling the affairs of Benares, to visit Lucknow, and there to confer with Asaph-ud-Daulah.

(c) The mother of the late Nabob, and his wife were known as the Begums or Princesses of Oudh.

(d) Guinevere, the only daughter of Leodogran king of Cameliard, stood near the walls of the castle to see king Arthur passing by that way; but as the latter had put on the dress and armour of an ordinary knight and no distinguishing marks of a king, she could not mark or notice him.

VIII. Change the following into the indirect form:–

(a) Antony said:–"Friends, Romans, Countrymen, lend me your ears. I come to bury Cæsar, not to praise him. The evil that men do lives after them, The good is oft interred with their bones, So let it be with Cæsar."

(b) " Pardon me, dear master, " said Ariel. " I will obey your commands. " " Do so, " said Prospero, " " and I will set you free. "

"Heaven thank you, my dear father," said Miranda. "Now pray tell me, Sir, your reason for raising this sea-storm." " Know then, " said her father, "that by means of this storm my enemies are cast ashore upon this island. "

" Fear nothing my child, " said Prospero, " I have overheard and approve of all you have said. And Ferdinand, if I have too severely used you, I will make you rich amends by giving you my daughter. "

(c) " I wish I were a king's son " cried a poor boy as he sat on some straw in his wretched home.

"Why do you wish that, my boy ?" asked his teacher, who had entered unobserved.

"Why, Sir, I was standing by the palace gate this morning to see all the grand folk going to Court splendidly dressed in fine carriages. I thought how happy they must be to be allowed to see the queen and enter the beautiful palace." "What would you think if

,, I told you that you might be a king's son if you choose, this very moment ? " asked the teacher.

IX Change the following into the direct form:—

(a) I told him that I should not go out of his house until he had done justice to myself and my sister. To which he replied that as to that I might please myself, that I was welcome to remain in that house as long as I pleased, and that he hoped I should be comfortable while I hououred it with my presence; but that, as for himself, he unfortunately had an important engagement elsewhere just then, and would therefore be unable to enjoy my agreeable society.

(b) The boy wrote to his master that his parents had arrived form his village, and as he had to go and make arrangements for their accommodation, he requested him to grant him leave for that forenoon.

(c) I asked him how he dared to disobey my orders and whether he did not deserve to be punished. He said he was sorry he had offended me and hoped I would forgive him.

(d) He asked me when I intended to leave Madras. I told him that as that was the day of the examination, I could not leave then, but hoped to do so next day.

X Translate into English:—

1.

આ વેળાના સ્વદેશહિતેચ્છુ રાજા વિદ્યાહુન્નરને ઉત્તેજન આપતા. દેશમાં વિદ્યાનો વધારો થાય માટે વિદ્વાનોને આશરો આપતા. તેમનામાં જેઓ મહાકુશળ અને વડા હતા તેઓને દરબારમાં બોલાવી માન આપી પોતાની કને રાખતા. કસબી કારીગરોને ઇનામ આપી હિંમત આપતા. વિદ્યા તથા કળાનો સુધારોવધારો અને પ્રચાર થાય તેવા ઉપાય કરતા. પંડિતાદિકોને રાજ્યનો આશ્રય મળતો. તેઓને લોકોપયોગી કામ સોંપતા. સરકારી પાઠશાળામાં ભણાવવું, તથા ગ્રંથો રચવા, જુના હોય તેમાં સુધારો કરવો, અને નવા શોધ કરવા, એ તેમના મુખ્ય કામ હતાં. રાજા જયશિખર કેળવાએલો નર હતો. મૂર્ખ રાજાના દરબારોમાં જુઠા ખુશામતીઆ અને ખોટા વખાણ કરનારા હોય છે તેવાનું તે મ્હોં ન જોતો. સત્ય તેને બહુ વહાલું હતું. જુઠા વખાણથી કેવી ખરાબી થાય છે તે એ ચતુર રાજા સારી પેઠે જાણતો હતો. એના દરબારમાં તો ખરાજ ટકી શકતા. (વનરાજ ચાવડો.)

2

અરે ! રાજા, તું કાલ કાલ કરે છે પણ કાલનો કોને ભરોંસો છે. આપણા માથા ઉપર કાળ ભમ્યા કરે છે. તે આપણને ક્યારે કોળશે

તે કોઇને માલૂમ નથી. વૃદ્ધજ તેની ચપેટીમાં આવે છે એમ નથી; બાળક પણ મરે છે અને જુવાન પણ મરે છે, એકથી તે સો વર્ષના વયમાં એવું કોઇ વર્ષ નથી, એવો કોઇ દિવસ નથી, અરે ! એવી કોઇ ઘડી નથી, કે તે વખતે તો મરણ આપણને નહિ છોડે એમ કહેવાઇ શકે. લગ્નાદિ કામના મુહુર્ત છે—મરણને મુહુર્ત નથી. આજનો આ સૂર્ય કાલે પાછો પૂર્વમાં ઉગશે, એટલામાંજ આખી પૃથ્વીમાંનાં કેટલાં જુવાન, કેટલાં બાળક, કેટલાં વૃદ્ધનાં રોગી અથવા કેળ સરખાં કોમળ શરીરો અગ્નિ ભેગાં થશે તેનો તેં વિચાર કીધો છે ? અરે ! રાજા ! તેં રણક્ષેત્રમાં ઘણા મનુષ્યોના પ્રાણ ખોવડાવ્યા હશે, પણ તેથી વધારેના પ્રાણ અજીત યમરાજ નિશદિન લયાંજ કરે છે. જન્મ ધરીને એક ક્ષણ પણ આલસ્ય કરવાનું કામ નથી. આયુષ્યમાનું એક ક્ષણ તારા જેવાં કોટિ રાજ્ય કરતાં વધારે મૂલ્યવાન છે. પરમેશ્વર ન કરે, પણ કદાપિ તમારો દેહ કાલે પડયો, તો, મહારાજ, આજે મોક્ષરૂપી અમૃતનો પ્યાલો ઢોળી નાંખોછો તેનો પશ્ચાત્તાપ થશે, પણ પછી કાંઇ વળવાનું નથી. મહારાજ, કોઇ દહાડો નહિ, ને આજેજ હું કહેવા આવ્યો છું તેથી વિચાર કરો કે કંઇ કારણ હશે. મને વધારે નહિ પૂછો, પણ કાલની વાત ન કરો

(નવલગ્રંથાવલિ.)

૩

જે દિવસ ગયા તે તો સર્વદા ગયા અને જે દિવસ આવવાના છે તે ઉપર મુદ્દલ ભરોંસો નથી; વાસ્તે હો માનવી ! તને ઘટે છે કે જે વખત તારો વ્યર્થ ગયો હોય તેની ચિંતા કે દિલગીરી કર્યા વગર અને જે વખત આવવાનો છે તે ઉપર ઘણો આધાર રાખ્યા

વગર તું તારા ચાલતા વખતનો રૂડો ઉપયોગ કર. ચાલતો વખત એ તારો વખત છે; હવે પછીનો વખત ભવિષ્યના ગર્ભમાં છે, અને તું જાણતો નથી કે તે ગર્ભમાંથી શું નીકળશે. વાસ્તે જે કાંઇ કરવા વિષે તું ઠરાવ કરતો હોય તો તે જલદીથી કર અને જે કાંઇ સવારે થઇ શકતું હોય તે સાંજ ઉપર ન રાખ.

આળસાઇ, એ દુઃખ અને તંગીનો એક મોટો પિતા છે. પ્રામાણિક ઉદ્યોગથી સુખ અને વૈભવ ઉત્પન્ન થાય છે. ઉદ્યોગનો હાથ તંગીને નસાડે છે. ઉદ્યોગી માણસના સાથી સુખ અને વૈભવ છે. જે પુરૂષ દોલત મેળવે છે, જે પુરૂષ મોટી પદવીએ ચ્હડે છે, જે પુરૂષ આબરૂ અને માનથી ભરપૂર છે, જે પુરૂષની સ્તુતિ સર્વ લોક કરે છે, જે પુરૂષ રાજદ્વારી કચેરીમાં બેસે છે તે પુરૂષ કેવા ઉદ્યોગી અને ચપળ છે તે તું તપાસ. તે પુરૂષ આળસને પોતનાં ઘરમાંથી વેગળું રાખે છે અને આળસુને પોતાનો કટ્ટો શત્રુ કરી લેખે છે.

ઉદ્યોગી પુરૂષ સવારના જલદીથી ઉઠે છે અને રાતના મોડા સુવે છે. તે વિચારથી પોતાના મનને અને મહેનતથી પોતાના તનને કસરત આપીને સુખાકારી સ્થિતિમાં રાખે છે. પણ આળસુ માણસ પોતાની ઉપરે પોતે એક મોટો ભાર થઇ પડે છે. દરેક ઘડી અને દરેક પળ તેને મોટી માલમ પડે છે. તે અહીંથી તહીં તરફડીઆં મારે છે અને જાણતો નથી કે "હું શું કરૂં." તેના દિવસ વાદળાંના ઓળાની પેઠે જતાં રેહે છે અને તેની યાદગીરીની કંઇ પણ ઈંધાણી પાછળથી માલમ પડતી નથી. તેનું શરીર મેહેનત વગર, રોગ અને દરદથી ભરેલું રહે છે. તે કામ કરવાને કોઇ કોઇ વેળાએ ઇચ્છા રાખે છે પણ તેનામાં ચાલવાની શક્તિ રહેતી નથી. તેનું મન અંધા-પામાં આવી જાય છે. તેના વિચાર ગભરાટમાં આવી પડે છે. તે

જ્ઞાન મેળવવાની ઇચ્છા દેખાડે છે પણ મહેનત કરતો નથી. તે બદામનો માવો ખાવાને વણોજ આતુર રહે છે પણ તેનાં છોડાં ભાંગવાને તેને આળસ થાય છે.

તેનાં ઘરમાં સર્વ ઠેકાણે અંધેર અને અવ્યવસ્થા માલમ પડે છે. તેનાં ચાકરો ઉડાઉ અને મસ્તીખોર હોય છે. તે નિત્ય ખરાબીના પંજામાં વધારે અને વધારે આવતો જાય છે. તે પોતાની આંખે જોવે છે અને કાને સાંભળે છે; તે પોતાનું માથું હલાવે છે અને મોટી મોટી ઉમેદો બાંધે છે; પણ તેનામાં નિયમ અને નિશ્ચય નથી. વંટાળીઆ પવનની પેઠે ખરાબીનું વાદળ તેની ચારેગમ આવીને વીંટલાઇ જાય છે અને આખર તે શરમ તથા દિલગીરીમાં પડી દુનિયા છોડી ચાલતો થાય છે.

(નીતિવચન.)

4—બીજાઓના સુખને માટે સ્વાર્પણ.

તમે અર્જુનનું નામ તો સાંભળ્યું છે. તે અર્જુનને એવો અહંકાર હતો કે મારા જેવો પ્રભુનો ભક્ત કોઇ છેજ નહિ. તેનો અહંકાર ઉતારવાને પ્રભુએ એક યુક્તિ કરી. પોતે એક વગડા બ્રાહ્મણનું રૂપ લીધું અને અર્જુનને પોતાના શિષ્યનું રૂપ લેવરાવ્યું. પછી બન્ને ફરતાં ફરતાં રત્નપુરી નામના શહેરમાં આવ્યા. તે નગરનો રાજા મયૂરધ્વજ હતો. તે બહુ પરોપકારી અને ભગવાનનો મોટો ભક્ત હતો. વળી તે બહુજ સત્યવાદી હતો અને લીધેલી ટેક મુકતો નહિ. પછી ભગવાન અર્જુનને મયૂરધ્વજ રાજા પાસે લઇ ગયા. તેમને જોઇને રાજા તરતજ ઉભો થયો, અને તેમને પગે લાગીને પૂછવા લાગ્યો કે, "મહારાજ, આપનો શો હુકમ છે? મારાં મોટાં ભાગ્ય કે આપ જેવા પવિત્ર બ્રાહ્મણ મારે ત્યાં પધાર્યા! કહો હું

આપની શી સેવા કરૂં ?" બ્રાહ્મણે કહ્યું. "હે રાજા, તારી કીર્તિ સાંભળીને હું આવ્યો છું, પણ મારૂં કામ બહુ કઠણ છે એટલે કદાચ તારાથી નહિ બને એમ હું માનું છું." રાજાએ કહ્યું: "મહારાજ, ગમે તેવું કઠણ કામ હશે તો પણ તે કરવા હું બંધાઉં છું" બ્રાહ્મણે કહ્યું: "હે રાજા, આ ગામમાં મારા દીકરાની વહુનું પીયર છે. તેને તેડવા માટે મારા શિષ્યને લઇને હું અહીં આવતો હતો તેટલામાં પાસેના જંગલમાંથી એક રાક્ષસ આવ્યો અને આ મારા શિષ્યને ખાઇ જવા મંડયો. મેં એને ઘણી આજીજી કરી કહ્યું કે, તું એને જવાદે અને મને ખાઇ જા. ત્યારે તેણે કહ્યું કે, ના, હું તો હંમેશાં જુવાનોનેજ ખાઉં છું. ત્યારે મેં ફરીથી પૂછયું કે ભાઇ, કોઇપણ રીતે મારા શિષ્યને તું બચાવીશ ? તેણે છેવટે મને એક ઉપાય બતાવ્યો. હે રાજા, હવે તે વાત આપની પાસે કહેતાં મારી જીભ ઉપડતી નથી." રાજા બોલ્યો: "હે બ્રાહ્મણ, રાક્ષસે બતાવેલો ઉપાય ગમે તેવો કઠણ હશે તો પણ તે પ્રમાણે કરવા હું તૈયાર છું. પારકાનું દુ:ખ ભાંગવું તે મારો ધર્મ છે. માટે હે મહારાજ, કાંઇ પણ ખેદ પામ્યા વિના જે વાત હોય તે કહી દ્યો." પોતાને જાણે બહુજ દિલગીરી થતી હોય એવો ઢોંગ કરી તે બ્રાહ્મણ બોલ્યો: "હે રાજા, જગતમાં બોલવાવાળા તો બહુ હોય છે, પણ બોલવા પ્રમાણે કરી બતાવવાવાળા બહુજ ઓછા હોય છે; તો પણ તારી ઇચ્છા છે તો તે વાત સાંભળ. રાક્ષસે મારી સાથે એવી શરત કરી છે કે મયૂરધ્વજ રાજાના શરીરને તેનો કુંવર અને તેની રાણી કરવતથી વહેરે, અને વહેરતાં વહેરતાં ત્રણેમાંથી કોઇએ એક પણ આંસુનું ટીપું પાડવું નહિ. છેવટે વહેરતાં વહેરતાં જ્યારે બધું શરીર વહેરાઇ રહે ત્યારે તેના શરીરનો જમણો અર્ધો ભાગ મને આપી દેવો." રાજાએ

કહ્યું: "હે મહારાજ, આપ જરાએ મુંઝાશો નહિ. આપનું સંકટ દૂર કરવા માટે રાક્ષસની શરત પ્રમાણે હું કરીશ." પછી તેણે પોતાના પુત્રને અને રાણીને બોલાવ્યા, કરવત મંગાવી અને સર્વ હકીકત જણાવીને તે બોલ્યો: "આ કરવત છે તે હવે તમે લ્યો અને મારા શરીરને વહેરવા માંડો. મારૂં આ શરીર પરોપકારના કામમાં જાય છે એટલે હું માનું છું કે પ્રભુની મારા ઉપર પૂરેપુરી કૃપા થઇ. તમે કોઇપણ રીતે દિલગીર થશો મા. હવે તમે તમારૂં કામ જલદી ચલાવો."

આ વાતની ગામમાં ખબર થતાં લોકોનાં ટોળેટોળાં રાજમહેલમાં ભેગાં થયાં અને તે દેખાવ જોઇને સૌ રોવા લાગ્યાં. રાણીએ ધીરજ રાખીને બ્રાહ્મણને કહ્યું કે, હે મહારાજ, હું રાજાની અર્ધાંગના છું, તો આ મારો દેહ લઇ જઇને રાક્ષસને સંતોષો. બ્રાહ્મણે કહ્યું: તમે તો સ્ત્રી છો એટલે તે વાત નહિ બને. રાણીએ કહ્યું: અરે ! અરે ! હું કેવી હીણભાગી કે મારૂં શરીર પરોપકારના કામમાં નથી આવતું. રાજાના પુત્રે કહ્યું: હે મહારાજ, રાજાનો હું અંશ છું, માટે મને લઇ જઇને રાક્ષસને રાજી કરો. બ્રાહ્મણે કહ્યું: ભાઇ, તેણે તો રાજા મયુરધ્વજનાજ શરીરની માગણી કરી છે, બીજાની નહિ. કુંવર પણ દિલગીર થઇને બોલ્યો કે, અરેરે, હું પણ હીણભાગી કે મારૂં શરીર પણ બીજાના કામમાં આવતું નથી.

છેવટે દિલગીર થઇને બન્નેએ કરવત લીધું અને રાજાનું માથું વહેરવા માંડયું. વહેરતાં વહેરતાં નાક સુધી આવ્યાં, ત્યારે મયૂરધ્વજની ડાબી આંખમાંથી એક ટીપું આંસુનું પડયું, આ જોઇને તે બ્રાહ્મણ બોલી ઉઠયો: બસ, હવે મારે તેનું શરીર કામ નહિ આવે, કારણકે આપણે એવો ઠરાવ કર્યો હતો કે એક પણ આંસુનું ટીપું ન પડવું

જોઇએ, છતાં એક આંસુ તેની આંખમાંથી નીકળી પડયું છે. પછી પોતાના શિષ્ય તરફ જોઇને તે બોલ્યો: ચાલ, ચાલ, હવે આપણું કામ સરે તેમ નથી. પછી બન્ને ચાલવા લાગ્યા ત્યારે મયૂરધ્વજે તે બન્નેને વિનતિ કરી પાછા બોલાવ્યા અને કહ્યું કે, મહારાજ, આપ મારી વાત સાભળો. હું જરાએ રોયો નથી. મારી ડાબી આંખમાંથી આંસુનું એક ટીપું પડયું તેનું કારણ તો એ હતું કે મારા ડાબા અંગને બહુ દિલગીરી થઇ. તેને એમ લાગ્યું કે આ જમણું અંગ કેવું ભાગ્યશાળી કે તે પરોપકારના કામમાં જશે અને હું અહીં નિરૂપયોગી પડયું રહીશ. પોતે બીજાના કામમાં નથી આવતું તેથી તે રૂએ છે.

આ વચન રાજા બોલી રહ્યો કે તરતજ ભગવાને પોતાનું ખરૂં રૂપ બતાવ્યું અને મયૂરધ્વજના માથા ઉપર હાથ ફેરવ્યો એટલે તેનું શરીર હતું એવું થઇ ગયું. સર્વે ઉભા થયા અને ભગવાનને પગે પડયા. ભગવાને તેમને બહુ આશીર્વાદ આપ્યા અને મયૂરધ્વજના પરોપકારનાં બહુ વખાણ કર્યાં; પછી અર્જુનને લઇને પાછા ફર્યાં. આ જોઇને અર્જુન બહુ શરમાઇ ગયો અને તેનો પોતાનો જે ગર્વ હતો તે છૂટી ગયો.

કોઇ દિવસ અહંકાર ન કરવો. આપણામાં એક કહેવત છે કે 'નમ્યા તે પ્રભુને ગમ્યા.' માટે આપણે તો હમ્મેશાં નમ્રતાજ રાખવી. ગમે તેટલું દુ:ખ વેઠીને પણ આપેલું વચન પાળવું.

(બાળ સદ્‌બોધ)

5—સોબત તેવી અસર.

આપણામાં કહેવત છે કે સોબત તેવી અસર. આ ઉપર હું તમને રામાયણમાંથી એક વાત કહું તે સાંભળો. અયોધ્યામાં દશરથ

નામે એક રાજા હતા. તેને કોશલ્યા, સુમિત્રા, અને કૈકેયી નામની ત્રણ રાણીઓ હતી. તેને ચાર પુત્રો હતા. કોશલ્યાના પુત્રનું નામ રામ, સુમિત્રાના પુત્રનું નામ લક્ષ્મણ અને શત્રુઘ્ન, તથા કૈકેયીના પુત્રનું નામ ભરત. હવે દશરથરાજા વૃદ્ધ થયા એટલે રામચંદ્રજીને રાજ્યગાદી સોંપવા તેમણે વિચાર કર્યો. આ સંબંધમાં તેમણે પોતાના ભાયાતો, અમલદારો અને પ્રજાનો મત લીધો અને તેઓએ પણ તેમની વાતને ટેકો આપ્યો. પછી રામને ગાદીએ બેસાડવાને દશરથ રાજાએ એક શુભ દિવસ નક્કી કર્યો. ગામમાં આ વાતની ખબર પડી એટલે લોકોએ આગલે દિવસે ઠામોઠામ ધ્વજ–પતાકા ગોઠવી દીધાં. સૌએ પોતપોતાના ઘરને રંગ કરાવ્યો, બારણે સુશોભિત તોરણો ટાંગી દીધાં અને મોટા રસ્તા ઉપર સુગંધી પાણી છંટાવા લાગ્યા. નિશાળના છોકરાઓ પણ આનંદમાં આવી ગયા હતા, કારણ કે તેમને છુટી મળશે અને મીઠાઇ મળશે એવી આશા હતી.

હવે કૈકેયીની દાસી કે જેનું નામ મંથરા હતું તે આ બધી ધામધુમ જોઇને તથા રામ કાલે ગાદીએ બેસવાના છે તે જાણીને બહુજ દિલગીર થઇ અને કૈકેયી પાસે આવીને બોલી કે, “ હે રાણી કાલે રાજા તો રામને ગાદીએ બેસાડવાના છે.” રાણીએ રાજી થઇને કહ્યું કે, “ હે મંથરા તેં મને બહુજ સારી વધામણી આપી અને તેના બદલામાં હું તને આ મારો મોતીનો હાર ઇનામ આપું છું. ” આમ કહીને તેને હાર આપ્યો. તે હાર જમીન ઉપર ફેંકી દઇને મંથરા ક્રોધથી બોલી: “ હે રાણી, તમને શું થઇ ગયું છે ? રામ ગાદીએ આવે છે તેથી તો તમારૂં નખોદ નીકળી જશે. રામની માતા કૌશલ્યાનું જોર વધશે અને તમને તે દબાવશે, કનડશે, હેરાન કરશે અને પજવશે.”

કૈકેયી બોલીઃ "હે મંથરા હું મારા ભરત અને રામમાં કાંઇ ભેદ જોતી નથી. વળી રામ સૌથી મોટા છે, માટે ગાદી તો તેમનેજ મળવી જોઇએ." મંથરા બોલીઃ "હે કૈકેયી, તમને તમારા દીકરાની પણ દરકાર નથી; રામ ગાદીએ આવશે તો ભરતને મારી નખાવશે, અને પછી તમારે કૌશલ્યાની દાસી થઇને રહેવું પડશે. જુઓને, આ તમારો ભરત એ મોસાળ ગયો છે એને કોઇ સંભારે પણ છે ?" કૈકેયીએ કહ્યું: "મંથરા આવું અવળું તને ક્યાંથી સૂઝયું ? તું ફોકટનો સંતાપ કર મા." મંથરા ગુસ્સે થઇને બોલીઃ "રાણીજી, અવળું તે મને સૂઝયું છે કે તમને ? જરા તો હૈયું ફોડીને જુઓ. પારકું તે પારકું અને પોતાનું તે પોતાનું. પારકા પોતાના થયા છે કે રામ તમારો થશે ? મને તો તમારા માટે પેટમાં બળે છે, અને મેં તમારૂં અન્ન ખાધું છે એટલે આ કહું છું." બહુ વિચાર કરીને કૈકેયી બોલીઃ "મંથરા, તારી વાત મને ખરી લાગે છે હો; પણ હવે વખત થોડો છે એટલે આપણે શું કરી શકીશું ? તને કાંઇ ઉપાય સૂઝે છે ?" મંથરા રાજી થઇને બોલીઃ "રાણીજી, તમે મુંઝાઓ મા. હજી કાંઇ બાજી બગડી ગઇ નથી. તમે રાજા સાથે યુદ્ધમાં ગયા હતા અને તેમને સહાય કરી હતી તે વખતે તમને તેણે બે વચન માગી લેવાનું કહ્યું હતું તે વાત તમને યાદ છે ને ?" કૈકેયી બોલીઃ "હા બેન, તે વરદાન હજુ સુધી મેં રાજા પાસે લેણાંજ રાખ્યાં છે." મંથરા બોલી; "હવે તે વરદાન માગી લેજો. રાજા તમારે મહેલે આવે ત્યારે તમે રીસાઇને સૂઇ જજો, અને જખરો ઢૉંગ કરીને તેને છેતરજો. પછી લાગ જોઇને એક વરદાનથી રામને ચૌદ વર્ષનો વનવાસ મળે અને બીજા વરદાનથી ભરતને રાજગાદી મળે એમ માગજો. જોજો, ભૂલતાં નહિ હો ! આ લાગ ભૂલ્યાં તો

પછી આપણો કાંઇ ઇલાજ નથી." છેવટે મંથરાની ખરાબ સોબતથી રાણી કૈકેયી ભોળવાઇ. તેણે રાજા પાસેથી બે વરદાન માગી લીધાં. આથી રામ, સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા. પછી દશરથ રાજા મરણ પામ્યા અને છેવટે ભરતે પણ પોતાના મોટાભાઇનું રાજ્ય ન લીધું અને કૈકેયીને બહુજ ઠપકો આપ્યો તથા મંથરાને ખૂબ લગાવી.

ખરાબ માણસની સોબત ન કરવી, કારણકે તેથી આપણી બુદ્ધિ બગડે છે, અને ખરાબ કામ કરવાનું મન થાય છે. વગર વિચારે કોઇને વચન નં આપવું, કારણ કે તેથી પાછળથી પસ્તાવું પડે છે. જે કોઇ બીજાનું બુરું કરવા જાય તેનુંજ બુરું થાય છે.

(બાળ સદ્બોધ)

૬—કર્તવ્ય.

કર્તવ્ય એટલે જે આપણે કરવું જોઈએ તે, અથવા બીજાઓ તરફ જે આપણે કરવાને બંધાયલા છીએ તે. એને મળતો અંગ્રેજીમાં duty શબ્દ છે. Duty એ શબ્દનો મૂળ અર્થ પણ કરજ થાય છે—જે કરજ અદા કરવાને આપણે સર્વ બંધાએલા છીએ તે. માણસ એકલો રહી શકે નહિ. પરમેશ્વરે માણસને જથ્થા કે સમૂહમાં રહેવાને સરજેલો છે. જન્મથી મરણ સુધી આપણને એક બીજાની જરૂર પડે છે. આપણને ખોરાક જોઇએ; પણ તે આપણે એકલા ઉત્પન્ન કરી શકતા નથી. તે તો બીજાઓ આપણા માટે પેદા કરે છે, આપણને પહેરવાને વસ્ત્ર જોઇએ જે બીજાઓ બનાવે છે. રહેવાને ઘર જોઇએ જે બીજાઓની મદદ વગર આપણે બાંધી શકીએ નહિ. જેમ બીજાઓ આપણે માટે કામ કરે છે તેમ આપણે બીજાઓ માટે કામ કરવું જોઇએ. જેમ આપણે માટે કામ કરીને બીજાઓ પોતાનું

ગુજરાન કરે છે તેમ બીજાઓ માટે કામ કરીને આપણે આપણું ગુજરાન કરીએ છીયે. બાળપણમાં આપણને માબાપની સંભાળની જરૂર હોય છે. જેમ મોટા થતા જઇએ છીએ તેમ બીજાઓની મદદની જરૂર પડે છે, તેમ આપણી મદદની બીજાઓને જરૂર પડે છે. જનસમૂહમાં દરેક જનને પોતાની આસપાસના સવળાઓની જરૂર પડે છે.

જ્યારે માણસો સમજતા થાય છે કે આપણો એકેક ઉપર આધાર છે ત્યારે તેઓ પોતાની ફરજો વધારે સારી રીતે સમજવા લાગે છે. તેઓ બીજાઓને પોતાના ભાઇઓ સમજે છે. જ્યારે આવી સમજ જનસમાજમાં વધે છે ત્યારે જંગલી સ્થિતિમાંથી સુધરેલી સ્થિતિમાં માણસ આવે છે, અને જેમ સુધારો વધતો જાય છે તેમ આપણી ફરજ પણ વધતી જાય છે. ફરજ આપણા જન્મથી શરૂ થાય છે, મોટા થઇએ તેમ વધતી જાય છે અને જ્યારે ક્ષણભંગુર દુનિયા છોડીને જઇએ ત્યારેજ તે પૂરી થાય છે.

એક ઘણા વિશ્વાસુ ચાકરને તેના શેઠે પુછ્યું, 'તને જે પગાર મળે છે તેનું તું શું કરે છે?' તે ચાકર બોલ્યો, 'સાહેબ અર્ધો ભાગ ખરચું છું, ચોથો ભાગ ઉછીનો આપું છું, અને બાકી રહેલો ચોથો ભાગ હું જુનું કરજ અદા કરવામાં ખરચું છું.' શેઠ આ જવાબથી ગુંચવાયો અને બોલ્યો, 'આમાં મને કાંઇ સમજ પડતી નથી.' ચાકરે કહ્યું, "સાહેબ, મારા પગારનો અર્ધ ભાગ ખોરાક, પોષાક અને રોજની બીજી જોઇતી વસ્તુઓ લાવવામાં ખરચું છું. બાકી રહેલા અર્ધા ભાગમાંથી અર્ધો ભાગ મારાં બાળકોની કેળવણીને માટે ખરચું છું. એ ઉછીનું આપ્યું કહેવાય. કેમકે જ્યારે હું ઘરડો અને અશક્ત થઇશ ત્યારે મારાં બચ્ચાં મને પાળશે અને મારું

ઉછીનું આપેલું વાળશે. બાકીનો ચોથો ભાગ હું મારા ઘરડાં માબાપને આપું છું. મારાં માબાપે મને પાળ્યો. પોષ્યો, કેળવણી આપી સારો ધંધો શિખવ્યો જેથી હું આજે દાળરોટલીએ સુખી છું. એ સર્વ રૂડાં વાનાં એમના પ્રતાપથી છે. આ રીતે હું મારૂં જુનું કરજ અદા કરૂં છું."

આપણે દરેક જણને ઘણી ફરજો બજાવવાની છે. બાળપણમાં માબાપ તથા ગુરૂની આજ્ઞા પાળવી એ આપણી ફરજ છે. મોટપણે બાળબચ્ચાં, ઘરડાં માબાપ, સગાસંબંધી, આડોશીપાડોશીને મદદ કરવી એ આપણી ફરજ છે. શહેરી તરીકે આપણા શહેર તથા દેશ પ્રત્યે આપણી ફરજ બજાવવાની છે. નાના અને મોટા, ઘરડા અને જુવાન, ધનવાન અને નિર્ધન, કેળવાયલા અને અજ્ઞાન, રાજ્યકર્તા અને રૈયત—એ સર્વે એકેક ઉપર આધાર રાખે છે, અને તેથી કરીને સર્વને એક બીજા તરફ ફરજ બજાવવાની છે.

(વેલ્સકૃત પાઠમાળા ભાગ ૪)

7–ઉદારતા.

તુર્ક લોકોએ યૂરોપખંડમાં પગ મુક્યો અને જે દેશ હાલ યૂરોપી તુર્કસ્તાન કહેવાય છે તેનો કબજો લીધો તે પહેલાં તેમનો રાજગાદીનું મુખ્ય શહેર બગદાદ હતું અને તેમના મહારાજા ખલીફ કહેવાતા હતા. બગદાદનાં ખલીફ અને સ્તંબોલના ગ્રીક મહારાજાઓ વચ્ચે નિરંતર લડાઇ થતી હતી. ગમે તે થાય પણ સ્તંબોલ તો લેવુંજ એવો દઢ નિશ્ચય તુર્કોએ કર્યો હતો તેમજ સ્તંબોલના ગ્રીક મહારાજાઓએ પણ તુર્કોને યૂરોપની ભૂમિ પર પગ ન મુકવા દેવાને કમ્મર કસી હતી. એક ખૂની લડાઇમાં ગ્રીક મહારાજા હાર્યો અને

કેદ પકડાયો. તેની પીઠ પાછળ તેના હાથ બાંધીને તેને ખલીફ આગળ લઇ આવ્યા. તેની ભવ્ય કાન્તિ જોઇને ખલીફ છક થઇ ગયો, તોએ તેની હિમ્મત કસી જોવાને ખલીફ બોલ્યો, " હે ! રાજા, તું જુવે છે કે તું મારા હાથમાં સપડાયો છે. હું ચાહું તે તને કરી શકું. બોલ, તું મારા તરફથી શાની આશા રાખે છે ? " કેદી રાજાએ ઉમદા જવાબ આપ્યો કે, " જ્યારે બે રાજા લડે છે ત્યારે તેઓ કાં તો રાજવંશી તરીકે લડે છે, કાં તો વેપારી તરીકે લડે છે, અથવા તો કસાઇ તરીકે લડે છે. જો તું રાજવંશી પેઠે લડતો હોય તો મને મારે દેશ વિદાય કર અને આપણે કાલકરાર કરીએ જેની શરતો અલબત તારા લાભમાં થશે. જો તું વેપારી તરીકે લડતો હોય તો તું મને ગુલામ તરીકે વેચશે અને બને તેટલી ભારે કિમ્મત લેશે. અને જો તું કસાઇની પેઠે લડાઇ કરતો હોય તો તું મને અપમાનભરેલા મરણને આધીન કરશે. " આ ઉમદા જવાબ સાંભળતાં ખલીફના મનમાં ઉંચાં મનોભાવ ઉત્પન્ન થયા. તે વખતે એવો ધારો હતો કે વિજયી રાજા બંદિવાન રાજાને લોઢાના પાંજરામાં ઘાલી ચોટામાં બેસાડતો અને આવતા જતા માણસો તેના પર થુંકતા અને અપમાન કરતા. ત્યાર પછી તેનો શિરચ્છેદ કરવામાં આવતો. પણ ખલીફે તેમ ન કરતાં કેદી રાજાને પોતાને દેશ મોકલાવ્યો અને તેની સાથે સલાહ કરી.

(વેલ્સકૃત પાઠમાળા ભાગ ૪)

૪–નદી.

નદી જોવાથી માણસનો સંસાર યાદ આવે છે. જેમ નદી પહાડમાંથી નીકળતી વખતે નાની હોય છે તથા બહાર પડયા પછી થોડેક સુધી તે ફૂલોમાં તથા કાંકરામાં રમતી રમતી જાય છે, તેમ

માણસ બાલ્યાવસ્થામાં કરે છે. નદી આગળ ચાલ્યા પછી તેમાં બીજી નદીઓ આવીને મળે છે, તેમ માણસો મોટા થયા પછી ઘણા જોડે સંબંધ બાંધે છે. નદી વધારે આગળ ચાલ્યાં પછી એટલી મોટી થાય છે કે તે ઘણાએક માણસોને ઘણી અગત્યની થઇ પડે છે, તથા તે ઉપર વહાણો ફરી વ્યાપાર ચાલે છે, તથા માણસના સુખને તથા શોખને વાસ્તે જે વસ્તુઓ જોઇએ તે સઘળી પૂરી પાડે છે, તેમ માણસ ભરજુવાનીમાં બીજાઓને ખપ લાગે છે, તથા ભારે ભારે કામો માથે લે છે, અને નદી જેમ છેલ્લી વારે અમર્યાદ સમુદ્રને મળીજાય છે તેમ માણસ પણ અંતે લોપ થઇ તેનું અંતવાન આયુષ્ય અનંતકાળ સાથે મળી જાય છે. માટે નદીઓ જોયાથી માણસની જીંદગી ઉપર તેના વિચાર દોડે છે.

(વેલસકૃત પાઠમાળા ભાગ ૪)

9–ખોદે તે પડે.

હું તમને જે વાત કહેવાનો છું તે વાત મદ્રાસ ઇલાકામાં બનેલી છે. એક વાણીઓ હતો તે ગામડામાં ઉઘરાણીએ ગયો. ત્યાંથી ઉઘરાણી કરતાં કરતાં સાંજ પડી ગઇ એટલે તે ઉતાવળો ઉતાવળો મુસાફરી કરીને એક મોટા શહેરમાં પહોંચી ગયો. પોતાની પાસે હજાર રૂપીઆનું જોખમ હતું તેથી પોતાના એક ઓળખીતા બ્રાહ્મણને ત્યાં ગયો. તે બ્રાહ્મણ બહાર ગામ ગયો હતો પણ તેની બે બેનો હતી. તેણે પેલા વાણીયાને પોતાને ત્યાં ખુશીથી ઉતરવા દીધો. વાણીયાએ પોતાની પાસે જે જોખમ હતું તે પેલી બે બેનોમાં જે મોટી હતી તેને આપ્યું અને કહ્યું કે, " હું સવારે જઇશ ત્યારે તમારી પાસેથી લઇ જઇશ. " વાણીયાને તો સારી રીતે જમાડીને બહાર ફળીયામાં એક ખાટલો પાથરીને સુવાડયો. વાણીયાના હજાર રૂપીઆ

જોઇને પેલી મોટી બેનની દાનત બગડી અને તેણે વાણીયાને મારી નાખવાનો વિચાર કર્યો. તેણે પોતાનો આ વિચાર પોતાની નાની બેનને કહ્યો અને તે કામમાં તેની મદદ માગી. તેની નાની બેને આવું ઘાતકી કામ કરવા ચોકખી ના પાડી અને પોતાની મોટી બેનને ખૂબ ઠપકો આપ્યો.

પછી બન્ને બેનો ઓરડામાં સૂવા ગઇ. થોડી વારમાં નાની બેન ઉઠી અને તેને પેલા મુસાફર ઉપર બહુ દયા આવી, તેથી તેને ફળી-યામાંથી એકદમ ઉઠાડી એક બીજા ઓરડામાં પથારીએ સુવાડયો અને પછી પોતે નિરાંતે સૂઇ ગઇ. હવે તે બેનોનો ભાઇ જે બહાર ગામ ગયો હતો તે આવ્યો. તે થાકયો પાકયો હતો એટલે પેલા વાણીયાવાળા ખાલી પડેલા ખાટલામાં એકદમ સૂઇ ગયો. મોટી બેન જાગી અને એક છરો લઇને અંધારે અંધારે ખાટલા પાસે ગઇ અને ભર ઉંઘમાં પડેલા માણસને મારી નાંખ્યો અને પાસેના એક કુવામાં મડદું નાખી નિરાંતે સૂઇ ગઇ.

બીજે દિવસે સવારે પેલો વાણીઓ પોતાનું પોટલું લેવા મોટી બેન પાસે આવ્યો, એટલે તે તો વિચારમાં પડી ગઇ કે આ શું ? આ તે કાંઇ ભૂત થઇને આવ્યો કે શું ! અંતે રૂપીઆનું પોટલું તેને વીલે મોઢે આપવું પડયું. મુસાફર તો તે લઇને રસ્તે પડયો. થોડા વખત પછી કુવામાં મડદું તરતું જોઇ લોકો ત્યાં ભેગા થયા. પેલી મોટી બેન પણ સૌના ભેગી ત્યાં જોવા ગઇ. લોકોએ પોલીસની મદદથી મડદું બહાર કાઢયું; તે જોઇને મોટી બેન તો હેબતજ ખાઇ ગઇ, કારણ કે તે તો પોતાના એકના એક કમાઉ ભાઇનું મડદું હતું. તે બહુ રોવા અને પીટવા લાગી, પણ હવે કરે શું ? આથી જીવતા સુધી તેણે ઘણું દુઃખ વેઠયું અને હંમેશા

પસ્તાવો કરી તે બોલતી કે " બોદે તે પડે. " માટે તમારે પણ આ વાત ઉપરથી એટલું શીખવાનું કે કોઇ દિવસ કોઇનું મનથી, વચનથી કે કર્મથી બુરૂં ન કરવું.

(બાળ સદ્‌બોધ.)

10-ઉદ્યોગ.

તમારૂં જીવતર તમને વહાલું હોય તો વખત ગુમાવશો નહિ, કેમકે જીવતરનું તત્ત્વ વખત છે. જરૂર છે તેના કરતાં કેટલું બધું તમે વધારે સૂઓ છો ! યાદ રાખો કે ઊંઘતી બિલાડીથી ઉંદર પકડાતો નથી. સઘળી વસ્તુઓમાં વખત અમૂલ્ય છે, માટે તેને ફોકટ ગુમાવવો એ મોટું ઉડાઉપણું છે. ગયેલો વખત પાછો આવતો નથી. આપણે કહીએ છીએ કે વખત પુષ્કળ છે, પણ એ ખોટું છે, તે ઝટ વારમાં ખૂટી જાય છે, માટે ઊઠો, જાગ્રત થાઓ, ને કામે વળગો. આળસ સઘળાં કામને અઘરાં કરે છે, પણ ઉદ્યોગ સર્વને સહેલાં કરે છે. જે વહાણેવાએ મોડો ઊઠે છે તેને પોતાનું કામ કરવામાં ઉતાવળ કરવી પડે છે, ને તેમ કરતાં પણ તે રાતે પૂરૂં થતું નથી. આળસ એટલું ધીમું હીંડે છે કે તેને દળદર ઝટ પકડી પાડે છે. ઉદ્યોગ ફતેહની ખોળાધરી છે. ધૈર્ય અને ખંત પર્વતોને હડાવે છે. ઉદ્યોગ બે પ્રકારના છે. એક મનવડે થાય છે અને બીજો શરીર વડે થાય છે.

" રાતે વે'લા જે સૂઇ, વે'લા ઊઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર. "

સારો વખત આવશે એવી ઇચ્છા રાખવી એટલે શું ? વખતને સારો નઠારો કરવો એ તો તમારાજ હાથમાં છે. ચાહો તો આજ વખતને સારો કરી શકો. ઉદ્યોગી ને સદ્‌ગુણી થાઓ એટલે વખત

સારો થશે. માણસને આશા ઉપર બેસી રહેવાની જરૂર નથી. જે આશા ઉપર બેસી રહે છે તે ભૂખે મરે છે. મહેનત વિના ફળ નથી. જેને રોજગાર છે તેને વતન છે, ને જેને ધંધો છે તેને ધન તથા આબરૂનો હક્ક છે; પણ તે ધંધા રોજગારપર લાગી મહેનત કરવી જોઇએ. મહેનત વિના કાંઈ વળે નહિ. જે ધંધો મળે તે કરવો, તેમાં લાજ નથી. જે ઉદ્યોગ કરે તે ભૂખે ન મરે. ઉદ્યોગીના ઘરભણી દળદર નજર કરે, પણ તેના ઘરમાં પેસવાની તેની છાતી ચાલે નહિ. ઉદ્યોગથી કરજ ફીટશે, પણ આળસથી તે વધશે. ઉદ્યોગથીજ સારૂં નસીબ થાય છે. ઇશ્વર ઉદ્યોગીને સૌ આપે છે. આજ છે ત્યાં લગી કામ કરો, કેમકે કાલે શી શી હરકત પડશે તેની તમને કે બીજા કોઇને ખબર નથી. માટે જે આજ કરી શકાય તે કાલ ઉપર રાખવું નહિ. જો તમે કોઇના ચાકર હો, ને તમારો ધણી તમને સોંપેલું કામ કરવામાં રઝળતા દેખે, તો તમે શરમાશો નહિ ? તમે તમારી પોતાની જાતના ધણી છો, માટે જ્યારે તમારા મનને તમે આળસુ જણાઓ ત્યારે શરમાઓ. તમારે પોતાને વાસ્તે, તમારા કુટુંબને વાસ્તે, અને તમારા દેશને વાસ્તે એટલું બધું કરવાનું છે કે આળસ કરવાનો તમને જરાએ વખત નથી. કરવાનું તો ઘણું છે ને તમે કદાચ નબળા હશો, પણ હર કોઇ કામ હંમેશા કર્યાં કરેથી પાર પડે છે. " ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય. "

(ગૂજરાતી સાતમી ચોપડી.)

Notes.

Q. V. (8) a mad-house=a lunatic asylum ગાંડા માણસોની ઇસ્પીતાલ; a mad house જે ઘરમાં બધા માણસો ગાંડા છે તે (12) ઘરડાં માણસો ડાહ્યા હોય છે; જેમ માણસો

ઉંમરમાં મોટા થતા જાય છે તેમ તેઓ વધારે ડાહ્યા થતા જાય છે. (Notice the construction,and 'the' used adverbially.)

Q. VI He was **passing** rich with forty pounds a year (passing=surpassingly=very) you must **needs** go (needs=necessarily.)

Passage 1 (page 86) સ્વદેશ હિતેચ્છુ patriotic (adj) ને ઉત્તેજન આપતા encouraged દેશમાં...માટે in order that learning might propagate in the country. કસબી કારીગરો artisans હિંમત આપતા and thus encouraged their trade વિદ્યા...કરતાં They made such arrangements as would tend to the improvements and developments in arts and sciences. તેઓને ...સોંપતા Public works were entrusted to them નવા શોધ કરવા to make researches કેળવાએલો educated, cultured મૂર્ખ...ન જોતો. He did not even deign to look at the faces of false flatterers and sycophants the courts of foolish kings abound with જુઠા...હતો That clever king knew full well how false praise (or flattery) ruined man.

2 તું કાલ કાલ કરે છે you are putting off till to-morrow પણ...ભરોંસો છે but who has trust in to-morrow ? આપણા...છે Death is hovering over our head વૃદ્ધજ...નથી It is not that only the old come into its clutches આપણને નહિ છોડે=આપણને

છોડી દેશે when we can say for certain that death will not harass us. લગ્નાદિ...નથી. There are auspicious junctures in marriages and other works, death has however no auspicious junctures. અજીત યમરાજ. the invincible God of Death આયુષ્ય...છે. even an insignificant moment in life is worth far more than millions of kingdoms like those you possess. પરમેશ્વર ન કરે God forefend ! આજે...થશે. you will repent for your foolishly spilling to-day the cup of nectar in the form of elysian bliss.

૩. જે...નથી The days that have gone have gone for good and there can absolutely be no trust in the days that are to come. તને ઘટે છે...કર it behoves you to utilize your present time without feeling sorry or anxious for the time you have wasted to no purpose and without much depending upon the days that are to come હવે પછી......નીકળશે. the time that is yet to come lies in the womb of futurity and you do not know what the womb of futurity contains જે કાંઇ...કર whatever you determine to do do it quickly સાંજ ઉપર ન રાખ do not put off till evening. આળસાઇ...પિતા છે Indolence is a parent of want and misery પ્રમાણિક...થાય છે honest exertions give

rise to happiness and prosperity તંગી want; poverty ઉદ્યોગી diligent; industrious જે પુરૂષ...તપાસ Just see how diligent and active the man is who acquires riches, rises to a high position etc. કટ્ટો શત્રુ an implacable foe; an inveterate enemy લેખવું to consider ઇધાણી a vestige અંધાપામાં આવી જાય છે gropes in darkness બદામનો માવો the pulp of the almond છોડાં outer coverings તેના ઘરમાં...છે Everywhere there is utter disorder and confusion in his house; everything is at sixes and sevens. ઉડાઉ અને મસ્તીખોર extravagant and mischievous ખરાબીનો પંજો the clutches of ruin મોટી મોટી ઉમેદો બાંધે છે cherishes high hopes; builds castles in the air. પણ તેનામાં...નથી but he has neither firmness nor tenacity of purpose.

4. Sacrificing one's self for the happiness of others. તે અર્જુનને...છેજ નહીં. He had so overweening an idea of himself that he thought there was no devotee of God like himself અહંકાર ઉતારવો to humble his pride પરોપકારી benevolent; munificent આ ગામમાં...છે My son has married in this city ઢોંગ કરવો ro pretend: to feign; to counterfeit કરવત વતી વહેરવું to saw.

5. A man is influenced by the company he

keeps. એક શુભ દિવસ નક્કી કર્યો fixed an auspicious day. ધજા પતાકા flags and ensigns તોરણો festoons ટાંગી દીધા were hung મોતીનો હાર a necklace of pearls (Notice the different meanings of માળા (1) a necklace as an ornament; (2) a garland of flowers; (3) a rosary of beads.) નખોદ વળી જશે you will be utterly ruined નું જોર વધશે will be all-in-all. તમને તે દબાવશે...પજવશે she will repress, harass, molest and pester you. (Mark the difference between (1) suppress (2) repress, (3) oppress.) મોસાળ the maternal uncle's house તમારા માટે...બળે છે I feel intensely for you બાજી બગાડવી to spoil the game બે વચન માગી લેવા to ask for two boons. લેણાં રાખવા to keep on credit સાથે accompanied by મન થવું to be inclined to વગર વિચારે thoughtlessly; recklessly.

6. એને મળતો similar to it મુળ અર્થ the radical meaning; the original meaning. જે કરજ...તે the debt we are all bound to pay. (આ પ્રમાણે **that** કે **which** understand રાખવો એ સારી રચના કહેવાય.) પહેરવાને વસ્ત્ર clothes to wear રહેવાને ઘર a house to dwell in ગુજરાન કરવું to maintain one's self; to get one's livelihood. જેમ મોટા...પડે છે As we grow up we need others' help. તેમ similarly જન સમૂહ society

જ્યારે માણુસો...લાગે છે Men better understand their respective duties when they realize that they need one another's help જેમં સુધારો...જાય છે As civilization advances our duties also multiply ફરજ આપણા...થાય છે duty commences with our birth, grows with our growth and it ceases when and only when we quit this transitory world. ઉછીનું આપવું to lend (ઉછીનું લેવું to borrow) રોજની જોઇતી વસ્તુઓ the necessaries of life પાળ્યો પોષ્યો brought me up હાળ રોટલીએ સુખી છું I earn a decent liveli hood એ સર્વ...છે. All these good things are due to them. All these good things I owe to them.

Page 97. Passage 7. **Generosity**. તુર્ક લોકો the Turks રાજ્યગાદીનું મુખ્ય શહેર the chief capital of their empire (Notice the different meanings of 'capital.' (1) adj. દેહાંત 'capital punishment;' (2) excellent, noble શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ; (3) capital letter મોટો અક્ષર; (4) noun. મુડી (5) મુખ્ય શહેર a metropolis.) વચ્ચે નિરંતર લડાઇ થતી હતી there were incessant wars between ગમે તે થાય whatever might happen, hap what hap, come what might. દૃઢ નિશ્ચય કર્યો હતો had firmly determined. તેમજ in the same way; on the other hand. કમર કસી હતી had girded up their loins એક ...પકડાયો In a bloody battle the Greek emperor

was defeated and arrested. તેની...બાંધીને his hands were shackled behind his back and he was brought before the Khalif; he was manacled and handcuffed etc. ભવ્ય કાન્તિ majestic mien; noble bearing; towering personality છક થઇ ગયો was struck with amazement at. કસી જોવાને in order. to sound કેદી...આપ્યો the prisoner-king nobly replied આપણે...થશે we shall make peace the terms of which will be of course to your advantage ગુલામ a serf; a slave. તું મને...કરશે you will put me to an ignoble death ખલીફના...થયા the heart of the Khalif was actuated by generous feelings ધારો a custom વિજયી રાજા the victor-king લોઢાનું પાંજરૂં an iron-cage ચૌટામાં in the market; in the heart of the city. આવતાં...કરતા the passers-by spat upon and insulted him તેનો શિરચ્છેદ કરવામાં આવતો he was beheaded.

P. 98 Pass. 8. માણસનો સંસાર human life કાંકરા pebbles તેમ...કરે છે so does man in childhood સંબંધ બાંધે છે form connections with જે વસ્તુઓ...પાડે છે furnishes men with the things that are requisite for their etc. ભરજુવાની the prime of youth; the flower of youth. અમર્યાદ સમુદ્ર the boundless ocean તેમ માણસ ...મળી જાય છે in the same way man also at last

ceases to be, and his finite life merges with the infinite time. નદીઓ...દોડે છે by seeing rivers man meditates upon his life.

P. 99. Pass. 9. As you sow, so shall you reap. ઇલાકો a presidency ઉઘરાણી કરવી to dun હજાર રૂપીઆનું જોખમ a bag of one thousand rupees. પોતાના...ગયો he went to the house of a Brahmin with whom he was acquainted તેણે...દીધો They willingly consented to the Bania's putting up at their house. ફળીયું the open courtyard ખાટલો a bedstead ની દાનત બગડી was induced to appropriate the sum to herself. તેણે...માગી she apprised her sister of her evil intention and asked for her help in that foul deed. આવું ઘાતકી કામ કરવા to perpetrate such an atrocious deed ચોકખી ના પાડી flatly refused ખૂબ ઠપકો આપ્યો severely upbraided. થાકયો પાકયો હતો was very much fatigued મડદું (માણસનું) a corpse; (જનાવરનું) a carcase એટલે તે તો...આવ્યો કે શું ! she was bewildered and thought if the ghost of that Bania had come to demand the bag of her વીલે મોઢે with a downcast look હેબતજ ખાઇ ગઇ was astounded પીટવા લાગી began to beat her breast. મનથી વચનથી કે કર્મથી by intent, word or deed.

Diligence.

(10) If your life is dear to you, never waste your time. Time is the chief element in life. How much more you are sleeping than is necessary for you! Bear in mind that deer never enter the mouth of a sleeing lion (lit. a sleeping cat never catches a rat). Of all things time is the most precious, therefore to waste it is the greatest extravagance. Time past never returns. We say that time is ample, but it is sheer nonsense (lit. wrong). It as exhausted in no time, therefore awake, arise, and be engaged in your work. All works are rendered difficult by indolence, whereas diligence makes them easy. He who gets up late in the morning has to make haste in order io complete his work and even by so doing he does not finish it at night. Indolence is so tardy that poverty seizes it at once. Diligence is the best guarantee of success. Patience and perseverance overcome mountains.

Industry is of two kinds, one is mental, the other physical.

" Early to bed and early to rise,
Makes a man healthy, wealthy and wise. "

What is the meaning of '-waiting for a good time that is coming?' It rests with you whether to make a good or bad use of time. If you like you can make the time good for you even to-day. Be diligent and virtuous and the time is all good for you. Man need not depend upon hope. He who depends upon hope starves. No pains no gains. He who transacts some business gets some remuneration, and a trader has a right to fortune and fame, but he should steadfastly persevere in the work he has undertaken. Nothing venture, nothing have. It is no disgrace to do any work. The industrious never starve. Poverty may stare at the house of the industrious but it will not dare to enter it. Debt will be removed by industry, but by indolence it will go on increasing. Fortune favours the industrious. God gives everything to the industrious. Therefore work till it is to-day, fcr no one knows what lies in the womb of futurity (lit. what difficulties will befall to-morrow). Therefore, the work that can to-day be wrought, defer not till to-morrow. Supposing you are a servant, will you not be ashamed if

your master sees you loitering and indifferent to your duty. You are your own master (you are the architect of your fortune), therefore when you are conscious of your being lazy feel shame. You have so much to do for your self, your family and your country that you have no time to spare for being lazy.

There are lots to do, and even if you be weak you are sure to succeed provided you work steadily at anything. "Drop by drop the tank is filled, stone by stone the dam is built" (Many littles make a mickle, Rome was not built in a day.)

Lesson XIII

How to translate from English into Gujarati.

૮૭. ૧૨ મા પાઠમાં ગુજરાતી ભાષામાંથી અંગ્રેજી ભાષામાં કેવી રીતે તરજુમો કરવો એ સંબંધી કહેવામાં આવ્યું છે, અને આ પાઠમાં એથી ઉલટું અંગ્રેજી ભાષામાંથી ગુજરતી ભાષામાં કેવી રીતે તરજુમો કરવા એ સંબંધી વિવેચન, ઉદાહરણો તથા અભ્યાસપાઠો છે.

૮૮. ભાષાંતર પાઠમાળાનો અર્થ અને ઉદ્દેશ શરૂઆતમાં આપ્યો છે. 'ભાષાંતર' શબ્દ ભાષા+અંતર નો બનેલો છે અને 'અંતર' એટલે અન્ય, બીજી; એટલે ભાષાંતર શબ્દનો અર્થ એક ભાષામાંથી બીજી ભાષામાં, ગુજરાતીમાંથી અંગ્રેજી વિગેરે: એજ પ્રમાણે 'દેશાન્તર,' 'ગ્રામાન્તર,' વિગેરે.

૮૯. દરેક દેશમાં મહાપુરૂષો, કવિઓ, વિચારકો અને તત્ત્વ વેત્તાઓ ઉત્પન્ન થાય છે. તે મહાપુરૂષો પોતાના વિચારો પોતાની ભાષામાં જણાવી પુસ્તકદ્વારા પ્રસિદ્ધ કરે છે. જર્મનીના પ્રસિદ્ધ કવિ ગીટે, ફ્રાન્સનો નવલકથાકાર હ્યુગો, ઇંગ્લાંડના નાટકકાર શેકસપીઅર કે કવિ ટેનીસન, રૂશીઆનો તત્વવેત્તા ટોલ્સ્ટોઇ કે અમેરીકાનો મહાન્ વિચારક એમર્સન કે થૅારો—આવા મહાપુરૂષોએ જે જે પુસ્તકો પોતાની માતૃભાષામાં રચ્યા છે તે પુસ્તકમાંહેના વિચારોનો અનુ- વાદ આપણી માતૃભાષામાં કરવો હોય ત્યારે જે નિયમો ગુજરાતી- માંથી અંગ્રેજી ભાષામાં તરજુમો કરતી વખતે ધ્યાનમાં લઇએ છીએ તે ખાસ લક્ષમાં લેવા.

૯૦. અંગ્રેજી ભાષામાં તરજુમો કરતી વખતે આપણે 'spelling,' 'construction' વિગેરે પર લક્ષ આપીએ છીએ, પરંતુ ગુજરાતી ભાષામાં તરજુમો કરતી વખતે તે પર કાંઇ ધ્યાન દેતાં નથી, જાણે કે જોડણી કે રચનાને આપણી ભાષામાં સ્થાનજ ન હોય કે તેનું અસ્તિત્વજ ન હોય.

૯૧. મ્હાવરાથી ભાષા સંસ્કારી બને છે, તેજ પ્રમાણે અંગ્રે- જીમાંથી ગુજરાતી ભાષામાં તરજુમો કરવાનો જેમ જેમ વિશેષ મ્હાવરો થતો જાય તેમ તેમ ભાષા વિશેષ શુદ્ધ અને સરળ થતી જાય. તરજુમો બરોબર બને તે માટે વિદ્યાર્થીને ગુજરાતી ભાષાના કેટલાક પુસ્તકો, જેવાં કે 'કરણઘેલો,' 'પઢીઆર'કૃત પુસ્તકો, 'વનરાજ ચાવડો,' 'મહાભારત,' 'રામાયણ' વિગેરે વાંચવાની ખાસ સૂચના કરવી જોઇએ. પાંચમા ધોરણના વિદ્યાર્થી માટે આવા પુસ્તકો ખરેખર ઉપયોગી છે. તે ઉપરાંત દરેક વિદ્યાર્થીએ આપણી ભાષામાં નીકળતાં

અઠવાડીક પત્રો પણ જરૂર વાંચવા જોઇએ. ગુજરાતી ભાષામાં નીકળતા 'નવજીવન' અને 'સૌરાષ્ટ્ર' જેવાં અઠવાડીક પત્રો, અને 'સમાલોચક' જેવા માસિકો ભાષાની દૃષ્ટિથી જોતાં દરેક વિદ્યાર્થીએ ભાષાસુધારણાર્થે અવશ્ય વાંચવા જોઇએ.

૯૨. લૉર્ડ મૅકોલે મિલ્ટનની કવિતા વિશે ટીકા કરતાં એક સ્થળે કહે છે કે મિલ્ટનની કવિતા રસિક અને બોધપ્રદ છે એટલુંજ નહીં પણ તે કવિતામાં શબ્દો પણ એવી સરસ અને સચોટ રીતે ગોઠવ્યા છે કે કોઇ પણ સ્થળેથી એક શબ્દ લઇ લેવામાં આવે અને તેને સ્થાને તેવાજ અર્થવાળો બીજો શબ્દ મુકવામાં આવે તો તે કવિતાનું સર્વ સૌન્દર્ય નષ્ટ થાય! રા. કાન્તે એકવાર પોતાના ભાષણમાં Cowper ની કવિતામાંથી 'My heart is sick, my ear is pained' વિગેરે લીટીઓનું ટાંચણ કરી અનુવાદ કર્યો:–'મ્હારૂં હૃદય બિમાર થયું છે; મ્હારી શ્રુતિ વ્યથિત થઇ છે.' કેવો સુંદર અનુવાદ! કહેવાનો આશય એ છે કે 'original'ની અંદરના ભાવો અને વિચારો અનુવાદમાં જરૂર ઉતરવા જોઇએ, અને તેજ પ્રમાણે original passage માં શબ્દલાલિત્ય, રસ, જે જે હોય તે સઘળું પણ અનુવાદમાં આવવું જોઇએ.

૯૩. વિદ્યાર્થીઓ 'હ્રસ્વ,' 'દીર્ઘ,' 'અનુસ્વાર' વિગેરેમાં બહુ ભૂલ કરે છે. કેટલાક તો 'તથા' ને બદલે 'ત્થા' લખે છે, જે વાંચીને કેવળ હસવુંજ આવ.

૯૪. અંગ્રેજ લોકો આપણા ઉપર રાજ કરે છે તેથી તેઓની સાથેનો સહવાસ અને તે ભાષાનો બ્હોળો પ્રચાર એને લઇને આપણી ભાષામાં કેટલાક અંગ્રેજી શબ્દો ઘુસી ગયા છે; એવા શબ્દોને ગુજરાતી ભાષામાં પણ સ્થાન મળ્યું હોઇને તેને બદલે

શુદ્ધ ગુજરાતી શબ્દ વાપરવા જઈએ તો શબ્દાડંબર અને ચાવળા પણું દેખાય; જેમકે 'ticket' ટીકીટ (મૂલ્યપત્રિકા) station સ્ટેશન (અગ્નિરથ વિરામસ્થાન) parcel, office, etc.

૯૫. ઉપર જણાવ્યા પ્રમાણે કેટલાક શબ્દોને ગુજરાતી ભાષામાં તરજુમો કરતી વખતે એમના એમ રાખવા, કારણ કે એ શબ્દો ગુજરાતી ભાષામાં પણ વપરાય છે; પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ ગુજરાતીમાં તરજુમો કરતી વખતે કેટલાક અંગ્રેજી શબ્દો પણ એમને એમ મુકે છે, જેથી અંગ્રેજી શબ્દોના synonym જાણવા જેટલા ઉપયોગી છે તેટલીજ ઉપયોગિતા તેના ગુજરાતી અર્થ જાણવાની છે.

Exercises.

Translate into Gujarati:—

1 Golden deeds, like gold itself, may be found anywhere,* in any country, race, or age; they belong to women as well as men, to little children as well as to their elders, to the bodily feeble and infirm as well as to the stalwart and strong.

Those who perform golden deeds are the world's heroes, that is to say they are those who, by their *self-sacrificing love*–be it for country, for home, for parent, for child, for faith, for friend, even for enemy–rise head and shoulders above the common ruck of men.

* સુવર્ણની માફક સુકૃત્યો પણ હરકોઈ સ્થળે જોવામાં આવે.

It takes a great heart to hold such a wide love as this, for it is a love that must (albeit unconsciously–the very essence of true sacrifice is the unconsciousness that anything is being sacrificed) forget self, and is capable of giving up all—family, friend, home, for the sake of one burning overmastering impulse to help others; it is a love that gives a man or even a child, the strength, the never–dying courage to achieve-what, to ordinary men, is impossible.

Golden Deeds, llke gold itself, may be found everywhere, but both abound where the conditions are most favourable to their development. The heroic deed often is the result of a sudden impulse, but the achievement is made possible by long-continued habits of self-control, discipline and unselfishness in the petty affairs of everyday life.

2 All these stories may not be true; but that they should have been current in the ancient world shows what was the character of the man of whom they were told, how stern and terrible was his anger, and how easily it was incurred. Amongst those who came under it was

a Pythagorean called Pythias, who was sentenced to death, according to the usual fate of those who fell under his suspicion.

3 Lion, pillars, and inscriptions have all long since passed away,* even the spot itself has changed; new soil has been formed, and there are miles of solid ground between Mount Œta and the gulf, so that the Hot Gates no longer exist. But more enduring than stone or brass—nay, than the very battle-field itself—has been the name of Leonidas. Two thousand three hundred years have sped since he braced himself to perish for his country's sake in that narrow, marshy coast road, under the brow of the wooded crags, with the sea by his side. Since that time how many hearts have glowed, how many arms have been nerved at the remembrance of the Pass of Thermopylæ and the defeat that was worth so much more than a victory!

4 "Twelve years ago, Miranda," continued Prospero, "I was duke of Milan, and you were a princess, and my only heir. I had a younger

* પાષાણના સિંહની આકૃતિ, કીર્તિસ્તંભ, અને શિલાલેખો—સઘળું કેટલાએ વખત થયા વિસ્મૃતિની ધૂલિમાં રગદોળાઇ ગયું છે.

brother, whose name was Antonio, to whom I trusted everything; and as I was fond of retirement and deep study I commonly left the management of my state affairs to your uncle, my false brother (for so indeed he proved). I, neglecting all worldly ends, buried among my books, did dedicate my whole time to the bettering of my mind. My brother Antonio being thus in possession of my power, began to think himself the duke indeed. The opportunity I gave him of making himself popular among my subjects, awakened in his bad nature a proud ambition to deprive me of my dukedom; this he soon effected with the aid of the king of Naples, a powerful prince, who was my enemy."*

* પ્રોસ્પેરોએ પોતાનું કથન ઝારૂં રાખતાં કહ્યું કે " બેટી મીરૅન્ડા, આજથી બાર વર્ષ પૂર્વે હું મીલન પ્રદેશનો મહારાજા હતો અને તું મારી કુંવરી અને એકના એક વારસ હતી. મારે એન્ટોનીઓ નામનો નાનો ભાઇ હતો, તેને હું સઘળું સોંપતો, અને હું એકાંત અને ગાઢ વિદ્યાભ્યાસનો શોખીન હોઇને મારા રાજ્યકારભારની લગામ સામાન્યત: તારા કાકાને સોંપતો, પણ તે મારો ખરેખર કૃતઘ્ન ભાઇ નીવડ્યો. દુન્યવી બાબતોથી ઉદાસીન અને પુસ્તકવાંચનમાં તલ્લીન રહીને હું મારા સઘળા સમયનો

5 Gertrude, queen of Denmark, becoming a widow by the sudden death of King Hamlet, in less than two months after his death married his brother Claudius, which was noted by all people at the time for a strange act of indiscretion, or unfeelingness, or worse: for this Claudius did no ways resemble her late husband in the qualities of his person or his mind, but was as contemptible in outward appearance, as he was base and unworthy of disposition; and* suspicions did not fail to arise in the minds of some, that he had privately made away with his

---

વ્યય જ્ઞાન વધારવામાં કરતો. આ પ્રમાણે મારા ભાઇ એન્ટોનીઓના હાથમાં મારી સત્તા આવવાથી તે પોતાની જાતને ખરેખર મહારાજાધિરાજ ગણવા લાગ્યો. અને મારી પ્રજામાં તે લોકપ્રિયતા મેળવી શકે એવી મેં એને જે તક આપી હતી તેનો લાભ લેઇ તેના દુષ્ટ હૃદયમાં મને રાજ્યાસનથી વંચિત કરવાની તીવ્રેચ્છા જાગ્રત્ થઇ. આ કારસ્થાન, મારા શત્રુ, નેપલ્સના સબળ નૃપતિની સહાયતાથી તેણે ત્વરિત રીતે પાર પાડયું."

* કેટલાકના મનમાં એવી શંકાઓ ઉપસ્થિત થઇ કે તેણે તેના ભાઇ—મરહુમ રાજા—નો ખાનગી રીતે વધ કર્યો હતો અને તે એવા હેતુથી કે પોતે મરહુમ રાજાનો પુત્ર હેમ્લેટ જે રાજગાદીનો કાયદેસર વારસ હતો તેના હક્કને બાતલ કરી રાજ્યાસન ભોગવે.

